# પ્રભાતનાં કિરણો



શ્રી ઍમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# પ્રકાશકીય

આજના યુગમાં ભૌતિક સુખનાં સાધનો વધ્યાં છે પણ એથી જેને સાચું સુખ કહી શકાય એવું સુખ પ્રાપ્ત થાય છે ખરૂં ? માનવીના જીવનમાં ડોકિયું કરીશું તો જણાયા વિના નહિ રહે કે નિરાશા, હતાશા, દુઃખ, ભય, ઈર્ષા વગેરેથી એ પીડાઇ રહ્યો છે. પરિણામે એના જીવનમાં એક પ્રકારનો અંધકાર છવાઈ ગયો છે. એ અંધકારને દૂર કરવા માટેનો રસ્તો મોટા ભાગના માનવીઓને જડતો નથી.

એ અંધકારને દૂર કરવા માટે એક ચિનગારીની જરૂર પડે છે. એ ચિનગારી પ્રેરક-ચિંતનશીલ સાહિત્યમાં પડેલી હોય છે. આવા સાહિત્યનું વાંચન માનવીમાં વ્યાપેલા અંધકારને દૂર કરવા માટે સક્ષમ નીવડે છે.

આવું વાચન બહેન જ્યોતિબહેન થાનકીના આ પુસ્તક 'પ્રભાતનાં કિરણો'માંથી આપણને મળી રહે છે.

આ પુસ્તક અમારા વાચકો માટે સુલભ કરી આપવા બદલ જ્યોતિબહેન થાનકીના અમે આભારી છીએ.

અમારા તરફથી શરૂ કરેલ જીવનલક્ષી શ્રેણીને મળેલા ઉષ્માભર્યા આવકારથી પ્રેરાઇને આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ આ પુસ્તકના પ્રકાશન આયોજન પાછળ લીધેલ શ્રમ બદલ અમારા સ્નેહીમિત્ર 'નવચેતન'ના તંત્રી શ્રી મુકુંદભાઇ શાહનો આભાર માનીએ છીએ.

આ પુસ્તક સંબંધી વાચક મિત્રોનાં રચનાત્મક સૂચનો આવકારીશું.


મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ
તા. ૧૩-૮-૧૯૯૫

૩-૪, વિઠ્ઠલભાઈ ભવન
સરદાર પટેલ કોલોની,
રેલ્વે ક્રોસીંગ પાસે,
અમદાવાદ - ૩૮૦૦૧૩.

# પ્રભાતનાં કિરણો

જ્યોતિ થાનકી

સ્નેહી શ્રી ...........................................................

જીવનને મધુર અને મંગલમય બનાવવાનું માર્ગદર્શન આપતું આ પુસ્તક આપનું સાથી બની રહે તેવી અંતરની શુભ કામનાઓ સહ ......

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**

૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન', સરદાર પટેલ કોલોની
રેલ્વે ક્રૉસિંગ પાસે, **અમદાવાદ ૩૮૦ ૦૧૩.**
ફોન નં. ૪૪૮૫૬૪-૭૪૫૪૩૧૦

શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું એકવીસમું પુસ્તક
પ્રભાતનાં કિરણો
* લેખિકા : જ્યોતિ થાનકી
© જ્યોતિ થાનકી
* પ્રથમ આવૃત્તિ : ઑગસ્ટ, ૧૯૯૫
* પ્રકાશક : શ્રી એમ.પી.પટેલ ફાઉન્ડેશન વતી મૂકેશ એમ.પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન', સરદાર પટેલ કોલોની
રેલ્વે ક્રૉસિંગ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

* મૂલ્ય : સદ્‌ભાવ-સુવાચન-સદ્‌ઉપયોગ
* પ્રકાશન આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. ૪૧૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. ૬૬૨૧૫૬૭
* આવરણ મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
ફોન નં. ૨૧૪૩૬૩૫
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં. ૪૯૫૩૯૫
* મુદ્રક : ઉદય ઑફસેટ, અમદાવાદ - ૩૮૦૦૦૪.
ફોન નં. ૩૩૨૯૬૭

# અર્પણ

જેમના સંપર્કથી મારા

અધ્યાત્મના સુષુપ્ત-સંસ્કારો જાગ્રત થયા

અને

જેમના સાંનિધ્યમાં

જનસેવા અને પ્રભુસેવાની

નવી ક્ષિતિજો ખૂલી તે

મારાં અધ્યાત્મ શિક્ષિકા

**બ્ર. કુ. ચંદ્રિકાબહેનને**

**મંગળભાઈ પુ. પટેલ**

આમ તો દરેક નવો દિવસ એ, ભગવાન !
તમે આપેલી તાજી ભેટ છે.
જાગૃત માણસ માટે દરેક દિવસ નવી શરૂઆત બની શકે
પણ ભગવાન, આજે મારો જન્મદિવસ છે
અને એટલે આજનો દિવસ
વિશેષ પ્રાર્થનાનો, વિશેષ જાગૃતિ, વિશેષ સંકલ્પનો દિવસ છે.

આજના દિવસે, ભગવાન ! હું
ધન, માન, કીર્તિ અને આરોગ્ય નથી માગતો
પણ આ બધું મને મળે
તો એનો ઉપયોગ હું સહુના કલ્યાણ અર્થે કરી શકું
એવો સર્વ પ્રત્યેનો મૈત્રીભાવ માગું છું.

આજના દિવસે, ભગવાન ! હું એમ નથી માંગતો કે
મારો રસ્તો સરળ બને, મારાં કાર્યો નિર્વિઘ્ને પાર પડે
પણ એમ બને, તો એ સફળતા મને કૃતજ્ઞ બનાવે
અને એમ ન બને, તો એ નિષ્ફળતા મને નમ્ર બનાવે
એ હું માગું છું.

લોકો કહે છે કે યૌવનનો કાળ ઉત્તમ કાળ છે
તરુણાઈ ને તરવરાટ જીવનને એક ઐશ્વર્ય આપે છે
પણ આ ઐશ્વર્ય, આ શક્તિ, આ મસ્તી ને અભિમાનમાં
મારો માર્ગ તમારાથી દૂર ન નીકળી જાય
એ હું માગું છું.

જીવનને સારી ને સાચી રીતે જીવવા માટેની સમજણ માગું છું.

અત્યારે તો બસ કમાવાનો, વધુ ને વધુ સંપત્તિ મેળવવાનો
જીવનની સ્પર્ધા ને હરણફાળમાં બીજાથી આગળ ને આગળ
નીકળી જવાનો અવસર છે;
અને પ્રાર્થના તો પછી ઘરડા થઈશું ત્યારે કરીશું
અત્યારે એ માટે કાંઈ સમય કે સગવડ નથી-
એવું હું માનવા ન લાગું એ હું આજે માગું છું
કારણ કે, પ્રાર્થના કરવી
તમારી નિકટ આવવું
એ કાંઈ પૈસાનો સવાલ નથી, એ તો હૃદયનો સવાલ છે.

જુવાન હોઈએ ત્યારે અમે એમ વર્તીએ છીએ
જાણે અમે ક્યારેય વૃદ્ધ થવાના નથી
પણ સૂર્યને ઢળતો અટકાવી શકાતો નથી
ફૂલને કરમાતું રોકી શકાતું નથી.

એટલે અમારી આ ખુમારી, આ થનગનાટ, આભવીંઝતી પાંખો
અમારી આ કરમાઈ જનારી વસ્તુઓ
સદાકાળ ટકી રહો એવી મારી માગણી નથી.
પણ એ બધું અસ્ત પામે ત્યારે
એથી અદકી સુંદર બાબતો-
પરિપક્વતા, સૌમ્યતા, માયાળુતા, બીજાને સમજવાની શક્તિ
મારામાં ઉદય પામે તેમ ઇચ્છું છું.

આ દુનિયામાં તમે મને જન્મ આપ્યો છે
તે માટે હું તમારો આભાર માનું છું.
હું એવું હૃદય માગું છું, જે આ દુનિયાને

તમારે માટે ચાહી શકે.
આ સૃષ્ટિ તમે આનંદ વડે આનંદ માટે સર્જી છે
એને હું મારા સ્વાર્થ અને બેકાળજીથી ક્ષતિ ન પહોંચાડું
મૂગાં પ્રાણીઓ અને મધુર વનસ્પતિ-સૃષ્ટિને ચાહું
હવા, પાણી અને ભૂમિને દૂષિત ન કરું.

દરેક દિવસે હું એક પગથિયું ઊંચો ચડું
દરેક પગલે હું થોડોક વધુ તમારી નિકટ આવું
રોજેરોજ, કોઈક સત્કર્મથી મારા હૃદયમાં રહેલા તમને વ્યક્ત કરું
દુનિયાને મારા થકી થોડી વધુ સુંદર બનાવું
દરેક વર્ષે આજનો દિવસ આવે ત્યારે
આગલા વર્ષ કરતાં મારું જીવન વધુ કૃતાર્થ બન્યું છે એમ કહી શકું
- એ હું માગું છું.
એક એક જન્મદિવસ આવે છે, એક એક વર્ષ જીવનમાં ઉમેરાય છે
એ મને યાદ આપે છે કે સમય કેટલી ઝડપથી વહી રહ્યો છે.
દરેક ક્ષણ મૂલ્યવાન છે, અંત ક્યારે આવશે તેની ખબર નથી
આવતી કાલે કદાચ હું ન પણ હોઉં
તેથી આજનો દિવસ હું સંપૂર્ણ રીતે જીવવાનો પ્રયત્ન કરું
દરેક દિવસે મારો નવો જન્મ જ થાય છે તેમ માનું
અને પ્રત્યેક દિવસે વિદાય લેવા
મારા જીવનની ચાદર ઊજળી રાખીને તમને ધરી દેવા તત્પર રહું
આજે, મારા જન્મદિવસે, ભગવાન !
એ હું તમારી પાસે માગું છું.

(જન્મદિવસે)
('પરમ સમીપે'માંથી)

રોજેરોજ હું પ્રાર્થના કરું છું -
હે ભગવાન,
જે કામ કરવાની મારી ઈચ્છા ન હોય, તે કામ
કરવા માટે મને ફરી શક્તિ આપો.

'શા માટે ?' - એમ પૂછયા વિના આજ્ઞાધીનપણે નમવાની,
સત્યને ચાહવા ને સ્વીકારવાની
અને જૂઠાણાને ધુત્કારી કાઢવાની
આ ટાઢીહિમ દુનિયા સામે
આંખમાં આંખ માંડીને જોવાની
સ્પર્ધામાં જેઓ મારાથી આગળ નીકળી જાય
તેમને માટે આનંદ મનાવવાની
મારો બોજો આનંદથી, ભય વિના ઉપાડવાની
અને જેમને મારી મદદની જરૂર હોય
તેમના ભણી હાથ લંબાવવાની,
હું શું છું - તેનું માપ
હું શું આપું છું તેના પરથી કાઢવાની

મને શક્તિ આપો, ભગવાન !
જેથી હું સાચી રીતે જીવી શકું.

- અજ્ઞાત
('પરમ સમીપે'માંથી)

તારાં ચરણકમળમાં આ મારી પ્રાર્થના છે :

પ્રત્યેક દિને, પ્રત્યેક ઘડીએ

તારા સ્વર્ગીય પ્રકાશનું શુદ્ધ કોમળ કિરણ મને બનાવ;

નિત્ય નૂતન, ઉજ્જ્વલ, પ્રકાશિત.

તારું કિરણ બનવા હું ઝંખું છું -

સત્ય અને પ્રેમનું કિરણ;

આંસુ અને અમંગલની આ દુનિયામાં

તારી શાતાનું કિરણ;

જેથી,

જેઓ દીનદલિત અને વિસ્મૃત છે

તેમની સાથે હું એકરૂપ બની શકું,

તારાં બાળકો જેવો બની શકું,

સાચો અને મુક્ત.

ટી. એલ. વાસવાણી

# પ્રસ્તાવના

પ્રભાતનાં કિરણો આપણને એ શુભ સંદેશ આપે છે કે રાત્રિનો અંધકાર ગમે તેટલો ગાઢ ભલે હોય, પણ સૂર્યકિરણોનો ઉદય થતાં જ એ અંધકાર પ્રકાશ બની જાય છે. ને સાથે સાથે અંધકાર સાથે જડાયેલાં સઘળાં પરિબળો - તમસ, આળસ, જડતા, નિદ્રા, શિથિલતા - વગેરે પણ વિલીન થઈ જાય છે. સમગ્ર સૃષ્ટિ ચેતનમય બની જાય છે. જેમ પ્રકૃતિમાં તેમ માનવજીવનમાં પણ અંધકારભરી રાત્રિઓ આવતી હોય છે, પણ એ રાત્રિની ભીતરમાં જ છુપાયેલાં હોય છે, અંધકારને ઓગાળનારાં પ્રકાશનાં કિરણો. એ છુપાયેલાં કિરણોને પ્રગટ કરવા જરૂર પડે છે, માત્ર એક ચિનગારીની. પછી એ ચિનગારી સંતની કૃપાદ્રષ્ટિ હોય, કોઈ શાસ્ત્ર -વચન હોય કે જીવનમાં બનેલી કોઈ ઘટના હોય. પણ એ ચિનગારી પડતાં જ અંધકારના પેટાળમાં ગુપ્ત રીતે રહેલો એ અગ્નિ પ્રજ્વલિત થઈ જાય છે ને પછી તો જીવનમાં છવાયેલો અંધકાર પ્રકાશમાં પરિવર્તિત થઈ જાય છે. ને તે સાથે જ નિરાશા, હતાશા, દુઃખ, ભય, ઈર્ષા - આ બધા અંધકારના સાગરિતો પણ અદ્રશ્ય થઈ જાય છે. ને જીવન બની જાય છે આંતર પ્રકાશનો અવિરત થતો આવિર્ભાવ, આનંદનો ક્ષણેક્ષણનો મહોત્સવ ને પ્રેમની અવિરત વહેતી શીતલ ધારા.

જીવન આવું મધુર અને મંગલમય બની રહે એ માટે આકાશવાણી પ્રત્યેક પ્રભાતે 'રત્નકણિકા' વિભાગ દ્વારા પ્રેરક વિચારો પ્રસારિત કરે છે. એ દ્વારા તેના અસંખ્ય શ્રોતાઓને પ્રભાતનું ચિંતન પાથેય આપે છે. આકાશવાણી રાજકોટે વિવિધ વિષયો પર ચિંતન પ્રગટ કરવાની મને તક આપી એ માટે આકાશવાણી રાજકોટ પ્રત્યે હું કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. રત્નકણિકાઓના આ સંચયમાંથી ચૂંટી કાઢેલી રત્નકણિકાઓને શ્રી

એમ. પી. પટેલ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત કરવાની ઇચ્છા આ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી મંગળભાઈ પટેલે દર્શાવી, તેથી આ રત્નકણિકાઓ "પ્રભાતનાં કિરણો" પુસ્તકરૂપે પ્રકાશિત થઈ શકી છે. આ ફાઉન્ડેશને પ્રેરક અને જીવનને સાચી દિશા બતાવે તેવાં અનેક પુસ્તકો પ્રકાશિત કર્યાં છે અને અભીપ્સુઓમાં વિના મૂલ્યે તેનું વિતરણ કર્યું છે. ફાઉન્ડેશનની આવી સ્તુત્ય અને માનવજીવનને ઊર્ધ્વગામી બનાવે તેવી યોજનામાં, આ રીતે યત્કિંચિત સહયોગ આપવાની શ્રી મંગળભાઈ પટેલે મને જે તક આપી એ માટે હું એમનો હાર્દિક આભાર માનું છું.

માનવજીવનમાં આવતાં અંધકારનાં પરિબળોને પ્રભુના પ્રકાશમાં પરિવર્તિત કરનાર અને પ્રત્યેકના જીવનમાં નવું પ્રભાત પ્રગટાવનાર આ "પ્રભાતનાં કિરણો" બની રહે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના સાથે -

૭, સ્ટાફ ક્વાર્ટર્સ,<br>ગુરુકુળ. બોખીરા<br>પોરબંદર - ૩૬૦ ૫૭૫

જ્યોતિ થાનકી<br>૧-૫-૯૫

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | આધ્યાત્મિક જીવન | ૫ |
| ૨. | અભીપ્સા | ૮ |
| ૩. | સમર્પણ | ૧૧ |
| ૪. | મૌનનો મહિમા | ૧૬ |
| ૫. | સત્સંગ | ૨૦ |
| ૬. | પ્રભુનું કરણ બનીએ | ૨૩ |
| ૭. | સંભાવના નૂતન યુગની | ૨૬ |
| ૮. | લોભ પાપનું મૂળ | ૩૦ |
| ૯. | સાચું સુખ - મનની શાંતિ | ૩૩ |
| ૧૦. | યુગસંક્રાન્તિ | ૩૬ |
| ૧૧. | શ્રદ્ધા | ૩૯ |
| ૧૨. | પ્રાર્થના | ૪૩ |
| ૧૩. | પ્રભુકૃપા | ૪૭ |
| ૧૪. | પરમપદની પ્રાપ્તિ | ૫૨ |
| ૧૫. | ઇન્ટરકોમ | ૫૫ |
| ૧૬. | ટ્રાફિક સિગ્નલ | ૫૮ |
| ૧૭. | અનાસક્ત | ૬૧ |
| ૧૮. | ગુપ્ત ગંગા | ૬૬ |
| ૧૯. | આંતરચેતના | ૬૯ |
| ૨૦. | શોધ | ૭૩ |
| ૨૧. | ચૈત્યપુરુષ | ૭૬ |
| ૨૨. | શ્રી અરવિંદનો પૂર્ણયોગ | ૭૯ |

| | | |
|---|---|---|
| ૨૩. | પ્રકૃતિ પર વિજય | ૮૫ |
| ૨૪. | મર્યાદા | ૮૯ |
| ૨૫. | સ્વધર્મ | ૯૨ |
| ૨૬. | શ્રમ એવ જયતે | ૯૬ |
| ૨૭. | યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે | ૯૯ |
| ૨૮. | મા | ૧૦૨ |
| ૨૯. | મનની માયાજાળ | ૧૦૫ |
| ૩૦. | સજ્જતા | ૧૦૯ |
| ૩૧. | અમલ | ૧૧૨ |
| ૩૨. | અનુશાસન | ૧૧૫ |
| ૩૩. | અનુકૂળતા - પ્રતિકૂળતા | ૧૧૯ |
| ૩૪. | શક્તિસંચાર | ૧૨૧ |
| ૩૫. | અભય વર માં દે | ૧૨૩ |
| ૩૬. | લક્ષ્મીપૂજા | ૧૨૬ |
| ૩૭. | મહાકાલી | ૧૨૯ |
| ૩૮. | પ્રેમલક્ષણા ભક્તિ | ૧૩૩ |
| ૩૯. | મુક્તિ | ૧૩૬ |
| ૪૦. | ત્રિગુણ | ૧૩૯ |
| ૪૧. | સત્ય | ૧૪૧ |

# ૧. આધ્યાત્મિક જીવન

આધ્યાત્મિક જીવન એટલે પ્રભુને માટે જીવાતું જીવન. પ્રભુની સાથે જીવાતું જીવન. પ્રભુમાં જીવાતું જીવન. આથી આ જીવન પ્રભુના પ્રેમ, પ્રકાશ અને આનંદથી પરિપૂર્ણ હોય છે. આ જીવનના કેન્દ્રબિંદુમાં પ્રભુ છે અને જીવનનાં સર્વ કાર્યો આ કેન્દ્રબિંદુમાંથી જ થતાં હોય છે. આથી કાર્યોનો સહજ આનંદ આવા જીવનને ગતિ આપે છે, શક્તિ આપે છે અને સ્થિતિ આપે છે. પરંતુ મોટે ભાગે માનવીનાં કાર્યો અહંકારમાંથી થતાં હોય છે. અહંકાર કામનાઓ, આવેગોથી પ્રેરાય છે. આથી આવાં કાર્યો જીવનને પરિપૂર્ણતાની દિશામાં લઈ જઈ શકતાં નથી.

આજે મનુષ્યનું કેન્દ્રબિંદુ પ્રભુ નહીં પણ અહંકાર છે, તેથી માણસના જીવનમાં સંતોષ નથી, શાંતિ નથી, સાચો આનંદ નથી. નિ:સ્વાર્થ પ્રેમ નથી, ત્યાગ અને સમપર્ણ નથી. સાચી શ્રદ્ધા અને ભક્તિ નથી. પણ દંભ, છલના, સ્વાર્થ, ઈર્ષા, દ્વેષ, કામનાઓ, ભૂખ, લાલસા, વેરઝેર કે જે બધાં ક્ષુદ્ર અહંકાર સાથે સંકળાયેલાં છે, તે બધાંની માનવજીવન ઉપર પકડ છે, અને એટલે જ મનુષ્ય ભીંસાઈ રહ્યો છે. કચડાઈ રહ્યો છે. પોતાની સાચી જાતથી વેગળો બની રહ્યો છે. પરંતુ ખરેખર મનુષ્યનું સાચું જીવન આવું નથી. કેમ કે અહંકારના પરદાને દૂર કરતાં પ્રભુ પોતે જ માનવની અંદર રહેલો છે, તે અનુભવાય છે. તે પોતે જ જીવનનું સઘળું સંચાલન કરવા તત્પર છે. પણ તેને સાચા ભાવથી જીવનનું સુકાન સંભાળી લેવા આમંત્રણ આપવું જોઈએ. તેને પોકારવા જોઈએ. એક વાર પણ, ક્ષણ માટે પણ જો અંતરમાં એની હાજરીનો અનુભવ થાય છે, તો પછી સમગ્ર જીવનમાં એ મધુર દિવ્ય

હાજરીનો વધુ ને વધુ સઘન અનુભવ થાય તેવી ઝંખના જાગી ઊઠે છે અને એ જ તો છે સાચા જીવનનો પ્રારંભ.

મનુષ્યનું સાચું જીવન એ જ છે કે જેમાં પ્રભુની હાજરીનો સભાનપણે સતત અનુભવ થતો હોય. એ જ આધ્યાત્મિક જીવન છે. આધ્યાત્મિક જીવન એટલે શુષ્ક, કઠોર, કષ્ટપૂર્ણ, વૈરાગીનું ઉદાસીન જીવન નહીં. એ જીવન જીવવા માટે હિમાલયમાં જવાની, સઘળાનો ત્યાગ કરી, સતત સમાધિમાં રહેવાની જરૂર નથી. આધ્યાત્મિક જીવન જીવવા માટે એવું કોઈ અલગ સ્થળ નથી કે એવા કોઈ નિશ્ચિત નિયમો નથી. તે માટે તો દરેક વ્યક્તિ પોતાના અંતરમાં રહેલા પ્રભુ પ્રત્યે જાગૃત બને, એ માટે જે આંતરશિસ્ત જરૂરી જણાય તેનું સ્વેચ્છાએ પાલન કરી પ્રભુની ચેતના સાથે તાદાત્મ્ય સાધે, આ જ છે આધ્યાત્મિક જીવનનો નિયમ અને પદ્ધતિ.

આવું પ્રભુની ચેતનામાં જીવાતું જીવન તો સર્વત્ર અને સર્વ સંજોગોમાં જીવી શકાય છે. કેમ કે પરમાત્માની ચેતના તો સર્વત્ર છે. આપણી અંદર અને બહાર. આવા જીવન માટે આપણે કર્મોનો ત્યાગ પણ કરવાનો નથી. આપણે જીવનનાં બધાં જ કાર્યો કરવાનાં છે. પણ અત્યારે આપણે અહંકારથી પ્રેરાઈને કાર્યો કરીએ છીએ. આપણી લાગણીઓ, ઈચ્છાઓ, કામનાઓની તૃપ્તિ માટે કાર્ય કરીએ છીએ, પણ સાચા જીવનમાં એ કાર્યો પ્રભુને માટે કરવાનાં હોય છે. જ્યાં સુધી આપણે ભગવાનની ચેતના સાથે તદ્રુપ ન બનીએ ત્યાં સુધી પ્રભુને અર્પણરૂપ કાર્યો કરવાનાં. જો આટલું પ્રારંભમાં કરવામાં આવે તો આધ્યાત્મિક જીવનના પ્રવેશનું દ્વાર ખુલી જાય છે. એમાં આપણા પોતા માટે નહીં, અન્ય માટે પણ નહીં, પણ કેવળ પરમાત્મા માટે જ જીવન જીવવાનું. એ જ જીવનમાં છે સાચી શાંતિ ને નિર્ભેળ આનંદ.

પરંતુ આધ્યાત્મિક જીવનની બક્ષિસ પ્રભુ સર્વને કંઈ એમ ને એમ આપી દેતા નથી. અંતઃસ્થ પ્રભુ કંઈ એમ ને એમ જ પોતાના ઉપર રાખેલો પરદો ઉઠાવી દેતા નથી. એ માટે તો મનુષ્યે તીવ્રપણે પ્રભુને પ્રાર્થના કરવી પડે. જીવનનું સુકાન પ્રભુ સંભાળે એ માટે અગ્નિશિખા જેવી સતત જલતી અભીપ્સા અંતરમાં જાગવી જોઈએ. એ સાથે સાથે પ્રભુથી દૂર લઈ જાય તેવી સઘળી વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ ને પ્રભુમાં સંપૂર્ણ શરણાગતિ હોય તો પ્રભુ પોતે જ અંતરમાં પ્રગટ થઈ સાચું જીવન જીવતાં શીખવાડે છે. અને ત્યારે મનુષ્યની દ્રષ્ટિ બદલાઈ જાય છે ને તેથી સૃષ્ટિ પણ બદલાઈ જાય છે. એ જીવનમાં પ્રભુનો પ્રકાશ, પ્રભુનો પ્રેમ અને પ્રભુનો આનંદ વ્યાપી રહે છે. આવી દિવ્ય ચેતનામાં જીવન ધારણ કરતાં મનુષ્યના સંપર્કમાં આવનાર અન્ય મનુષ્યો પણ એ ચેતના પ્રત્યે જાગૃત બની શકે છે.

આ આધ્યાત્મિક જીવનનો માર્ગ જેટલો સરળ છે, એટલો કઠિન પણ છે. ઐહિક જીવનની સઘળી ભૌતિક સંપત્તિ તો પ્રયત્નથી પ્રાપ્ત થઈ શકે છે, જ્યારે આધ્યાત્મિક જીવન માટે સજાગ પ્રયત્નની સાથે સાથે પ્રભુની કૃપા ને કરુણા પણ હોવાં જોઈએ. પ્રભુકૃપાને પાત્ર બનવા માટેનો સરળ ઉપાય છે - સાચા દિલની પ્રાર્થના. આવી ઉત્કટ પ્રાર્થના જ પ્રભુકૃપાને જીવનમાં ઉતારી લાવે છે. પ્રભુકૃપાથી જ અહંકાર દૂર થતાં સાચા આધ્યાત્મિક જીવનની પ્રાપ્તિ થાય છે.

* * * * *

જ્ઞાની પુરુષ વસ્ત્ર, પાત્ર વગેરે બધી જાતની સામગ્રી સ્વીકારવી કે સાચવવી, તેનું મહત્ત્વ નથી માનતા, વધુ શું ? તેમને તો શરીર પ્રત્યે પણ મમત્વ નથી હોતું.

**- ભગવાન મહાવીર**

## ૨. અભીપ્સા

માનવનો આત્મા જ્યારે પરમાત્માને મળવા પોકાર પાડે છે, ત્યારે અભીપ્સાનો જન્મ થાય છે. આત્માનો ઉત્કટ તલસાટ એટલે અભીપ્સા. પ્રભુને પ્રાપ્ત કરવા માટે રોમરોમમાંથી જાગતી ઝંખના એટલે અભીપ્સા. હૃદયમાંથી જાગતી અને સીધી પરમાત્મા પ્રત્યે પહોંચતી અગ્નિશિખા એટલે અભીપ્સા. અભીપ્સા એટલે માનસિક ઇચ્છા નહીં. ઇચ્છા પછી ભલે તે પ્રભુને પ્રાપ્ત કરવા માટેની કેમ ન હોય, પણ એવું મનમાંથી ઉદ્ભવે છે. આથી તેમાં કામનાઓ છુપાયેલી હોય છે, જ્યારે અભીપ્સાનું જન્મસ્થાન તો હૃદય છે. જ્યાં માનવ - આત્માનું સિંહાસન રહેલું છે અને હૃદયમાંથી જે પ્રગટે છે, તેમાં કામનાઓ ભળેલી હોતી નથી. તે પ્રભુ પ્રત્યે પૂર્ણ સમર્પણનો ભાવ લઈને જન્મે છે.

આ અભીપ્સા શબ્દરૂપે પ્રાર્થના તરીકે પણ હૃદયમાંથી આપોઆપ સ્ફૂરે છે. એથી જ એમાં આવતા શબ્દો સહજપણે જ પ્રગટતા હોય છે. આવા શબ્દો જ મંત્રરૂપ બની રહે છે. પરમ સત્યને પામવા માટેની અભીપ્સા વૈદિક ઋષિઓના હૃદયમાંથી આવા મંત્રોરૂપે જ પ્રગટી હતી, જે આજે પણ વેદની ઋચાઓના સ્વરૂપમાં સનાતન સત્યની પ્રાપ્તિ માટે ઝંખતાં હૃદયોને અભીપ્સાનો માર્ગ બતાવે છે. અંતરમાંથી ઊઠતી એ સ્વયંભૂ વાણી અશબ્દ બની અગ્નિશિખાના રૂપે પણ પરમાત્મા સુધી પહોંચે છે અને એ પ્રભુ પાસેથી તેની કૃપા ને કરુણાને માનવહૃદયમાં ઉતારી લાવે છે.

આવી અભીપ્સા જાગી હતી મગરની ચૂડમાં ફસાયેલા ગજેન્દ્રના હૃદયમાં. તે સમયે તેના હૃદયમાંથી આર્ત પોકાર રૂપે સ્ફૂરેલી સ્તુતિ પરમાત્મા સુધી પહોંચી અને તેને મુક્તિ મળી. આવો જ પોકાર કર્યો

હતો ભરી સભામાં દ્રૌપદીએ વસ્ત્રાહરણ સમયે. દ્રૌપદીના અંતરમાંથી ઊઠેલું આક્રંદ શ્રીકૃષ્ણના હૃદય સુધી પહોંચ્યું ને ભગવાને તેની લાજ રાખી. બાળક ઉપમન્યુની આર્ત પ્રાર્થનાએ જ ભગવાન શંકરને પ્રગટ થવું પડ્યું. માનવ - આત્માના સાચા પોકારે પ્રભુ સ્વયં આવીને સહાય કરે છે, તેનાં અસંખ્ય ઉદાહરણો પ્રભુના ભક્તોના જીવનમાં જોવા મળે જ છે.

સામાન્ય રીતે શબ્દોથી જે નિત્ય પાઠપૂજા કરવામાં આવે છે, તે અભીપ્સા નથી. અભીપ્સામાં અંતરમાં પ્રભુ માટે તલસાટ જાગે છે. સમગ્ર અસ્તિત્વ કેવળ પ્રભુની જ ઝંખના કરે છે, અને ત્યારે માનવના અંતરમાંથી એક જ્યોત પ્રગટે છે, અને એ જ્યોત એ જ અભીપ્સા છે. આવી અભીપ્સા હોય તો જ પરમાત્માની પ્રાપ્તિ જલદી થાય છે. પ્રભુના પંથે જતાં મુશ્કેલીઓ, અવરોધો તો આવવાનાં જ. એમ કંઈ સહેલાઈથી પ્રભુ મળતા નથી, પણ જો અભીપ્સા સાચી અને તીવ્ર હોય તો જ્યાં સુધી પ્રભુ મળે નહીં ત્યાં સુધી એ કશાય અવરોધોને લક્ષમાં લેતી જ નથી. અને તેની જ્યોત વધુ ને વધુ પ્રજ્વલતી રહે છે. પછી પરમાત્માની પ્રાપ્તિ થતાં એ અભીપ્સાની જ્યોત એમાં વિલીન થઈ જાય છે.

પ્રભુએ સર્વના હૃદયમાં એ અભીપ્સા મૂકેલી જ છે. કેમ કે પરમાત્માને તો માનવને પોતાના જેવો પૂર્ણ બનાવવો છે. મનુષ્યનું સાચું સ્વરૂપ એ પ્રભુનું રૂપ જ છે. મનુષ્ય પોતાના એ સાચા સ્વરૂપ પ્રત્યે જાગૃત થાય એ માટેનું પ્રથમ પગથિયું અભીપ્સા છે. આથી દરેક મનુષ્યમાં પ્રભુ જેમ અંતઃ નિહિત છે, તેમ પ્રભુને પ્રાપ્ત કરવાની ઝંખના પણ અંતઃનિહિત છે. પણ તે કોઈમાં તીવ્ર હોય છે, તો કોઈમાં મંદ હોય છે, તો કોઈમાં અસંખ્ય આવરણોથી આવૃત્ત હોય છે. કોઈક ક્ષણે માનવના હૃદયમાં ઓચિંતી જ આ અભીપ્સા જાગી ઊઠે છે, તો ક્યારેક

કોઈના સહેજ માત્ર સૂચનથી પણ આ અભીપ્સા જાગી ઊઠતી હોય છે. એક વાર અંતરમાં આ જ્યોત પ્રગટી એટલે પછી તે ક્યારેય બુઝાતી નથી પણ તે વધુ ને વધુ તીવ્ર બનતી રહે છે. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે, ''જ્યારે બધું જ ઓચિંતું અંધકારમય બની જાય છે, ત્યારે પણ જ્વાળા ને પ્રકાશ તો હંમેશાં હોય છે જ.'' આ જ્વાળા તે અભીપ્સાની જ્વાળા છે. તે ગમે તેવા અંધકારને પણ હટાવી શકે છે અને અજ્ઞાનનાં આવરણોને પણ દૂર કરી શકે છે. તેઓ કહે છે : ''એ જ્યોતિ આપણને પ્રકાશ આપે છે, પણ ક્યારેય દઝાડતી નથી. એના પ્રકાશમાં શક્તિ છે, ઉષ્મા છે, પણ દાહકતા નથી. આપણા અંતરના ઊંડાણમાં જલી રહેલી એ નાની શી જ્યોતને આપણે પ્રચંડ અગ્નિશિખામાં પલટાવી શકીએ છીએ.'' આ અગ્નિશિખા જ પ્રભુની શક્તિને આપણાં કરણોમાં ઉતારી લાવીને આપણા જીવનને દિવ્ય બનાવે છે. પ્રભુમય બનાવે છે.

* * * * *

દુનિયાની વિરુદ્ધ ઊભા રહેવાની શક્તિ મેળવવા માટે મગરૂર અથવા તુચ્છ બનવાની જરૂર નથી. ઈસા દુનિયાની વિરુદ્ધ ઊભો રહ્યો, બુદ્ધ પોતાના જમાનાની વિરુદ્ધ ગયો. પ્રહ્લાદે પણ તેમ જ કર્યું. તે બધા નમ્રતાની મૂર્તિ હતા. એકલા ઊભા રહેવાની શક્તિ વિના અસંભવ.

**- મહાત્મા ગાંધી**

## ૩. સમર્પણ

સમર્પણ એટલે ભગવાનનાં ચરણોમાં પોતાની સમગ્ર જાતને મૂકી દેવી અને પૂર્ણપણે ભગવાનના બની જવું. સમર્પણ એટલે પોતાની સમગ્ર ચેતનાનું, પોતાના અસ્તિત્વના અણુએ અણુનું ભગવાનનાં ચરણોમાં અર્પણ. આવું સમર્પણ કર્યા પછી માનવના જીવનમાં પોતાનું કહી શકાય તેવું કશું જ રહેતું નથી. તેના માટે પછી નથી રહેતો ભૂતકાળ કે નથી રહેતું ભવિષ્ય. તેના માટે નથી રહેતું પાપ કે નથી રહેતું પુણ્ય, ને નથી રહેતું સારું કે ખરાબ. બધું જ પ્રભુનું અને પ્રભુમય બની રહે છે. પ્રભુનો આદેશ એ જ સમર્પણ કરનારનું જીવનકાર્ય બની રહે છે. સાચા સમર્પણ વિષે શ્રીમાતાજી કહે છે કે, ''સમર્પણ એટલે પોતાનામાં રહેલી દરેક વસ્તુનું પ્રભુને નિવેદન કરવું. પોતે જે કંઈ છે, તેનું અર્પણ કરવું, નહીં કે પોતાનાં વિચારો, કામનાઓ અને ટેવોને વળગી રહેવું , પરંતુ તે બધી જ બાબતોમાં જ્ઞાન દ્વારા, સંકલ્પ દ્વારા, કાર્ય દ્વારા દિવ્ય સત્યનું સ્થાપન કરવું.''

ભગવાનને સમર્પણ કર્યા પછી વ્યક્તિ સંપૂર્ણપણે બદલાઈ જાય છે. કેમ કે એ પછી વ્યક્તિનાં સઘળાં કાર્યો પ્રભુપ્રેરિત અને પ્રભુને માટે જ થતાં હોય છે. તેમાં ભગવાનની શક્તિ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરી દેવાની હોય છે. ભાગવત્ ચેતનાના એ પ્રકાશમાં પોતાની અંદર થઈ રહેલી નાનામાં નાની હિલચાલને, ટેવોને, વૃત્તિઓને, પ્રવૃત્તિઓને એ દિવ્ય શક્તિને ધરી દેવાની હોય છે. આ અર્પણમાં અનેરો આનંદ હોય છે. એમાં કંઈ ફરજિયાતપણું હોતું નથી. આથી સમર્પણ એ બલિદાન નથી. કેમ કે બલિદાનમાં તો ત્યાગની ભાવના હોય છે. ફરજિયાતપણું ને દુઃખ ભળેલાં હોય છે, જ્યારે સમર્પણમાં તો બધું જ

પ્રભુને અર્પણ કરી દીધાનો અપૂર્વ આનંદ હોય છે. ગોકુળની ગોપીઓનું શ્રીકૃષ્ણ પ્રત્યે આવું સમર્પણ હતું અને તેથી જ તો તેઓ જન્મોની તપસ્યાથી પણ જે ન મળી શકે એવા પ્રભુના પ્રેમને પ્રાપ્ત કરી શકી. અર્જુને પણ જ્યારે "શિષ્યસ્નેહ શાધિ માં ત્વાં પ્રપન્નમ્" કહીને શ્રીકૃષ્ણનાં ચરણોમાં સંપૂર્ણ આત્મસમર્પણ કર્યું, ત્યારે જ તે ભગવાનના દિવ્ય જ્ઞાનનો અધિકારી બન્યો. રાજરાણી મીરાંએ રાજપાટ ને સઘળી ભૌતિક સંપત્તિને ત્યજીને 'મેરે તો ગિરધર ગોપાલ દુસરો ન કોઈ'- કહી શ્રીકૃષ્ણના ચરણે પોતાનું સંપૂર્ણ સમર્પણ કર્યું તો ભગવાને તેને પોતાના દિવ્ય પ્રેમમાં નિમગ્ન કરી દીધી. જેમણે જેમણે ભગવાનનાં ચરણોમાં સમર્પણ કર્યું છે, તેમને ભગવાને પણ પોતાની શક્તિઓથી આલોકિત કર્યા છે. પછી તે સુરદાસ હોય કે તુલસીદાસ હોય, તુકારામ હોય કે ચમાર રઈદાસ હોય. ભગવાનને સમર્પણ કરનારનાં જીવન પછી સામાન્ય મનુષ્ય જેવાં રહી શકતાં જ નથી. કેમ કે અનંત પરમ ચૈતન્ય સાથે એનું જોડાણ થઈ જાય છે અને પછી એના જીવનનો સુકાની પ્રભુ પોતે જ બની રહે છે.

પરંતુ સંપૂર્ણ સમર્પણ ચમત્કારિક રીતે કંઈ ક્ષણમાત્રમાં થઈ જતું નથી. આપણી પ્રકૃતિમાં કેટલાય અંધકાર ભરેલા ભાગો એવા હોય છે કે જેઓ સહેલાઈથી સમર્પિત થતા નથી. અહંકારની મજબૂત પકડ જ્યાં સુધી હોય છે, ત્યાં સુધી સાચું સમર્પણ થઈ શકતું નથી. મન, પ્રાણ અને શરીરની યાંત્રિક ટેવો અને ઘરેડોમાંથી સહેલાઈથી છૂટી શકાતું નથી. આથી આપણે મનથી વિચાર કર્યો કે ભગવાનને સમર્પણ કરી દીધું એટલે કંઈ સમર્પણ થઈ જતું નથી. એ માટે તો સજાગપણે ખંતપૂર્વક ભગવાનના ચરણે આત્મનિવેદન કર્યા જ કરવું પડે છે. પછી જ્યારે આપણો અંતરાત્મા જાગે ત્યારે જ સાચું સમર્પણ શક્ય બને છે.

સાચું સમર્પણ કેવું હોવું જોઈએ એ માટે શ્રીઅરવિંદ કહે છે : "સમર્પણ ચેતનવંતા માનવનું સમર્પણ હોવું જોઈએ. જડ પૂતળાનું કે યાંત્રિક હથિયારનું નહીં. ઘણી વાર તમોગુણી જડતાભરી નિષ્ક્રિયતા અને સાચા સમર્પણને એક માની લેવામાં આવે છે." મનુષ્ય જો એમ ને એમ બેસી રહે અને કહે કે મેં તો ભગવાનને સમર્પણ કરી દીધું છે, હવે ભગવાનને જે કરવું હોય તે કરે. હું કશું જ નહીં કરું, તો આ સમર્પણ સાચું સમર્પણ નથી પણ જડતાભરી નિષ્ક્રિયતા જ છે. એને એક પ્રકારની આત્મવંચના જ ગણાવી શકાય. સાચા સમર્પણ માટે શ્રીઅરવિંદ ત્રણ પ્રકારની બાબતોને આવશ્યક ગણાવે છે. એક તો સત્ય અને જ્ઞાનને ઝંખતા સાધકની અભીપ્સા, બીજું, અસત્યની સામે ઝઝૂમનાર યોદ્ધાની વીરતા અને ત્રીજું, પ્રભુના વફાદાર સેવકની આજ્ઞાપાલકતા. આ ત્રણ બાબતો સાથે માણસ પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પે એ જ સાચું સમર્પણ છે. અને આવું સમર્પણ કરનારને માટે પ્રભુ પોતે પણ પોતાની જાત તેને અર્પી દે છે!

શ્રીરામકૃષ્ણ પરમહંસે સમર્પણનું ઉદાહરણ આપતાં બિલાડીના અને વાંદરાના બચ્ચાની વાત કરી છે. વાંદરીનું બચ્ચું પોતે માનો હાથ પકડે છે. બચ્ચું હાથ પકડી રાખતું હોવાથી તે પકડ છૂટી જવાની શક્યતા રહે છે. જ્યારે બિલાડીનું બચ્ચું મા ઉપર જ બધું છોડી દે છે. એટલે તેને મા જ મોઢામાં પકડીને હેરવેફેરવે છે. માની પકડ મજબૂત હોવાથી તે છૂટી જવાનો ભય રહેતો નથી. આ બિલાડીના બચ્ચાની જેમ સંપૂર્ણપણે ભગવાન ઉપર નિર્ભર રહેવામાં આવે તો પછી મનુષ્યને કોઈ જ પ્રકારનો ભય રહેતો નથી. આવું સમર્પણ હોવું જોઈએ. આ સંદર્ભમાં શ્રીઅરવિંદ કહે છે કે, "પૂર્ણ સમર્પણ એટલે સ્વરૂપના દરેક ભાગમાં રહેલી અહંની ગ્રંથિને કાપી નાંખવી. અને સમગ્ર અસ્તિત્ત્વનું પ્રભુને

મુક્ત રીતે સમર્પણ કરી દેવું. જો આવું સમર્પણ પૂર્ણ ન હોય તો બિલાડીના બચ્ચાનું વલણ સ્વીકારવું શક્ય નથી. તો પછી એ ફક્ત તામસિક નિષ્ક્રિયતા બની જાય અને માણસ એ વસ્તુને સમર્પણ રૂપે સ્વીકારી લે.''

સાચા સમર્પણમાં આંતરિક અને બાહ્ય અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે છે. અહંતા અને કામનાઓની એમાં ભેળસેળ થઈ જાય છે. લાગણીઓ, સંવેદનો, શંકાઓ, સમર્પણમાં રૂકાવટ ઊભી કરે છે. પણ જો સંકલ્પ પ્રબળ હોય, અભીપ્સા તીવ્ર હોય તો સાચું સમર્પણ શક્ય બને છે અને એથી પ્રભુની દિવ્ય સંનિધિમાં રહેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. સાચા સમર્પણથી માનવનો અહંકાર ઓગળી જાય છે, તેનાં બંધનો છૂટી જાય છે. પાપ નિર્મૂળ થાય છે. તેની સંકુચિતતા ને મર્યાદાની સીમાઓ હટી જાય છે, ને તે વૈશ્વિક ચેતનાની વિશાળતાનો અનુભવ કરે છે. તે તેનામાં પ્રભુની દિવ્ય શક્તિઓને અવતરતી અનુભવે છે. તેથી તેની દ્રષ્ટિ બદલાઈ જાય છે. તેની જીવન જીવવાની પદ્ધતિ પણ સમૂળગી બદલાઈ જાય છે. સાચા સમર્પણને પરિણામે મનુષ્યની ચેતનામાં કેવું પરિવર્તન આવે છે, તે વિષે શ્રીમાતાજીએ એક વાર્તાલાપમાં જણાવતાં કહ્યું હતું ; ''સમર્પણ તમને વિશાળ બનાવે છે. તમારી શક્તિઓમાં અનેકગણો વધારો કરે છે. સ્વપ્રયત્નથી તમે જે શક્તિઓ નથી મેળવી શકતા તે સઘળી અને તેથી પણ વધારે ઉચ્ચ પ્રકારની શક્તિઓ સમર્પણ દ્વારા તમારામાં ઊતરી આવે છે. ....... તમારા મનમાં, પ્રાણમાં, દેહમાં, સાચી અખંડ સ્વસ્થતા આવે છે. જ્યારે તમે કોઈ પણ વસ્તુને, તમારી જાતને પણ તમારી ગણો નહીં, જ્યારે દરેક વસ્તુ, તમારો દેહ, તમારાં સંવેદનો, તમારી લાગણીઓ, તમારા વિચાર સુદ્ધાં પ્રભુનાં બની ગયાં હોય ત્યારે તે બધાંની જવાબદારી પ્રભુ લઈ લે છે. પછી તમારે કશી જ

ચિંતા કરવાની રહેતી નથી.'' પછી તો આપણું મન પ્રભુના સંકલ્પને જ ધારણ કરે છે, અને આપણી પ્રાણશક્તિમાં પ્રભુની શક્તિ જ વહેવા લાગે છે. જેમ જળનું એક બિંદુ મહાસાગરમાં સમર્પણ કરતાં તે મહાસાગર બની જાય છે. તેની વિશાળતા ધારણ કરે છે તેમ આપણું અલગ અસ્તિત્વ પ્રભુની વિશાળ ચેતનામાં મળી જતાં પ્રભુની દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત કરે છે અને ત્યારે જ નવા સાચા જીવનની શરૂઆત થાય છે અને સમર્પણ એ એ જીવનનું પ્રવેશદ્વાર છે.

* * * * *

ધર્મજીવનની સાધના કરતા પોતાની જાતને પૂછો કે ક્યાંક તમે આવું કાર્ય તો નથી કર્યું ને કે જે તિરસ્કાર અગર દ્વેષનું હોય અથવા શત્રુતા વધારનાર હોય ! આ પ્રશ્નોનો સંતોષજનક જવાબ મળે તો સમજવું જોઈએ કે પ્રાર્થના તથા ધર્માચરણની અસર જરૂર તમારા પર થઈ રહી છે અથવા થઈ છે.

**- સંત તુકડોજી**

# ૪. મૌનનો મહિમા

મૌન એટલે વાણીનો ઉપયોગ બંધ કરી દેવો અને શબ્દવ્યવહાર અટકાવી દેવો તે સ્થિતિ નહીં. મૌન એટલે ચેતનાની એવી સ્થિતિ કે જેમાં બધું જ સુમેળ અને સુસંવાદિતાપૂર્ણ હોય કે શબ્દોની અભિવ્યક્તિની જરૂર જ ન પડે. આંતરચેતનાની સંવાદિતાભરી સ્થિતિને જ મૌન કહી શકાય. ફરજિયાતપણે વાણીનો વ્યવહાર અટકાવી દેવો અને બોલવાનું બંધ કરી દેવું એ તો બાહ્ય મૌન થયું. અલબત્ત, શબ્દોના વ્યર્થ પ્રલાપો કરતાં આ બાહ્ય મૌન પણ જરૂરી છે. પરંતુ કેવળ બાહ્ય મૌનથી શાંતિ પ્રાપ્ત થતી નથી. સંવાદિતા સાધી શકાતી નથી. સિદ્ધિ મળતી નથી. બાહ્ય મૌનની સાથે સાથે આંતર મૌન પણ જરૂરી છે. જેમ શબ્દોનો વ્યર્થ પ્રલાપ હોય છે તેમ મનમાં વિચારોનો પણ મૂક પ્રલાપ ટેપરેકર્ડરની જેમ ફરી ફરીને વાગ્યા કરતો હોય છે. વાણીનો વ્યવહાર બંધ થવાથી કંઈ મનમાં વિચારોનાં પરિભ્રમણો બંધ થઈ જતાં નથી. અને જ્યાં સુધી મન શાંત ને સ્થિર થતું નથી ત્યાં સુધી આંતરમૌન પ્રાપ્ત થતું નથી અને ત્યાં સુધી સાચી શાંતિ પ્રાપ્ત થતી નથી. મૌનની શક્તિ પણ મળતી નથી. સાચા મૌનમાં તો આત્માની શાંતિમાં મન પણ લય પામી જાય છે. અને ચેતનામાં પછી એક પણ તરંગ ઊઠતો નથી. આવી વ્યક્તિ જ વિશ્વ છંદોલયના સંવાદી સૂર સાથે તદ્રુપ બની શબ્દોની પેલે પારના અદ્‌ભુત આનંદનો સહભાગી બને છે.

સાચું મૌન વાણીની અભિવ્યક્તિ કરતાં વિશેષ પ્રભાવક હોય છે. આંતર સંવાદિતામાં જેમની ચેતના સ્થિર છે, એવા ગુરુના મૌન વ્યાખ્યાનથી જ શિષ્યોના મનના સંશયો નિર્મૂળ થઈ જાય છે. ગુરોસ્તુ મૌન વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્ન સંશયા. ભગવાન દક્ષિણામૂર્તિએ

સનત્કુમારોના મનના સંશયોને મૌન વ્યાખ્યાનથી જ દૂર કરી દીધા હતા. આંતરચેતનામાં જે સુસ્થિર છે, તેવા ગુરુ શિષ્યની ચેતનામાં ઊઠતા તરંગોને એક પણ શબ્દના ઉચ્ચારણ વગર શાંત કરી શકે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે સ્પર્શમાત્રથી નરેન્દ્રનાથને બ્રહ્મનો અનુભવ કરાવ્યો હતો. રમણમહર્ષિ પણ એમની પાસે આવનારાઓના મનમાં રહેલા પ્રશ્નોનું નિરાકરણ મૌનથી જ કરી દેતા હતા. એમની પાસે ધ્યાનમાં બેસનારને એમનો ઉત્તર પોતાના અંતરમાં જ મળી જતો. બાહ્ય રીતે એમાં એક પણ શબ્દનું આદાન - પ્રદાન કરવામાં આવતું ન હતું. આથી એ જાણી શકાય છે કે શબ્દો વગર પણ આંતરમૌન અને આંતર એકાગ્રતામાં અભિવ્યક્તિ થઈ શકે છે. અને એ શબ્દો કરતાં પણ વધારે પ્રબળ હોય છે. જ્ઞાનીઓ, મનની ચેતના કરતાં ઊંચેની ભૂમિકામાં રહેનારાઓનો શબ્દોનો વ્યવહાર ઓછો થઈ જાય છે. જેમ જ્ઞાનની ભૂમિકા વધુ ઊંચી તેમ શબ્દોની અભિવ્યક્તિ ઓછી. અજ્ઞાની માણસને, જેમનો માનસિક વિકાસ ઓછો થયો હોય તેમને, અભિવ્યક્તિ માટે, બીજાને સમજાવવા માટે વધુ ને વધુ શબ્દોની જરૂર પડે છે. તેઓ મૌન રહી શકતા નથી. વળી, જેમની ચેતના વેરવિખેર હોય છે તેમને પણ શબ્દોની વધારે જરૂર પડે છે, જ્યારે જ્ઞાનીની એક દ્રષ્ટિ જ સહસ્ત્ર શબ્દો કરતાં પણ વધારે અસરકારક બની રહે છે.

આધ્યાત્મિક જીવનમાં તો જેમ ચેતનાનો વિકાસ થાય છે તેમ મૌનની સ્થિતિ સહજપણે જ પ્રાપ્ત થાય છે. પણ સામાન્ય જીવનમાં તો મૌન માટે પ્રયત્ન કરવો પડે છે. પરંતુ એ પ્રયત્ન કરવાથી અનેક પ્રકારની મુશ્કેલીઓમાંથી બચી શકાય છે. મૌને કલહઃ નાસ્તિ. મૌનનો આશ્રય લેનારના જીવનમાં કદી કજિયાકંકાસ થતા નથી. એક વ્યક્તિ ગુસ્સો કરતી હોય, પણ સામેની વ્યંક્તિ ચૂપ જ હોય તો ગુસ્સો કરનારના

ગુસ્સાનું જોર ઓછું થઈ જાય છે, ને પછી એ શમી જાય છે. મૌન જાળવવાથી કદી વિસ્ફોટક પરિસ્થિતિ સર્જાતી નથી. મહાભારતનું યુદ્ધ દ્રૌપદીના એક વાક્ય - ''આંધળાના તો આંધળા જ હોય ને!'' પરથી સર્જાયું હતું. વાણીના વ્યર્થ પ્રલાપોથી જ અનેક અનર્થો થતા હોય છે. આથી જ શબ્દોનો ઉપયોગ કરતાં પહેલાં સાવધાની રાખવી જોઈએ. યોગ્ય અને જરૂર પૂરતા જ શબ્દો વાપરવા એ તો વાણીનું મોટામાં મોટું તપ છે. શબ્દોનો વ્યય જેટલી સહેલાઈથી થઈ શકે છે, એટલી સહેલાઈથી તેનો સંચય થઈ શકતો નથી. સવારથી સાંજ સુધી બોલાયેલા શબ્દોની જો આપણે નોંધ કરીએ, અને તેનું વિશ્લેષણ કરીએ તો આપણને આશ્ચર્ય થાય કે અધધધ...... આપણે કેટલા બધા શબ્દોનો નિરર્થક વ્યય કર્યો છે! મોટે ભાગે તો આપણે કોઈ પણ પ્રયોજન વિના જ શબ્દો બોલતા હોઈએ છીએ. આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે: ''જીભ ઉપર જો વિચારોનો કાબૂ રહેતો હોય તો ઘણી મૂર્ખાઈઓ અટકાવી શકાય છે. જ્યારે જીભ ઉપર કાબૂ રહેતો નથી ત્યારે અંદરથી ઉછાળો આવે તે મુજબ અર્થ વગરનું બોલી દેવાતું હોય છે. જાણે કોઈ યંત્ર બોલતું હોય તેમ લાગે. યંત્ર તો બોલવાની મઝા ખાતર બોલતું હોય છે. તે ખરેખર અર્થહીન હોય છે. પણ આ સતત ચાલ્યા જ કરે છે. ભાગ્યે જ એવા માણસો છે કે જે આનો ભોગ ન બન્યા હોય. મોટે ભાગે લોકો જાતજાતની વસ્તુઓ બોલી નાંખતા હોય છે અને પછી કહે કે આવું બધું હું શા માટે બોલ્યો? પણ તેઓ જાણતા હોતા નથી.

''આ એક માનસિક વિકૃતિ છે. એમાં સંકલ્પશક્તિનો ઉપયોગ હોતો નથી. ફક્ત માનસિક ક્રિયાઓ છે. મનની રચનાઓ છે, માનસિક શક્તિ આખો દિવસ ગતિ કરતી રહે છે. આવ-જા કર્યા કરે છે. જેમ પિંજરામાં ખિસકોલી કશાય ખ્યાલ વગર ગોળ ગોળ દોડે તેવું''-

આ આખો દિવસ સતત બોલબોલ કરતા રહેવાની માનસિક વિકૃતિમાંથી જો માણસે બચવું હોય તો તેણે જાગૃત રહેવું જોઈએ. એક વાર મુખમાંથી નીકળી ગયેલા શબ્દો પછી આપણા હાથમાં રહેતા નથી. ભાથામાંથી છૂટેલાં તીરની જેમ એ તો લક્ષ્યવેધ કરીને જ રહે છે અને તેનાં દુષ્પરિણામો જીવનભર ભોગવવાં પડતાં હોય છે. આથી શબ્દોનું ઉચ્ચારણ કરતાં પહેલાં પૂરો વિચાર કરવો જોઈએ. એ માટેની ચાવી બતાવતા શ્રીમાતાજી કહે છે ; "આથી તમે જ્યારે લોકોની સાથે વાતો કરતા હો, ત્યારે તમે તમારી આસપાસ હંમેશાં કાળજીપૂર્વક પ્રભુનું જીવંત સાંનિધ્ય અને રક્ષણ રાખો અને બને તેટલું ઓછું બોલો."

શબ્દોનું ઉચ્ચારણ કરતાં પહેલાં જે શબ્દો પ્રગટ થવા મુખમાં બેઠેલા છે તેને જોઈ લેવા જોઈએ. એક ક્ષણ તેના ઉપર એકાગ્રતા કરવી જોઈએ. આ રીતે કરતાં નિરર્થક શબ્દોનું ઉચ્ચારણ આપોઆપ ઘટવા લાગે છે અને પછી જે શબ્દો ઉચ્ચારાય છે, તેનું વજન પડે છે. તે મૂલ્યવાન બની રહે છે. આ પ્રકારની વાણીની તપસ્યામાં આપણે જેમ જેમ ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ પછી ઓછામાં ઓછા શબ્દોથી કામ થવા લાગે છે. આસપાસ એક પ્રકારની સંવાદિતાનું મધુર વાતાવરણ સર્જાય છે. તેથી ઓછા શબ્દો દ્વારા પણ ઉત્તમ વ્યવહાર થઈ શકે છે. એવી વાણી ઓજસ્વી બને છે ને તેમાં જ મંત્રનું બળ પ્રગટે છે.

* * * * *

પ્રતિદિન મૌનનું મહત્ત્વ હું જોઉં છું. મૌન બધા માટે સારું છે. પરંતુ જે કામમાં ડૂબેલા છે તેના માટે તો મૌન સુવર્ણ સમાન છે.

**- ગાંધીજી**

# ૫. સત્સંગ

સત્સંગ એટલે સાધુજનોના અંતરમાંથી તપ્ત માનવજાતને શાતા આપવા માટે વહેતું દિવ્ય ચેતનાનું ઝરણું. સત્સંગ એટલે પાપી, દુઃખી, દરિદ્ર મનુષ્યને સાચા માર્ગે લઈ જવા માટે પ્રભુએ સાધુજનો દ્વારા વહેતી મૂકેલી કૃપા અને કરુણાની ધારા. એ ધારા અવિરત વરસતી રહે છે. સર્વ પર સમાન ભાવે વરસતી રહે છે. અને એટલે જ તો સંસારના દાવાનળોની વચ્ચે પણ પ્રેમભર્યું જીવન પાંગરી શકે છે. ભગવાન પોતાના પાર્ષદો દ્વારા કામ કરે છે. એટલે જેમનો આત્મા જાગેલો છે, જેઓ પોતાના અંતરમાં ભગવાનનો પ્રકાશ, પ્રેમ અને આનંદને અનુભવે છે, તેઓ પ્રભુની ચેતનાના વાહક બનીને સર્વને એ ચેતનાનો સ્પર્શ આપી તેમના જીવનને પ્રભુ પ્રત્યે અભિમુખ કરે છે. પોતાનાં વિચારો, વર્તન અને વાણી દ્વારા તેઓ સર્વના અંતરમાં છુપાયેલા પ્રભુને જગાડે છે, અને એ જ તો છે સાચો સત્સંગ.

સત્સંગ જ અજ્ઞાન અને અંધકારથી અટવાતા, દુઃખ અને ક્લેશથી પીડાતા, ઈર્ષાની આગથી સળગતા મનુષ્યોને માટે જ્ઞાન અને પ્રકાશનો, આનંદ અને સંવાદિતાનો, પ્રેમ અને ત્યાગનો માર્ગ ખોલી આપે છે. જીવનપરિવર્તનની જાદુઈ ચાવી સત્સંગમાં રહેલી છે. જેમણે પોતાનાં તપ અને સાધનાથી અહંકારને ઓગાળી નાંખ્યો છે, અને જેઓ પ્રભુનું સાંનિધ્ય પામ્યા છે, અને તેથી મનોમય ચેતના કરતાં ઊંચેની ભૂમિકામાં જેઓ વસે છે, તેમનું ક્ષણમાત્રનું સાંનિધ્ય પણ અન્યનું જીવનપરિવર્તન કરવાનું સામર્થ્ય ધરાવે છે. પછી તે મનુષ્ય ગમે તેવો પાપી અને દુઃખી કેમ ન હોય! નારદમુનિના થોડી ક્ષણોના સાંનિધ્યે વાલિયા લૂંટારાને ઋષિ વાલ્મિકી બનાવી દીધો. એ જ રીતે મનુષ્યોને

મારીને તેની આંગળીઓની માળા પહેરનાર ક્રૂર લૂંટારો અંગુલિમાલ ભગવાન બુદ્ધના થોડી ક્ષણોના સત્સંગે જાગી ગયો અને પછી તેમનો આત્મજ્ઞાની શિષ્ય બની રહ્યો. જેસલ જેવો બહારવટિયો સતી તોરલના સત્સંગે જેસલ પીર બની ગયો. સાધુ ઉપગુપ્તના સત્સંગથી સમ્રાટ અશોક ધર્મસમ્રાટ બની ગયો. આવા તો સાધુજનોના સત્સંગથી થયેલાં પરિવર્તનોનાં અસંખ્ય ઉદાહરણો આપણને સાંપડે છે.

સાધુજનો તો દુઃખશોષક છે. સાચા સાધુજન સંસારી મનુષ્યોનું દુઃખ શોષીને તેમને આનંદ ને શાંતિની સ્થિતિમાં મૂકી આપે છે. આથી જ સાધુજનોની પાસે મનુષ્ય પોતાના સંસારનાં દુઃખોને ભૂલી જાય છે. તેમના સંગમાં જીવનનો બોજો લાગતો નથી. સંસારનો તાપ દઝાડતો નથી. દુનિયાદારીની હવા સ્પર્શતી નથી. વ્યવહારનાં બંધનોની કોઈ જ મર્યાદા પણ નડતી નથી. કેમ કે તેમની પાસે તો કદી ન ખૂટે એવા ભાગવત્ પ્રેમની મસ્તી છે. અલૌકિક આનંદની ભરતી છે. પ્રભુના સ્પર્શની હવાની શીતળ લહેરો છે અને પ્રભુમય જીવનની હળવાશ છે. એથી જ તો સાધુજનોનું દર્શન પણ પુણ્યકારક મનાયું છે. અને તેમની વાણીનું શ્રવણ ઉદ્ધારક મનાયું છે. એમની વાણી તો આત્મામાંથી સહજ પ્રગટતી વાણી હોય છે. એટલે જ એ વાણીમાં મંત્રનું બળ અને જીવન-પરિવર્તનની શક્તિ રહેલાં હોય છે. એ વાણી માનવના આત્માને સીધે-સીધી સ્પર્શે છે અને તેને ઢંઢોળીને જગાડે છે.

સંસ્કૃત સુભાષિતોમાં સાધુજનોને તીર્થરૂપ માનવામાં આવ્યા છે અને એમ કહેવાયું છે કે તીર્થયાત્રાનું ફળ તો ઘણા સમય બાદ મળે છે, જ્યારે સાધુજનોનાં સત્સંગનું ફળ તો તુરત જ મળે છે. આના સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ કહેતા કે "અત્તરની દુકાનમાં જનાર સુગંધથી મઘમઘિત થઈને બહાર આવે છે, જ્યારે કાજળની કોટડીમાં જનાર ગમે

તેવી સાવચેતી રાખે તોપણ કાજળથી ખરડાયા વગર રહેતો નથી.'' સાધુજનો પ્રભુની ચેતનામાં વસતા હોવાથી તેમનો સંગ કરવાથી મનની મલિનતાઓ, વિકારો સઘળું શમી જાય છે. શુભ વિચારો ને શુભ ભાવનાઓનો ઉદય થાય છે. ચિત્તવૃત્તિ નિર્મળ થાય છે. વારંવારના સત્સંગથી અહંકારનો પડછાયો ઓગળતો જાય છે અને સાચું સ્વરૂપ પ્રગટ થવા લાગે છે. દ્રષ્ટિ વિશાળ બને છે. અંતઃદ્રષ્ટિ ખુલતાં, પહેલાં જીવનની જે સમસ્યાઓ બોજારૂપ લાગતી હતી, તે હવે લાગતી નથી. અંતઃશ્રદ્ધાનો ઉદય થતાં જીવન જીવવાનું બળ મળે છે. જીવનનું સાચું ધ્યેય સમજાવા લાગે છે અને તેથી જીવનની ગતિ ઊર્ધ્વ બને છે.

સામાન્ય માણસને પ્રભુ પ્રત્યેનો માર્ગ દુર્ઘર્ષ લાગે છે. તે અજાણ્યો ને લાંબો લાગે છે.પણ સાધુજનોનો સંગ આ દુર્ઘર્ષ માર્ગને સુગમ બનાવી દે છે. તેઓ આ પથ પર ચાલ્યા છે. માર્ગનાં ભયસ્થાનો અને જોખમોને તેઓ જાણે છે. એ માટેની કેવી તૈયારી કરવી જોઈએ એનો તેમને અનુભવ છે. આથી તેમનો સંગ એ પ્રભુના માર્ગનાં ભયસ્થાનો અને જોખમોને સહેલાઈથી પાર કરાવી દે છે, ને તેથી પ્રભુને પામવાનો માર્ગ ટૂંકો ને સહેલો બની જાય છે. સંતસમાગમ અસત્યમાંથી સત્યમાં, અંધકારમાંથી પ્રકાશમાં અને મૃત્યુમાંથી અમરતામાં લઈ જઈને જીવનને પ્રભુમય બનાવી શકે છે.

* * * * *

ચંદન શીતળ છે , ચંદનથી ચંદ્ર વધારે શીતળ છે . ચંદ્ર અને ચંદનથી પણ સાધુપુરુષોની સંગતિ વધારે શીતળ હોય છે .

**- અજ્ઞાત**

## ૬. પ્રભુનું કરણ બનીએ

પ્રભુ એટલે આ સમગ્ર બ્રહ્માંડને ચલાવનારી વિરાટ શક્તિ. આ શક્તિ વિશ્વના જડ, ચેતન સર્વ પદાર્થોમાં - બ્રહ્માંડના અણુઅણુમાં વ્યાપ્ત છે. જડ પદાર્થમાં આપણે એની ગતિને જોઈ શકતા નથી. પરંતુ હવે વૈજ્ઞાનિકોએ એ ગતિ શોધી કાઢી છે અને સાબિત કરી આપ્યું છે કે જડ પદાર્થમાં પણ પ્રચંડ શક્તિ રહેલી છે. પરંતુ જડ પદાર્થ એ શક્તિ પ્રત્યે જાગૃત થઈ શકતો નથી, જ્યારે આપણે મનુષ્યો એ શક્તિ પ્રત્યે જાગૃત થઈ શકીએ છીએ. એ પરમ શક્તિ સર્વના હૃદયમાં રહીને કાર્ય કરાવી રહી છે. શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે તેમ યન્ત્રારૂઢાનિ માયયા - તેઓ પોતાની માયાથી આવૃત્ત કરીને સર્વને યંત્ર પેઠે ચલાવી રહ્યા છે. આમ, આ જગતમાં આવેલાં આપણે બધાં જ પ્રભુનાં જ કરણ છીએ, પરંતુ આપણને એનું જ્ઞાન નથી. આપણે એ પ્રત્યે સભાન નથી. અર્જુનની જેમ દિવ્યચક્ષુ આપણને મળ્યાં નથી. આપણે મોહમાયા ને મમતાથી ઘેરાઈને આપણું સ્વત્ત્વ ગુમાવી બેઠાં છીએ. ઇચ્છાઓ, આકાંક્ષાઓ અને લાલસાઓના પવનો આપણને આમતેમ ફંગોળ્યા કરે છે. આપણો અહંકાર આપણને અંધકારમાં જ પૂરી રાખે છે, ને એ અંધકારને અજ્ઞાનને સત્ય માનીને આપણે એ ભ્રમણામાં જ રાચીએ છીએ અને તેથી જ આપણે ભૂલી જઈએ છીએ કે આપણે તો પ્રભુના હાથના હાથા છીએ. એની લીલાનાં પાત્રો છીએ. વિશ્વનાટકનો એ દિવ્ય સૂત્રધાર આપણને રમાડી રહ્યો છે. જો આપણા હૃદયમાં તીવ્ર પોકાર જાગે, આ સૃષ્ટિના રહસ્યને પામવાની પ્રચંડ અભીપ્સા ઊઠે તો અંતરના આર્ત પોકારે વિશ્વનાટકનો આ દિવ્ય સૂત્રધાર પોતાના મહાનાટકના રહસ્યને આપણા અંતરમાં ધીમે ધીમે ખોલે છે, અને ત્યારે આપણને ભાન થાય છે કે જેને આપણે આપણી જાત માનીએ છીએ, જેને આપણે

મહાન માનીને બેઠા છીએ, જેને માટે આપણે આટલા બધા કાવાદાવા - કુટિલતા ને પ્રપંચ આચરીએ છીએ, એ તો કંઈ જ કરતાં કંઈ જ નથી. એ તો કઠપૂતળીનું એક મહોરું છે, ને એનો દોરીસંચાર કરનાર તો કોઈ બીજું જ છે. આ રહસ્ય સમજાતાં મનુષ્યની જીવનદ્રષ્ટિ બદલાઈ જાય છે અને પછી જ એનું સાચું જીવન શરૂ થાય છે.

પરંતુ જ્યાં સુધી આપણો અહંકાર જીવે છે, ત્યાં સુધી પ્રભુનું સાચું કરણ બની શકાતું નથી. પ્રભુનું કરણ બનવું એટલે પ્રભુની સાથે તદ્રુપ બનીને પછી પ્રભુનું કાર્ય કરવું. પરંતુ જ્યાં સુધી અંતઃસ્થ પ્રભુની સાથે તાદાત્મ્ય થતું નથી, જ્યાં સુધી એની સાથે અનુસંધાન થતું નથી ત્યાં સુધી તેનું સાચું કરણ બની શકાતું નથી. કેમ કે જ્યાં સુધી આપણે પ્રભુને જાણતા નથી, ત્યાં સુધી તેઓ આપણી પાસેથી શું ઇચ્છે છે, તેની આપણને ખબર જ પડતી નથી. ઘણી વાર તો આપણે આપણી ઇચ્છાઓને પ્રભુ તરફથી આવેલી પ્રેરણા માનીને ભૂલ કરી બેસીએ છીએ. આથી જ્યાં સુધી આપણું અલગ અસ્તિત્વ જીવે છે, એટલે કે આપણે મન અને અહંકારમાં જીવીએ છીએ ત્યાં સુધી આપણે પ્રભુનું કરણ બની શકતાં જ નથી. જ્યારે અહંકારનો વિલય થાય છે ત્યારે જ પ્રભુ પ્રગટે છે.

આમ તો પ્રભુ દરેક મનુષ્યના અંતરમાં બેઠેલા જ છે, તેમની અખૂટ શક્તિઓનો ભંડાર ભરીને. એમની શક્તિઓ તો અપરંપાર છે, પણ મુખ્ય શક્તિઓ છે - નિર્ભેળ આનંદ, નિર્મલ પ્રેમ, શુદ્ધ જ્ઞાન અને અખૂટ સામર્થ્ય. જેઓ પ્રભુને ઝંખે છે, એને સતત પોકારે છે, અને તેના કાર્ય માટે જીવન અર્પણ કરે છે, તેમની આગળ પ્રભુ પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને જગતમાં દિવ્ય ચેતના વધુ ને વધુ આવિર્ભાવ પામે તે માટે કાર્ય કરવા પોતાની આ શક્તિઓથી તેને ભરી દે છે. આવી વ્યક્તિઓ

પ્રભુની શક્તિઓની એક નહેર બની રહે છે અને તેના સંપર્કમાં આવનાર સર્વને તેમના દ્વારા પ્રભુની દિવ્ય ચેતનાનો અનુભવ થાય છે અને તેઓ પણ જો સહેજ પણ જાગૃત હોય તો તેમનો એ ચેતના સાથેનો સંપર્ક સ્થપાઈ જાય છે. આ રીતે પ્રભુના કરણના સંપર્કમાં આવનાર પણ પ્રભુ પ્રત્યે જાગૃત બને છે. પ્રભુને તો આ સમગ્ર વિશ્વ પ્રેમ અને એકતાથી સભર, સુમેળ અને સુસંવાદિતાથી ભરેલું બનાવવું છે. એ માટે તો પ્રભુ પોતે જ સાચાં કરણોને શોધી રહ્યા છે. પ્રભુને જોઈએ છે એવાં મુખો કે જેઓ વાણી દ્વારા સત્ય અને સૌંદર્ય, પ્રેમ અને આનંદને જ અભિવ્યક્ત કરે. એમને જોઈએ છે એવા હાથો કે જેઓ આ વિશ્વની મલિનતાઓને દૂર કરીને વિશ્વને સ્વર્ગ સમું સુંદર બનાવે. એમને જોઈએ છે એવાં હૃદયો કે જે પ્રભુના પ્રેમને ઝીલીને સમગ્ર વિશ્વને એ પ્રેમથી તરબોળ કરી દે. પ્રભુને જોઈએ છે એવાં ચરણો કે જેઓ મુશ્કેલીના પહાડોને પણ ઓળંગીને પ્રભુની દિવ્ય ચેતનાનો પ્રકાશ સર્વત્ર રેલાવતા રહે. આથી જ તો માનવહૃદયમાં બેઠેલા પ્રભુ માનવી જાગે ને પોતાની અંદર બેઠેલા પ્રભુને જુએ તેની પ્રતીક્ષા કરતા યુગોથી બેઠા છે.

જેઓ પ્રભુનું કરણ બનીને પ્રભુના કાર્ય માટે જીવન અર્પણ કરે છે, તેમની ક્ષણેક્ષણની જવાબદારી પ્રભુ પોતે જ ઊઠાવી લે છે. એથી જ પ્રભુનું કરણ બનીને જીવવામાં જ સંપૂર્ણ સલામતી છે. આવા જીવનમાં જ પ્રાપ્ત થાય છે હળવાશ અને મુક્તિનો આનંદ, પ્રભુના ચૈતન્યની નિત્યનૂતન તાજગીને પ્રભુ સાથે હોવાની અનુભૂતિનો અક્ષય આનંદ.

તો આવો, આજના સુપ્રભાતે આપણે પ્રભુના સાચા કરણ બનવા માટેનો સંકલ્પ કરીએ અને એ માટેની આપણામાં જો પાત્રતા ન હોય તો પ્રભુ આપણને એને પાત્ર બનાવે, એ માટેની તાલીમ આપે, એવી પ્રાર્થના કરીએ.

* * * * *

## ૭. સંભાવના નૂતન યુગની

નૂતન યુગ એટલે પ્રભુના શાસનનો યુગ અને પ્રભુનું શાસન એટલે પ્રેમ, એકતા, આનંદ અને મધુરતાનું શાસન. પ્રભુને રચવું છે એવું સુંદર અને મધુર જગત કે જેમાં સહુ અંતરની એકતા અનુભવતાં હોય, જેમાં પ્રેમ સર્વોપરી હોય, જ્યાં આનંદ અવિરત વ્યક્ત થતો હોય, જ્યાં જ્ઞાનના પ્રકાશથી સહુ આલોકિત હોય અને જ્યાં સહુ કોઈ પોતાના અંતરમાં રહેલા પ્રભુને વ્યક્ત કરવા જ કાર્યો કરતાં હોય. આવું સુંદર જીવન પૃથ્વી ઉપર રચાય એ પ્રભુની ઇચ્છા છે, અને એ ઇચ્છાને સાકાર કરવા તેઓ પોતે જ પ્રયત્ન કરી રહ્યા છે.

શ્રીમાતાજી કહે છે કે સુમેળ ને સુસંવાદિતા ભરેલી સુંદર સૃષ્ટિની રચના માટે પ્રભુએ પોતાની ચાર શક્તિઓને પ્રગટ કરી. તે પ્રેમ, આનંદ, જ્ઞાન અને જીવનની શક્તિઓ હતી. સૃષ્ટિના નિર્માણ માટે પ્રભુએ આ શક્તિઓને પૂર્ણ સ્વતંત્રતા આપી, પણ એથી તો સૃષ્ટિની રચનામાં ભેળસેળ થઈ ગઈ અને સૃષ્ટિમાં અનેક પ્રકારના વિરોધાભાસો સર્જાયા. પ્રેમમાં ભળી ગયો દ્વેષ ને ધિક્કાર. આનંદના પેટાળમાં દુઃખ પેસી ગયું. જ્ઞાન ને પ્રકાશમાં અંધકારની છાયા ભળી ગઈ અને જીવનને મૃત્યુનો ડંખ લાગી ગયો. આમ, સૃષ્ટિની રચના કંઈક જુદી જ બની ગઈ. જીવનમાં સઘળે દ્વન્દ્વો જ વ્યાપી ગયાં. આવું જીવન એ કંઈ પરમાત્માના શાસનનું જીવન નથી. એ તો પ્રકાશથી પ્રકાશમાં ગતિ કરતું, સત્યથી સત્ય તરફ જતું, અમૃતત્વનું જીવન છે. એવો તેજોમય ઉજ્જ્વળ જીવનનો પાયો હવે નંખાઈ ગયો છે.

ઉત્ક્રાન્તિની રીતે જોતાં પણ હવે પછીનો યુગ એ પરમાત્માની દિવ્ય પ્રકૃતિને ધારણ કરતી માનવજાતિનો યુગ હશે. પૃથ્વી ઉપર

સર્વપ્રથમ જડ દ્રવ્યનો આવિર્ભાવ થયો હતો. પરમાત્મા પોતે જ જડ દ્રવ્ય રૂપે વ્યાપ્ત હતાં. આ જડ દ્રવ્યમાં મન હતું, પ્રાણશક્તિ હતી, અને સ્વયં પરમાત્માની શક્તિ પણ અંતર્નિહિત હતી. લાખો વરસ બાદ આ જડ દ્રવ્યમાં પ્રાણશક્તિ પ્રગટી અને જીવસૃષ્ટિનો આરંભ થયો. પ્રથમ જીવસૃષ્ટિનો આરંભ થવો એ ત્યારની પૃથ્વી માટેનો એક નૂતન યુગનો પ્રારંભ જ હતો. જડ દ્રવ્ય માટે તો એ એક મહાન આશ્ચર્યકારક ઘટના હતી. કહો કે એ ભૂમિકાના પરમાત્માનો આવિષ્કાર હતો. તેમાં કાળક્રમે જડ દ્રવ્ય વિશેષ ને પ્રાણશક્તિ ઓછી એવાં વિરાટકાય પ્રાણીઓ-સરિસૃપોનો વર્ગ અસ્તિત્વમાં આવ્યો. પરંતુ પરમાત્માની સતત વિકાસ પામતી જતી આ પ્રક્રિયામાં ધીમે ધીમે પ્રાણશક્તિ વધુ પ્રબળ બનવા લાગી. તેમ તેમ જડ દ્રવ્યનું પ્રમાણ ઓછું થતું ગયું અને પછી એ વિરાટકાય પ્રાણીઓ અદ્રશ્ય થયાં ને પ્રાણશક્તિથી ચપળ બનેલાં નાના કદનાં પ્રાણીઓ સર્જાયાં. જ્યારે જડ દ્રવ્યે પ્રાણશક્તિને બરાબર પચાવી લીધી, પછી કંઈ લાખો વરસ બાદ જડ દ્રવ્યમાં મનની શક્તિ પ્રગટી. મનનું પ્રગટવું એ પણ એ યુગની એક મહાન ઘટના હતી અને નૂતન યુગનો પ્રારંભ હતો. જીવનમાં આવેલો એક મહાન ચમત્કાર હતો. જેમ જેમ આ મનની શક્તિ વિકસતી ગઈ તેમ તેમ આ શક્તિને અનુરૂપ પ્રાણીઓનો ઘાટ ઘડાવા લાગ્યો. પછી તો મનની શક્તિને પૂરેપૂરી ઝીલી શકે, અભિવ્યક્ત કરી શકે તેવું ઉન્નત મસ્તકવાળું બે હાથ અને બે પગવાળું પ્રાણી આકાર પામ્યું ને એમ લાખો વરસે આજનો મનુષ્ય અસ્તિત્વમાં આવ્યો. મનની શક્તિ પૂર્ણપણે કામ કરવા લાગતાં આજનાં વિજ્ઞાન અને ટેકનોલૉજી સર્જાયાં, જે દ્વારા મનુષ્યે અજોડ સિદ્ધિઓ પ્રાપ્ત કરી. આજે વર્તમાનમાં આપણે મનુષ્યો મનની શક્તિથી કાર્ય કરીએ છીએ. જડ તત્ત્વ અને પ્રાણની શક્તિ કરતાં મનની શક્તિ

અનેક ગણી ચઢિયાતી છે, પ્રાણીઓ કરતાં આપણે વધારે સુંદર ને સગવડભર્યું જીવન જીવી રહ્યાં છીએ. પણ આ મનની શક્તિ એ સર્વોચ્ચ નથી. આ તો ઉત્ક્રાન્તિનું વચલું પગથિયું છે. અંતિમ પગથિયું નહીં. એ અંતિમ પગથિયું, એ સર્વોચ્ચ શક્તિ એ મનથી પણ વધારે સમર્થ ને પૂર્ણ શક્તિ છે. એ પરમાત્માની પોતાની પૂર્ણ શક્તિ છે, જે ઉત્ક્રાન્તિમાં હવે પ્રગટી રહી છે. જે રીતે જડ તત્ત્વ, પ્રાણશક્તિ ને મનનો આવિર્ભાવ થયો તેમ તેમ પ્રત્યેક યુગમાં સૃષ્ટિ બદલાતી ગઈ, પ્રાણીઓના આકારો બદલાયા, જીવન બદલાતું ગયું, તેમ હવે પરમાત્માની પૂર્ણ શક્તિ પ્રગટ થતાં બધું જ બદલાઈ જશે. માનવદેહનો આકાર પણ આ તેજોમય શક્તિને ધારણ કરી શકે તેવો પારદર્શક, હળવો, મુલાયમ અને તેજોમય બની જશે.

ઉત્ક્રાન્તિ પ્રમાણે - પ્રકૃતિની ગતિ પ્રમાણે તો આવી દિવ્ય ચેતનાને ધારણ કરતી માનવજાતિ લાખો વરસે આવવાની જ છે. પણ ત્યાં સુધી માનવજાતિને દુઃખોમાંથી મુક્તિ - સંપૂર્ણપણે મળી શકે તેમ નથી. કેમ કે મનની ચેતના એ પૂર્ણચેતના નથી. એ ભેદને આધીન છે. જ્યાં સુધી પરમાત્માની પૂર્ણ ચેતના જડ તત્ત્વમાં ન પ્રગટે ત્યાં સુધી પ્રેમમાં ધિક્કાર, આનંદ સાથે દુઃખ, જ્ઞાન સાથે અજ્ઞાન અને જીવન સાથે મૃત્યુ જડાયેલાં રહેવાનાં જ. અને ત્યાં સુધી પરમાત્માનું પ્રેમ ને એકતાનું સામ્રાજ્ય પણ સ્થપાય નહીં. આ માટે માનવજાતિએ હજુ બીજાં લાખો વરસ સુધી રાહ જોવી પડે. પરંતુ શ્રી અરવિંદે પોંડિચેરીના એકાંતમાં આ યુગમાં અજોડ એવી ચાળીસ વરસ સુધી સાધના કરી અને તેમને માનવજાતિનાં દુઃખોની મુક્તિનો ઉપાય મળ્યો. આ મનથી ઉપર રહેલી ચેતના - પરમાત્માની પૂર્ણ ચેતના - જેમને તેમણે નામ આપ્યું છે, અતિમનસ ચેતના - તેના અવતરણમાં. તેમણે પરમાત્માની આ

પૂર્ણચેતનાને જડ દ્રવ્યમાં જગાડી, સક્રિય કરી અને એ જ તો આ યુગની મહાન ઘટના છે, અને નૂતન યુગનો પ્રારંભ છે. શ્રી અરવિંદે પોતાના દેહના દ્રવ્યમાં - શરીરના કોષોમાં આ શક્તિને ઉતારી હતી. જેમ જેમ આ શક્તિ વધુ ને વધુ આવિર્ભાવ પામતી જશે તેમ તેમ બધું જ બદલાતું જશે. પરંતુ પરમાત્માની આ પ્રચંડ તેજોમય શક્તિને અનુરૂપ થતાં જડ દ્રવ્યને હજુ સમય લાગશે. એને પોતાનામાં ધારણ કરીને, પછી તેનાથી સંચારિત થતાં હજુ ઘણો લાંબો સમય લાગશે પણ એ શક્તિ હવે કાર્ય કરતી થઈ છે, એ જ મહત્ત્વની ઘટના છે. જ્યારે એ પૂર્ણપણે કાર્ય કરતી થશે ત્યારે પૃથ્વી પર સુવર્ણયુગ હશે. એવો સુવર્ણયુગ કે જે શાશ્વત હશે. પછી કદી અંધકાર યુગમાં પૃથ્વીને પાછાં જવું નહીં પડે. પ્રભુની દિવ્યચેતના ધારણ કરતી નવી માનવજાતિ એકતાથી જોડાયેલી હશે. પ્રભુની આ પૂર્ણ ચેતનામાં પ્રેમને વળગેલો તિરસ્કાર નહીં હોય, જ્ઞાનને અડકેલી અજ્ઞાનની છાયા ઓગળી ગઈ હશે, આનંદના પેટાળમાં છુપાયેલો શોક આનંદમાં જ વિલીન થઈ ગયો હશે અને જીવનને મૃત્યુનો ડંખ કદી લાગતો નહીં હોય. તેમાં જીવન પરમાત્માની શાશ્વત અખંડ ને એકમેવ ચેતનાથી ધબકતાં હશે અને એ જ તો છે માનવજાતિનું ભાવિ, એ જ છે નૂતન યુગ અને એ જ છે જગતમાં પ્રભુનો પૂર્ણ આવિર્ભાવ.

* * * * *

અઢારે પુરાણોમાં વ્યાસજીએ બે જ વાતો કહી છે. તે આ છે- બીજાનું ભલું કરવું તે પુણ્ય છે. બીજાને તકલીફ દેવી તે પાપ છે.

**- અજ્ઞાત**

## ૮. લોભ પાપનું મૂળ

પ્રત્યેક પ્રભાતે પૃથ્વી ઉપર ચૈતન્ય અને પ્રકાશનો ધોધ વહાવતા સૂર્યને ક્યારેય થયું નથી કે આ ચેતના, આ પ્રકાશ અને આ અનુપમ સૌંદર્યનો પોતાના માટે તે સંગ્રહ કરી લે. નિરંતર વહેતી અને વિશાળ સાગરમાં વિલીન થઈ જતી નદીઓએ ક્યારેય વિચાર્યું નથી કે પોતાનાં અમૂલ્ય જળ આમ નિરર્થક વહી રહ્યાં છે, તો એનો સંગ્રહ કરી લે. પાકાં મધુર ફળોથી લચી પડતાં વૃક્ષોને ક્યારેય થયું નથી કે આ ફળો તે પોતાના માટે સાચવી રાખે. પ્રકૃતિમાતાનાં આ બધાં અંગો પોતાને મળેલા સમગ્ર વૈભવનું છૂટે હાથે દાન કરી રહ્યાં છે, અને એટલે જ પ્રકૃતિનું સૌંદર્ય ચિરંતન છે અને છતાં નિત્યનૂતન પણ છે.

માનવજીવન પણ શું પ્રકૃતિ સાથે જડાયેલું નથી? પ્રકૃતિનાં અંગોની માફક માનવી પણ પ્રફુલ્લિત, તાજગીભર્યું, નિત્યનૂતન, આનંદમય જીવન જીવી શકે છે. પરંતુ જ્યારથી તેણે પોતાના માટે જ જીવન જીવવાનું નક્કી કર્યું ત્યારથી તેણે પોતાના જીવનની સાહજિકતા ગુમાવી દીધી છે. પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય તેણે ગુમાવી દીધું છે. તેથી માનવજીવનમાંથી નિત્યનૂતન તાજગી અને મુક્તિનો આનંદ ચાલ્યાં ગયાં છે. માનવજીવનમાં પ્રવેશી ચૂકેલા લોભે તો જીવનને ચિંતા અને બોજાથી ભરેલું બનાવી દીધું છે.

લોભ એ માનવની નિમ્ન પ્રકૃતિ અને અહંકારમાંથી ઊઠતી એક વૃત્તિ છે. જ્યાં સુધી માણસ નિમ્ન પ્રકૃતિને આધીન છે, ત્યાં સુધી લોભ એક યા બીજા સ્વરૂપમાં માણસની અંદર પ્રગટરૂપે કે અપ્રગટ રૂપે રહેલો હોય છે. કોઈને ધનનો લોભ હોય છે, તો કોઈને સત્તાનો લોભ, તો કોઈને કીર્તિ કે મહાનતાનો, તો કોઈને પોતાના જીવનનો. આમ, મોટા ભાગના

મનુષ્યો એક યા બીજી રીતે આ નિમ્નવૃત્તિના સકંજામાં ફસાયેલા હોય છે.

મનુષ્યને ધન-સંપત્તિ ને વૈભવ પ્રાપ્ત કરવાનો લોભ જાગ્યો કે તેણે સંગ્રહ કરવાનું શરૂ કર્યું અને ત્યારથી તે પોતાની સાહજિક પ્રકૃતિથી દૂર ફેંકાઈ ગયો. લોભથી સંગ્રહ વધ્યો, સંગ્રહથી ભય જાગ્યો, ભયથી સલામતી મેળવવા આયુધો શોધાયાં. એ માટેની ભાગદોડમાં જીવનમાં અશાંતિ આવી. અશાંતિભર્યા જીવનમાંથી સુખ અને આનંદ અદ્રશ્ય થઈ ગયાં.

લોભ વ્યક્તિ, કે સૂક્ષ્મ ને સ્થૂળ વસ્તુઓની આસક્તિ સાથે જડાયેલો છે. કોઈ પણ વસ્તુની આસક્તિ અશાંતિનું કારણ બને છે. આ સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ પરમહંસ બાવાની લંગોટીવાળી વાતનું ઉદાહરણ આપતાં કહે છે કે બાવાને લંગોટીનો લોભ લાગ્યો, અને તે લંગોટી ઉંદર ન કાપી જાય તે માટે તે બિલાડી લાવ્યો. બિલાડીને દૂધ પીવડાવવા ગાય લીધી ને ગાયને સાચવવા સ્ત્રી આવી. આમ, લંગોટીમાંથી બાવાનો સંસાર શરૂ થઈ ગયો. કોઈ પણ વસ્તુ તે પછી સાવ તુચ્છ કેમ ન હોય, પણ તેની આસક્તિ તેના પતનનું કારણ બને છે.

આપણા પ્રાચીન ધર્મગ્રંથોથી માંડીને અર્વાચીન ઈતિહાસનાં પુસ્તકોમાં આ અંગે અસંખ્ય ઉદાહરણો છે. કૈકેયીની પુત્ર પ્રત્યેની આસક્તિ અને રાજ્યગાદીના લોભે રામાયણ સર્જ્યું. દુર્યોધનના રાજ્યના લોભે મહાભારત સર્જ્યું. ઈશ્વરે મનાઈ કરી હોવા છતાં ઈવને ફળ ખાવાનો લોભ જાગ્યો અને ત્યારથી મનુષ્યને માટે સ્વર્ગના દરવાજા બંધ થઈ ગયા. વિશ્વનાં આ સુપ્રસિદ્ધ મહાકાવ્યોની રચનાના પાયામાં એ સત્ય રહેલું છે કે માણસનું પતન લોભ અને આસક્તિથી થાય છે.

યશ-કીર્તિનો લોભ પણ માણસને તેના ધ્યેયમાંથી ચ્યૂત કરી દે છે. સાધનાપથમાં સિદ્ધિઓ આવી મળતાં સાધકને પોતાની શક્તિઓના

પ્રદર્શનનો લોભ જાગે છે, અને તે જ ક્ષણે તેનું પતન શરૂ થઈ જાય છે. મનુષ્યને પોતાના જીવનનોય લોભ હોય છે. તેના પરિણામે મનુષ્ય પોતાના જર્જરિત દેહવસ્ત્રને અનેક થીંગડાં મારીમારીને ટકાવી રાખવાનો પ્રયત્ન કરે છે. તેથી તે રીબાય છે. પીડાય છે. પ્રકૃતિની જેમ પાકેલાં ફળની માફક પોતાનાં જર્જરિત થયેલાં વસ્ત્રને તે છોડી દઈ શકતો નથી. તેને જીવનનો એટલો બધો લોભ હોય છે કે તે પોતાના જીવનને પકડી રાખવા ફાંફાં મારે છે અને તેથી જ તે મૃત્યુને સહેલાઈથી સ્વીકારી શકતો નથી. મૃત્યુનો તેને ડર લાગે છે. જો તે જીવનનેં પ્રભુની અણમોલ ભેટ માનીને તેનો ઉપયોગ કરે તો તેનું જીવન સહજ બની રહે છે.

મનુષ્યનું સમગ્ર જીવન બધું સંગ્રહ કરવામાં ખર્ચાઈ જતું હોય છે. અંતે તે પામે છે શું? આ સંદર્ભમાં શ્રી ટૉલ્સ્ટૉયે એક સુંદર વાર્તા કહી છે. એક માણસને એમ કહેવામાં આવ્યું કે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના સમયમાં તે જેટલી જમીન પર દોડશે, તેટલી જમીન તેની. જમીન મેળવવાના લોભમાં તે દોડતો જ રહ્યો, હાંફતો રહ્યો, તો ય દોડતો જ રહ્યો. હજુ આટલી વધારે, તે આશામાં તે વધુ ને વધુ તીવ્ર ગતિએ દોડતો રહ્યો, ને સૂર્યાસ્ત સમયે તે જ્યાં પડ્યો, ત્યાં તેના પ્રાણ નીકળી ગયા, ત્યારે ફક્ત પાંચ ફૂટ જમીન જ તેની હતી! લોભમાં મનુષ્ય પોતાના અમૂલ્ય જીવનને વેડફી નાંખે છે, ને અંતે તેને કશું જ પ્રાપ્ત થતું નથી, એ ગૂઢાર્થ વ્યક્ત કરતી આ વાર્તા માનવસ્વભાવનું યથાર્થ નિરૂપણ કરે છે.

ખરેખર લોભ એ એવી નિમ્નવૃત્તિ છે કે જે મનુષ્યને સંકુચિત બનાવી દે છે ને સમૃદ્ધિનાં દિવ્ય સ્રોતોથી તેને વંચિત કરી દે છે. પ્રભુની દિવ્ય સમૃદ્ધિ જે પ્રત્યેક ક્ષણે વધુ ને વધુ વિશાળ અને સઘન સ્વરૂપે પ્રગટ થઈ રહી છે, તેનાથી વંચિત રહેવું એ જ શું પાપ નથી?

* * * * *

## ૯. સાચું સુખ - મનની શાંતિ

મનુષ્ય સદાકાળ સુખની પ્રાપ્તિ માટે જ જીવનમાં પ્રયત્ન કરતો આવ્યો છે. તે માટે તે સુખોપભોગનાં સાધનો ઉત્તરોત્તર વધુ ને વધુ ચઢિયાતા પ્રમાણમાં વિકસાવતો રહ્યો છે. મનોરંજન માટે તેણે અસંખ્ય સાધનો પણ સર્જ્યાં છે. રાત્રિને દિવસમાં પલટી નાંખે તેવી ઝાકઝમાળો સર્જીને તે સુખ મેળવવાની કોશિશ કરે છે. પણ સુખની શોધની પાછળની તેની દોટે તેના મનને જ અશાંત કરી દીધું છે, ચારે બાજુ ભટકતું કરી દીધું છે. આવા અશાંત, ભટકતા, ચંચળ મનને સુખનાં અગણિત સાધનોમાંથી એક પણ સાધન સુખ આપી શકતું નથી.

અમેરિકામાં ભૌતિક સમૃદ્ધિ અને સુખસગવડનાં સાધનોનો પાર નથી. છતાં ત્યાં અઢળક સંપત્તિમાં રહેનાર લોકોમાં પણ અશાંતિનું પ્રમાણ વધતું જાય છે. શ્રીમદ પ્રભુપાદ સ્વામીના એક અમેરિકન શિષ્ય કે જેઓ હરેકૃષ્ણ મિશનના અગ્રગણ્ય સ્વામી છે, તેઓ પોતાના જીવનની વાત કહેતાં જણાવે છે; "આ દુનિયાનાં સુખોપભોગનાં, કોઈ પણ સાધન એવાં નહીં હોય કે જેનો મેં ઉપભોગ ન કર્યો હોય, અત્યંત ધનાઢ્ય પિતાના એકના એક પુત્ર હોવાના નાતે મેં મારી નાની વયમાં જ દુનિયાનાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખસાધનોનો ઉપયોગ કરી લીધો છે. છતાં મન અશાંત રહેતું, ચિત્ત વ્યગ્ર રહેતું, હૃદય વ્યાકુળ રહેતું, ક્યાંય તૃપ્તિ થતી નહીં. ક્યાંયથી સાચું સુખ અને આનંદ મળતાં નહોતાં. અંતે સાચું સુખ મને શ્રીકૃષ્ણનાં ચરણોમાં મળ્યું છે. હવે હું અપાર શાંતિ અને અનંત આનંદનો અનુભવ કરું છું."

કુમાર સિદ્ધાર્થને પણ ઋતુ ઋતુનાં વિવિધ રાજમહેલો, સુખોપ-ભોગ ને રંગરાગનાં અગણિત ઉપકરણો, સ્વરૂપવાન પત્ની કે સુકુમાર પુત્ર, સાચું સુખ અને મનની શાંતિ આપી શક્યાં ન હતાં. અંતે બધું

છોડીને - મહાભિનિષ્ક્રમણ કરીને - તેમણે ઉગ્ર તપસ્યા કરી - બુદ્ધત્વને પામ્યા - સાચું જ્ઞાન મેળવ્યું ત્યારે જ તેમને શાશ્વત સુખ અને મુક્તિ મળ્યાં.

એથી ય આગળના ઉપનિષદ કાળમાં યાજ્ઞવલ્ક્ય અને મૈત્રેયીના સંવાદમાંથી સાચા સુખનો માર્ગ જાણવા મળે છે. જ્યારે યાજ્ઞવલ્કયે સઘળું છોડીને વનમાં જઈને તપશ્ચર્યા કરવાનું નક્કી કર્યું, ત્યારે તેમણે પોતાની બંને પત્નીઓ કાત્યાયની અને મૈત્રેયીને સઘળી સંપત્તિ વહેંચી આપી. તે સમયે મૈત્રેયીએ તેમને પૂછ્યું: "શું આ સઘળી સંપત્તિથી મને અમૃતત્ત્વની પ્રાપ્તિ થશે? તેનાથી મને શાશ્વત આનંદ પ્રાપ્ત થશે?" તેના ઉત્તરમાં ના મળતાં તેમણે કહ્યું;" જો મને અમૃતત્ત્વ ન મળે તો આ બધી વસ્તુ લઈને હું શું કરું?" અને તેઓ પતિની સાથે જ સઘળું છોડીને તપ કરવા ચાલી નીકળ્યાં.

સાચું સુખ એટલે ચેતનાની એવી સ્થિતિ કે જેમાં ખળભળાટ ન હોય, વ્યગ્રતા ન હોય, ચિંતા કે વ્યથા ન હોય, પણ હોય પ્રસન્નતા, સ્થિરતા, સમતા અને સંતોષ. આ તો ચેતનાની એક સ્થિતિ છે. એનો આધાર બાહ્ય પરિસ્થિતિ કે સાધનો ઉપર નથી. સમૃદ્ધિના વિપુલ ભંડારોથી આ સ્થિતિ મળતી નથી. ભોગવિલાસની તૃપ્તિથી પણ આવું સુખ મળતું નથી. ઊલટું એવી તૃપ્તિ પછી તો મળે છે એક અજંપો, એક ખાલીપો, એક ગ્લાનિ, કે જે સાચા આનંદથી મનુષ્યને દૂર દૂર ઘસડી જાય છે.

સાચું સુખ અંતરમાં છે. મનના સંતોષમાં છે. જો મન શાંત, સ્વસ્થ હોય તો બજારનો કોલાહલ પણ એ શાંતિમાં વિક્ષેપ કરી શકતો નથી. પણ જો મન અશાંત હોય તો તપોવનની શાંતિ પણ શીતળતા આપતી નથી. "અશાંતસ્ય કુતઃ સુખમ્." અશાંત માણસને સુખ ક્યાંથી મળે?

મનની શાંતિ ધનવૈભવથી ખરીદી શકાતી નથી. એ માટે તો મનુષ્યે પોતે જ પ્રયત્ન કરવો પડે છે. પોતાની જાતનું જાગ્રતપણે

અવલોકન કરવું પડે છે. માણસે પોતાની વર્તમાન ચેતનાની સ્થિતિમાંથી ઉપર ઊઠવું પડે છે. માણસની અંદર જ્ઞાનદ્રષ્ટિ ખૂલે તો જ મનની શાંતિ ને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. અને ત્યારે જ તેને સાચા સુખની પ્રાપ્તિ થાય છે. આવું સાચું સુખ પ્રત્યેક મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે. કેમ કે પ્રભુએ મનુષ્યમાં તે શાશ્વત આનંદ પ્રાપ્ત કરી શકે તેવી શક્યતા મૂકેલી જ છે. પણ તે પ્રાપ્ત કરવો કે નહીં, તેનો નિર્ણય પ્રભુએ મનુષ્યના ઉપર છોડ્યો છે. અને તેથી અજ્ઞાનથી આવૃત્ત મનુષ્યો ભૌતિક સુખસમૃદ્ધિમાં સુખને શોધી રહ્યાં છે, તેથી સાચા સુખથી તેઓ વંચિત રહી જાય છે અને જ્યારે તેમને સાચા સુખની ખબર પડે છે, ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે.

જેમની જ્ઞાનની દ્રષ્ટિ ખૂલી ગઈ છે, તેઓ કોઈ પણ પ્રકારની પરિસ્થિતિમાં સ્વસ્થ ને શાંત રહે છે. તેમના મનમાં બહારનાં તોફાનો ખળભળાટ ઉત્પન્ન કરી શકતાં નથી. એક કલાક પછી પોતાને ઝેર મળવાનું છે, અને પોતાનું અમૂલ્ય જીવન સમાપ્ત થઈ જવાનું છે, એ જાણવા છતાં સૉક્રેટિસની સ્વસ્થતામાં કોઈ ફેર પડ્યો ન હતો. શૂળી પર ચઢેલા ઈસુએ પોતાના હત્યારાંઓ માટે પણ પ્રભુને અંતિમ પ્રાર્થના કરી તેમને માટે માફી માંગી. પોતાને ઝેર આપનાર રસોઈયા જગન્નાથને વાટખરચીના પૈસા આપીને સ્વામી દયાનંદે ભગાડી મૂક્યો. તો વાસવદત્તા જેવી શ્રેષ્ઠ વારાંગનાના વૈભવશાળી મહાલયમાં સાધુ ઉપગુપ્તનું રૂવાડુંય ફરક્યું ન હતું. આવી વિકટ કે મોહક પરિસ્થિતિમાં જેઓ શાંત, સ્થિર અને સંયત રહી શકે, જેઓ અન્યનો વિચાર કરી શકે, તેમની આંતરચેતના કેટલી બધી સ્વસ્થ હશે? જેઓ સ્વમાં સ્થિર છે, તેઓ જ બહારના બધા જ બનાવોથી અસ્પૃશ્ય રહીને પોતાનાં કાર્યો કરી શકે છે. અને તેમને જ પ્રાપ્ત થાય છે સાચું સુખ. બાકી બધા સુખની ભ્રમણામાં જ ભટકે છે.

* * * * *

# ૧૦. યુગસંક્રાન્તિ

ભગવાન સૂર્યનારાયણ આજે ઉત્તરાયણ કરી રહ્યા છે. આ પર્વને આપણે મકરસંક્રાન્તિના પર્વરૂપે ઉજવીએ છીએ. આપણાં શાસ્ત્રોએ પણ સંક્રાન્તિ પર્વનો અપાર મહિમા ગાયો છે. પરંતુ આ સંક્રાન્તિ એટલે શું? સંક્રાન્તિ એટલે પરિવર્તન. સ્થગિતતા અને અંધકારમાંથી પ્રગતિ અને પ્રકાશ પ્રત્યેની ગતિ. સૂર્યનું ઉત્તરાગમન એટલે નિરાશા, અંધકાર, અજ્ઞાન અને અચેતનામાંથી આશા, ઉજ્જ્વળ પ્રકાશ અને ઉષ્માભરી ચેતનાં પ્રત્યેનું તેનું પ્રયાણ. અશુભમાંથી શુભમાં આરોહણ. ઉષ્મા વગરના દિવસો અને અંધકારભરી લાંબી રાત્રિઓમાંથી મુક્તિ.

પરંતુ આ ઊર્ધ્વારોહણ કંઈ એમ ને એમ થઈ જતું નથી. એ માટે તો પૃથ્વી માતાએ કાતિલ ઠંડીની સુસવાટાભરી દીર્ઘ રાત્રિઓ અને ચેતનવિહોણા દિવસોમાં જ પૂર્વતૈયારી કરવી પડે છે. પરિવર્તનનો કાળ હંમેશાં કપરો જ હોય છે. સ્થગિતતામાંથી ગતિમાં આવવાનું વિકટ જણાય છે. ઊર્ધ્વ પ્રત્યેની ગતિ તો ઘણી જ મુશ્કેલ છે. સામાન્ય રીતે પણ નીચે ઊતરવું સહેલું છે, જ્યારે ઉપર ચઢવું મુશ્કેલ છે. ટોચ પરથી ઊંડી ખીણમાં ગબડી પડતાં મુશ્કેલી થતી નથી. પણ નીચેથી ઉપર જવું, શિખર પરનાં સીધાં ચઢાણ કરવાં ઘણું જ મુશ્કેલ જણાય છે. આમ, એક સ્થાયી અવસ્થામાંથી બીજી અવસ્થામાં પહોંચવા માટેની જે પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, તે પ્રક્રિયા એટલે સંક્રાન્તિ કાળ.

પરિવર્તનની પ્રક્રિયાઓનો આ કાળ કપરો કાળ છે. પછી તે પ્રકૃતિનું, માનવનું કે પછી યુગનું પરિવર્તન કેમ ન હોય! માનવ પોતે જે સ્થિતિમાં છે, તેમાંથી તેને ઉપર જવું છે. બંધનો અને દુર્ગુણોમાંથી તેને છૂટવું છે. વિનાશમાંથી તેને વિકાસ પ્રત્યે વળવું છે. પણ તેને સમજ

પડતી નથી. તેને રસ્તો મળતો નથી. તે મનમાં અજંપો ને વ્યથા અનુભવે છે. તેને પોતાના પ્રયત્નોમાં વિશ્વાસ જાગતો નથી. તેને સફળતામાં શંકા રહે છે. આ સ્થિતિ એ તેના જીવનનો સંક્રાન્તિકાળ છે. તેણે આ સંક્રાન્તિકાળ પાર કરવો જ રહ્યો. તો જ એના જીવનમાં વસંતનું આગમન થઈ શકે. પ્રકૃતિની જેમ જ માનવે ધીરજ, ક્ષમતા અને સહનશીલતા દાખવીને પરિવર્તનનો આ કપરો કાળ વિહ્વળ થયા વગર પસાર કરવો જોઈએ. એમાં અપાર ધીરજની જરૂર છે. કેમ કે આ કાળ કેટલો લાંબો ચાલશે, તે પણ કહી શકાતું નથી. જેમ અંધકારભરી લાંબી રાત્રિઓ એક દિવસમાં જ અદ્રશ્ય થઈ જતી નથી, તેમ મનુષ્યના જીવનમાં જામેલો અંધકાર અને દુર્વૃત્તિઓ કંઈ વિચાર કરવામાત્રથી ચાલ્યાં જતાં નથી. એ માટે તો ધીરજ અને ખંતથી અવિરત મહેનત કરવી પડે. સંકલ્પને સતેજ રાખી ક્ષણેક્ષણની જાગૃતિ રાખવી પડે. અંધકારનાં પરિબળો બહુ જ હઠીલાં હોય છે એટલે તેઓ સહેલાઈથી પીછો છોડતાં નથી. આથી જ અશુભમાંથી શુભ અને અસત્યમાંથી સત્ય પ્રત્યેનું આરોહણ દુષ્કર જણાય છે. પરંતુ સંક્રાન્તિનું આ પર્વ આપણને સંદેશ આપે છે કે પ્રકૃતિની જેમ માનવે પણ ખંત અને ધીરજથી મંડ્યાં રહેવું, તો તેનું જીવન પણ વાસંતી વાયરાથી પ્રફુલ્લિત થઈ જશે અને નવી તાજગી ને ઉષ્માથી ખીલી ઊઠશે.

આજે આપણે એકવીસમી સદી તરફ ગતિ કરી રહ્યાં છીએ ત્યારે આ યુગ પણ જાણે એક સંક્રાન્તિકાળમાંથી પસાર થઈ રહ્યો હોય તેવું જણાય છે. એક બાજુ વિશ્વશાંતિ, માનવએકતા અને વિશ્વમાંથી આણ્વિક યુદ્ધોની નાબૂદી માટે નિઃશસ્ત્રીકરણના પ્રયત્નોની દિશામાં જગત આગળ વધી રહ્યું છે, તો બીજી બાજુ આતંક, હિંસા, રાષ્ટ્રવાદ, ધર્મઝનૂનતા, શોષણ, સંકુચિતતા - આ બધાં દુષ્ટ પરિબળો વિશ્વના

તખ્તા ઉપર પ્રબળ બની રહેલાં જણાય છે. જાણે આસુરિક શક્તિ વિશ્વનો કબજો મેળવવા મેદાને પડી હોય તેવું અનુભવાય છે. ત્યારે મનમાં પ્રશ્ન ઊઠે છે કે શું પૃથ્વી ઉપર પ્રેમનું, આનંદનું, પરસ્પર સુમેળ ને સુસંવાદિતાનું, સમગ્ર માનવજાતિની એકતાનું એવું સામ્રાજ્ય ક્યારેય નહીં સ્થપાય ? એ સંદર્ભમાં પૂ. માતાજીનાં આ વાક્યો આપણા હૃદયમાં આશાનો સંચાર કરી જાય છે; "અત્યારની સૃષ્ટિ વિસંવાદી અને તમોગ્રસ્ત છે. પણ એ એક અકસ્માત જ છે. એક અયોગ્ય રીતે થયેલી શરૂઆત જ છે. એક દિવસ એ જરૂર સુંદર, સંવાદી અને પ્રકાશપૂર્ણ બનશે. કારણ કે એ સિદ્ધિને પામવા માટે જ આ સૃષ્ટિની રચના કરવામાં આવી છે." આ વચનોમાં શ્રદ્ધા રાખીએ કે આ યુગ - સંક્રાન્તિ બાદ આ સૃષ્ટિ પ્રભુ નાં પ્રેમ, પ્રકાશ અને માધુર્યથી સભર બની રહે ને સ્વર્ગ સમી બની રહે.

* * * * *

જેને મોહ નથી તેને દુઃખ નથી. જેને તૃષ્ણા નથી તેને મોહ નથી. જેને લોભ નથી તેને તૃષ્ણા નથી, અને જેની પાસે લોભ કરવા જેવા કોઈ પદાર્થનો સંગ્રહ નથી, તેનામાં લોભ હોય જ નહિ.

**- ભગવાન મહાવીર**

# ૧૧. શ્રદ્ધા

શ્રદ્ધા એટલે દેખીતી તમામ નિષ્ફળતા છતાં અંતરમાં રહેલી શક્તિ સફળતાની ખાતરી આપી, એ માર્ગે જવા પ્રેરે, તે શક્તિ છે શ્રદ્ધા. જ્યારે ચારે બાજુથી વિરોધ થતો હોય, આપણું મન પણ સફળતા અંગે શંકા સેવતું હોય અને તે કાર્યનો ઇન્કાર કરતું હોય છતાં પણ આપણને એ કાર્યમાં જે ટકાવી રાખે છે તે છે શ્રદ્ધા. શ્રદ્ધા એ કોઈ બાહ્ય વસ્તુ નથી, પણ તે મનુષ્યના આત્મામાંથી આવતી એક શક્તિ છે. શ્રદ્ધા વિશે શ્રીઅરવિંદ કહે છે કે ;"કર્મ કરનારા, શોધખોળ કરનારા અથવા જ્ઞાનનું સર્જન કરનારા બધા જ શ્રદ્ધાથી શરૂઆત કરે છે. જ્યાં સુધી સાબિતી મળતી નથી કે કાર્ય સિદ્ધ થતું નથી ત્યાં સુધી નિરાશા, અસફળતા અથવા સાબિતી વગર નિષ્ફળતા હોવા છતાં તેઓ પોતાનું કાર્ય ચાલુ રાખે છે. કારણ કે તેમનામાં કોઈક વસ્તુ એવી હોય છે કે જે તેમને એમ કહે છે કે આ વસ્તુ સત્ય છે, અને તેનું અનુસરણ થવું જ જોઈએ." આમ, કોઈ પણ આધાર, સાબિતી કે પ્રમાણ વગર સત્યની ખાતરી આપતી માનવના અંતરમાં રહેલી વસ્તુ તે શ્રદ્ધા છે. કોઈ પણ ક્ષેત્રની સિદ્ધિના પાયામાં આ શ્રદ્ધા રહેલી છે. જો આ શક્તિ માનવના અંતરમાં ન હોય તો પ્રારંભની નિષ્ફળતાથી કાર્ય કદી આગળ વધે જ નહીં.

શ્રીમાતાજી શ્રદ્ધાને સર્વ સાક્ષાત્કારોની જનની કહે છે. એટલે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે શ્રદ્ધા હોવી અનિવાર્ય છે. 'હું આ જરૂર કરી શકીશ'એવી શ્રદ્ધા સાથે કોઈ પણ કાર્યનો પ્રારંભ કરવામાં આવે તો તેમાં છેવટે સફળતા પ્રાપ્ત થાય છે જ. તે સમયમાં સાગરની અતિ વિકટ ત્રણ ત્રણ સફરોની નિષ્ફળતા, સ્પેનના રાજા અને લોકોનો પણ વિરોધ, અને પછી તો પોતાના સાથીઓનો પણ વિરોધ-

આ બધાંની વચ્ચે પણ કોલંબસે શ્રદ્ધા ગુમાવી ન હતી. અને આખરે તેણે અમેરિકાની શોધ કરી. બરફનાં અનેક તોફાનો વચ્ચે પણ તેનસિંગ અને હિલેરી આત્મશ્રદ્ધાના બળે એવરેસ્ટ ઉપર પ્રથમ પગ મૂકી શક્યા. અસંખ્ય નિષ્ફળતાઓ છતાં સતત પ્રયત્ન ચાલુ રાખીને અંતે એડિસન પ્રકાશ રેલાવતો વીજળીનો બલ્બ શોધી શક્યા. આમ કોઈ પણ ક્ષેત્રની સફળતા માટે પાયામાં શ્રદ્ધા રહેલી જોવા મળે છે તેનાં અસંખ્ય ઉદાહરણો ઇતિહાસનાં પાને પાને આલેખાયેલાં છે. તમામ નિષ્ફળતાઓ વચ્ચે પણ મનુષ્યને ટકાવી રાખતી આ શક્તિ અદ્‌ભુત છે. જેઓ પોતાની અંદર રહેલી આ અદ્‌ભુત શક્તિ પ્રત્યે જાગૃત બની કાર્ય કરે છે, તેને માટે પછી કોઈ કાર્ય અશક્ય કે મુશ્કેલ રહેતું નથી.

આ તો પોતાની જાતમાં શ્રદ્ધા હોવાની વાત થઈ. પણ પ્રભુમાં શ્રદ્ધા હોવી એ તો આનાથી પણ મહાન વસ્તુ છે. પરંતુ બધા કંઈ એમ ને એમ જ પ્રભુમાં શ્રદ્ધા મૂકી શકતાં નથી. જેમને કદી જોયા નથી, જેમને આપણે ઓળખતા નથી, જેમનો સંપર્ક થશે કે કેમ તે પણ આપણે જાણતા નથી. અરે, જેઓ અસ્તિત્વમાં છે કે નહીં, તેની પણ હજુ આપણને ખબર નથી, તો પછી તેમનામાં શ્રદ્ધા કેવી રીતે મૂકી શકાય? આથી જ ઘણા લોકો એવું કહેતા હોય છે કે પહેલાં અમને પ્રભુની અનુભૂતિ થાય તો જ અમે તેમનામાં શ્રદ્ધા મૂકી શકીએ. પણ એય એટલું જ સાચું છે કે જ્યાં સુધી પ્રભુમાં શ્રદ્ધા ન હોય ત્યાં સુધી તેમની અનુભૂતિ પણ થતી નથી. પ્રભુની શોધ કરનારાઓ તો ફક્ત પોતાના અંતરની શ્રદ્ધાના બળે જ પ્રભુના માર્ગે ચાલી નીકળે છે. અને એમની એ અતૂટ શ્રદ્ધા જ એમને પ્રભુ સુધી લઈ જાય છે, જ્યારે શંકા કરનારાઓ અને સાબિતી માગનારાઓ આ માર્ગે એક ડગલું પણ આગળ ભરી શકતા નથી. તેઓ ચર્ચા - વિચારણા- પ્રશ્નો - દલીલો અને તર્કોમાં જ

અટવાયેલા રહે છે. આવા લોકો શ્રદ્ધાને મનની નબળાઈ કે અજ્ઞાનની નિશાની માને છે. આવા લોકો વિશે શ્રીમાતાજી કહે છે, "ઘણા લોકો શંકા ને નાસ્તિકતા સાથે માનસિક રીતે રમત રમતા હોય છે. તેઓ શ્રદ્ધાને સ્વીકારતા હોતા નથી. તેઓ માને છે કે અમે વહેમ અને અજ્ઞાનથી પર છીએ. પણ જો તમે શંકા અને નાસ્તિકતાનાં સૂચનો સાંભળશો તો તમે ગૂંચવાઈ જશો ને વિરોધોની ભૂલભુલામણીમાં ફસાઈ જશો. એમાંથી તમે બહાર નહીં આવી શકો. તમે તમારા આંતરસત્યથી એટલા બધા દૂર થઈ જશો કે એં દેખાતું બંધ થઈ જશે અને કેટલીક વાર તમે તમાંરા આત્માનો સંપર્ક ગુમાવી બેસશો." જો માણસ દરેક બાબતને શંકાની નજરે જુએ તો પછી તે ક્યારેય આગળ વધી શકતો નથી. તેની માનસિક સ્થિતિ પછી એવી બની રહે છે કે ધીમે ધીમે તે પોતાની જાત પ્રત્યે પણ શંકા સેવતો થઈ જાય છે. આવી મનોવૃત્તિ પ્રગતિને રૂંધે છે.

શ્રદ્ધાનો આધાર કોઈ પણ જાતના બાહ્ય સંજોગો ઉપર નથી. ઘણી વખત મનુષ્ય ઉપર વિપત્તિ આવી પડે અને ત્યારે તે કહેવા લાગે છે કે મેં આટઆટલું કર્યું તોયે ભગવાને મને આવા દુઃખના દિવસો આપ્યા. ભગવાનમાંથી મેં હવે શ્રદ્ધા ગુમાવી દીધી છે. આવી શ્રદ્ધાને શ્રીમાતાજી શ્રદ્ધા નહીં, પણ સોદો કહે છે. શ્રદ્ધા તો એ કે દુઃખમાં પણ એ એવી ને એવી જ ટકી રહે છે. એ એમ કહે છે કે મારા માટે જે સારું છે, તે જ ભગવાન કરી રહ્યા છે. મારું શ્રેય શેમાં છે, તે મારા કરતાં ભગવાન વિશેષ જાણે છે. આ શ્રદ્ધા મનુષ્યને દુઃખ અને વિપત્તિમાં પણ સમતા અને સ્થિરતા આપે છે અને પછી શ્રદ્ધાના બળ આગળ વિપત્તિઓની તાકાત ઓછી થઈ જાય છે. પછી તે મનુષ્યને ક્ષુભિત કરી શકતી નથી.

શ્રદ્ધાની બાબતમાં ઘણી વાર એવું પણ બને છે કે માણસ એવું

કહેવા લાગે છે કે મેં તો ભગવાનમાં શ્રદ્ધા મૂકી છે અને હવે તેઓ જ બધું કરી આપશે. અને પોતે હાથપગ હલાવ્યા વગર એમ ને એમ બેસી રહે તો આવી શ્રદ્ધાથી કંઈ કામ થતું નથી. શ્રીઅરવિંદ આવી શ્રદ્ધાને તામસી શ્રદ્ધા કહે છે. આ કંઈ સાચી શ્રદ્ધા નથી. આ તો જડતા છે. નિષ્ક્રિયતા છે. અહંકારની એક રમત છે. સાચી શ્રદ્ધા તો સક્રિય છે. તેમાં મનુષ્યે શ્રદ્ધા રાખીને ધ્યેયની દિશામાં કામ કરવાનું રહે છે. શ્રીમાતાજી આવી જડ નિષ્ક્રિયતા વિષે કહે છે, ''જડ નિષ્ક્રિયતામાં બેસવું અને કહેવું કે જો મને શ્રદ્ધાની જરૂર હશે તો તે મને ભગવાનની કૃપા આપશે એ આળસુ વલણ છે. અચેતનતા અને અસદ્ભાવનું વલણ છે. માણસ જેમ કોઈ મૂલ્યવાન વસ્તુનું જતન કરે, તેની દેખભાળ રાખે, તેમ તેણે પોતાની શ્રદ્ધાની દેખભાળ રાખવી જોઈએ. એ શ્રદ્ધાને નુકસાન પહોંચાડે તેવી બધી જ વસ્તુઓમાંથી તેની કાળજીપૂર્વક રક્ષા કરવી જોઈએ.

શ્રદ્ધાની મહત્તા બતાવતા શ્રીમાતાજી કહે છે : ''શ્રદ્ધા એ ભગવાનની કૃપાએ આપણને આપેલી અણમોલ ભેટ છે. સનાતન સત્ય પ્રત્યે ઓચિંતું ખૂલી જતું દિવ્ય દ્વાર છે જેના દ્વારા આપણે સત્યને જોઈ શકીએ છીએ, તેનો સ્પર્શ પામી શકીએ છીએ.'' આવી શ્રદ્ધાને મનુષ્યે પોતાની અંદર જગાડવી જોઈએ. તેને પકડી રાખવી જોઈએ અને તેની સતત વૃદ્ધિ કરવી જોઈએ. આવી શ્રદ્ધા જ માનવજીવનમાં પ્રભુને ઉતારી લાવે છે.

* * * * *

માનવીએ પ્રભુ પર એટલી શ્રદ્ધા રાખવી જોઈએ કે જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર ન પડે.

**- ઈસુ ખ્રિસ્ત**

---

# ૧૨. પ્રાર્થના

"ઉષાના ઉદય પૂર્વે, બીજી કોઈ પણ ક્ષણ કરતાં વિશેષ રૂપે એકાગ્ર ચિંતનની જે સ્વસ્થ શાંતિ છવાઈ રહેતી હોય છે, તેમાં મારું ચિત્ત, હે અમારા જીવનસ્વામી ! તારા પ્રત્યે આતુર પ્રાર્થનાપૂર્વક ચડે છે.

આ આવી રહેલો દિવસ પૃથ્વીને માટે તથા માનવોને માટે શુદ્ધ પ્રકાશની અને સાચી શાંતિની કંઈક વધુ પ્રાપ્તિ કરાવી આપો. તારો આવિર્ભાવ વધુ પૂર્ણ બનો અને તારો નિયમ વધુ સમજાઓ. માનવજાતિને સાચી વસ્તુનું દર્શન મળો. એક વધુ વિશાળ અને ગહન પ્રેમ છલકાઈ ઊઠો કે જેથી જગતના વેદનાભર્યા ઘા રુઝાઈ જાય અને સૂર્યનું આવી રહેલું આ પ્રથમ કિરણ આનંદ અને સંવાદિતાઓનો છડીદાર બની રહો...."

આજના સુપ્રભાતે શ્રીમાતાજીએ કરેલી આ પ્રાર્થના આપણી પણ પ્રાર્થના બની રહો. પ્રત્યેક પ્રભાત માણસને માટે નવું જીવન, નવી ચેતના અને નવી આશા લઈને આવે છે. પ્રત્યેક પ્રભાતે પૃથ્વીને અજવાળી રહેલાં સૂર્યનાં પ્રથમ કિરણો માણસને માટે નવું જીવન, નવી આશા, નવી ચેતના લઈને આવે છે. જ્યારે પૃથ્વી ઉપર આ નૂતન પ્રકાશ અને પ્રફુલ્લિત કરનારું ચૈતન્ય વરસી રહ્યું હોય તે સમયે મનુષ્ય જો કૃતજ્ઞતાપૂર્વક પરમાત્માને પ્રાર્થના કરે તો એના જીવનમાં પણ એ પ્રકાશ અને એ ચૈતન્ય ઊતરી આવે છે. એના દિવસની પ્રત્યેક ક્ષણ આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બની રહે છે. પછી દિવસના અંતે તેને નથી લાગતો થાક કે નથી અનુભવાતો બોજો કે નથી રહેતો ક્ષણોને નિરર્થક ગુમાવ્યાનો અફસોસ. પ્રભાતે કરેલી નાનકડી પ્રાર્થના તો બની રહે છે ચમત્કારિક ઔષધ કે જેનાથી એની કાર્યશક્તિ વધે છે. મન પ્રફુલ્લિત

રહે છે. ચિત્ત પ્રસન્ન રહે છે અને શરીર શક્તિથી ભરપૂર. સાચે જ તમામ આધિ, વ્યાધિ અને ઉપાધિને દૂર કરે તેવું પ્રાર્થના જેવું ચમત્કારિક ઔષધ બીજું એકેય નથી.

પ્રાર્થના એટલે પરમતત્ત્વ સાથેનું અનુસંધાન. આપણી જાતને પરમાત્મામાં તદ્રુપ કરી દેવાની પ્રક્રિયા. આપણી આંતરગુફામાં છુપાઈને બેઠેલા એ પરમ પ્રકાશમય પરમાત્માનું અવગૂંઠન દૂર કરવાની સહેલામાં સહેલી રીત. પ્રાર્થના શબ્દરૂપે પણ હોય અને અશબ્દ પણ હોય. તેમાં શબ્દોનું મહત્ત્વ નથી, પણ મહત્ત્વ છે અંતરના ભાવ અને શ્રદ્ધાનું. તીવ્ર ભાવે કરેલી પ્રાર્થના પ્રભુકૃપાને જીવનમાં ઊતારી લાવે છે. તે અશક્યને શક્યમાં પલટાવી નાંખે છે. મુશ્કેલીઓને આશીર્વાદમાં પરિવર્તિત કરી દે છે. સંઘર્ષ ને વ્યથાને પ્રગતિનાં સોપાનો બનાવી દે છે. અંધકારને પ્રકાશમાં ને અજ્ઞાનને જ્ઞાનમાં ફેરવી દે છે. માર્ગ ભૂલેલાં ને ભટકતાંની સમક્ષ માર્ગ ખુલ્લો કરે છે. સામાન્ય માણસ પણ જો સાચા દિલથી પ્રભુને, પોતાને આવડે તે રીતે પ્રાર્થના કરે તોપણ, તે મહાન બની જાય છે. આ સંદર્ભમાં ટૉલ્સ્ટૉયની એક સુંદર વાર્તા છે. એક ટાપુ ઉપર સાવ અણઘડ એવા ત્રણ માણસો રહેતા હતા. તેમને કોઈ સભ્ય રીત આવડતી ન હતી. તેઓ ત્રણેય સાથે મળીને દરરોજ સવારે ભગવાનને સાચા દિલથી પ્રાર્થના કરતા કે "હે ભગવાન તું ત્રણ છે, અમે ત્રણ છીએ. તું અમને તાર." ભગવાનની સમક્ષ તેઓ દરરોજ આટલું કહેતા. એક વખત ત્યાં એક પાદરી આવી ચડ્યો. આ ત્રણેયની આવી પ્રાર્થના સાંભળીને તેને થયું કે એમને સારી રીતે પ્રાર્થના કરતાં શીખવાડું. તેણે તેમને ખૂબ સારા શબ્દોમાં પ્રાર્થના શીખવાડી. તેમને એ પ્રાર્થના બરોબર આવડી ગઈ, પછી તે ત્યાંથી રવાના થયો, પણ બીજી જ સવારે તેઓ એ પ્રાર્થના ભૂલી ગયા અને પોતાની રોજિંદી જ પ્રાર્થના કરી. પણ પછી

થયું કે પાદરી પાસે જઈને તેમણે ફરી એ પ્રાર્થનાના શબ્દો શીખી લેવા જોઈએ. એટલે તેઓ પોતાની પ્રાર્થના કરીને પાદરીના વહાણને પકડવા સમુદ્રમાં કૂદી પડ્યા ને તેઓ તો કશાય આધાર વગર સમુદ્રમાં સડસડાટ ચાલવા લાગ્યા ને પાદરીના વહાણને પકડી પાડ્યું. તેમને આ રીતે આવેલા જોઈને પાદરી તો આશ્ચર્યમગ્ન બની ગયો, ત્યાં તેમણે કહ્યું, "તમે શીખવાડેલી પ્રાર્થના અમે ભૂલી ગયા છીએ. અમને ફરીથી શીખવાડો." પાદરીએ કહ્યું, "તમારે પ્રાર્થના શીખવાની હવે જરૂર નથી. ભગવાને તમને ખરેખર તાર્યા છે!" તેઓ જે રીતે આવ્યા હતા એ જ રીતે પાણીમાં સડસડાટ ચાલ્યા ગયા ત્યારે પાદરીને થયું કે "આવી પ્રાર્થના હું પણ કરી શકતો હોત તો!" આથી કોઈ પણ શબ્દ કેમ ન હોય, પણ તે ભગવાનને માટે વાપર્યો હોય, અને શ્રદ્ધાથી ઉચ્ચાર્યો હોય તો તે ભગવાનની પાસે જ સીધો પહોંચે છે. તેમાં શબ્દો નહીં પણ શ્રદ્ધા જ જરૂરી છે.

પ્રાર્થના માટે નિશ્ચિત સમય ને સ્થળ જાળવી શકાય તો ઉત્તમ. પણ એ જાળવી ન શકાય તોપણ તેમાં ચિંતા કરવાની જરૂર રહેતી નથી. પ્રાર્થના તો ગમે ત્યારે, ને ગમે તે સ્થળે થઈ શકે છે. પરમાત્માને પોકારવા માટે તો દરેક સ્થળ પવિત્ર છે અને દરેક ક્ષણ મંગલમય છે. આપણાં દુન્યવી માતા, પિતા, મિત્રો ને સ્વજનો કરતાં પણ તેઓ તો વધુ આત્મીય છે. વધુ સમીપ છે. જો આ સંબંધોમાં ગમે તે સમયે મુક્તપણે અંતરની વાતો કહી શકાતી હોય, તો પછી પરમાત્માને સ્થળ ને કાળનું બંધન કેવી રીતે નડે?

ઘણી વખત એવું પણ બને છે કે રોજેરોજ પ્રાર્થના કરવા છતાં તેનું પરિણામ આવતું જણાતું નથી, ત્યારે માણસ અધીર બની કહેવા લાગે છે કે ભગવાન મારી પ્રાર્થના સાંભળતા જ નથી. અને પછી તે

પ્રાર્થના કરવી છોડી દે છે! પણ આ મોટામાં મોટી ભૂલ છે. પ્રાર્થના છોડી દેતાં ભગવાન સાથેના અનુસંધાનનો માર્ગ કપાઈ જાય છે અને ભગવદ્કૃપા જે કાર્ય કરી રહી હોય છે, તેની આડે આપણે જ આ રીતે એક દીવાલ ઊભી કરી દઈએ છીએ. માતાપિતા પાસે બાળક અનેક પ્રકારની વસ્તુઓ માગતું હોય છે પણ માતાપિતા બધી જ વસ્તુઓ તેને કંઈ આપતાં નથી, કેમ કે તેઓ જાણે છે કે આ વસ્તુઓ તેના માટે નુકસાનકારક છે. તેથી બાળક ગમે તેટલી જિદ કરે તોપણ તે તેને આપતાં નથી. તો પછી પરમકૃપાળુ પરમાત્મા જેને આપણે શ્રદ્ધાપૂર્વક રોજેરોજ પ્રાર્થના કરીને નિવેદન કરીએ છીએ, તે આપણું અનિષ્ટ કદી થવા દે ખરા? આપણા હિતમાં ન હોય તો તેઓ આપણને આપતા નથી. અરે, ઘણી વાર તો આપણે માગ્યું હોય તેના કરતાં તદ્દન ઊલટી જ વસ્તુઓ બનવા લાગે છે. જ્યારે આવું થાય ત્યારે સમજવું કે પ્રભુ આપણને ખૂબ ઝડપથી પ્રગતિ કરાવવા ઇચ્છે છે. વળી, દરેક મનુષ્યને કર્મોનાં ફળ તો ભોગવવાં જ પડે છે. પણ પરમાત્માને તીવ્ર ભાવે પ્રાર્થના કરવાથી દુષ્કૃત્યોનાં ફળમાંથી જલદીથી મુક્તિ મળે છે.

પ્રત્યેક પ્રભાતે ફક્ત બે મિનિટ માટે જ મનુષ્ય જો દિલની સચ્ચાઈથી એકાગ્રતાપૂર્વક પ્રભુને પ્રાર્થના કરે કે હે પ્રભુ, તમે મારી અંદર વધુ ને વધુ પ્રગટ થાઓ! તો ધીમે ધીમે તેનું જીવન આશ્ચર્યકારક રીતે પલટાવા લાગે છે અને પ્રેમ, આનંદ, શંક્તિ ને જ્ઞાનથી સભર બની સાચા અર્થમાં પ્રભુમય જીવન બની રહે છે.

* * * * *

પ્રાર્થનામાં પાર વગરની શક્તિ છે.

- ગાંધીજી

---

# ૧૩. પ્રભુકૃપા

મૂંગાને બોલતો કરે, પાંગળાને પર્વત પર ચઢતો કરે, આંધળાને દેખતો કરે, મૂર્ખને પંડિત બનાવે, બંદીવાનને મુક્ત કરે, એ પ્રભુકૃપા એ તો માવનજાતિને પરમ પ્રભુએ આપેલી મોટામાં મોટી ભેટ છે કે જેના દ્વારા તમામ અશક્યતાઓનું અસ્તિત્વ નાબૂદ થઈ જાય છે. પરંતુ આપણે એ કૃપા પ્રત્યે જાગૃત નથી, એ કૃપા પ્રત્યે આપણા અંતરનાં બારણાં બંધ છે, અને એટલે જ એ કૃપા જે દિવ્ય શક્તિઓને આપણા માટે લાવે છે, તે આપણે મેળવી શકતાં નથી, અને પરિણામે આપણું જીવન દુઃખ અને વેદનાથી ભરેલું બને છે. પરંતુ દુઃખ અને વેદનાની વચ્ચે પણ જો માણસ પ્રભુકૃપાનું આહ્‌વાન કરે તો પ્રભુકૃપા તેને તેની વિકટ પરિસ્થિતિમાંથી જરૂર ઉગારી લે છે. શ્રીમાતાજી આ સંદર્ભમાં કહે છે; “જ્યારે બાહ્ય દેખાવો અંધકારમય લાગે, છતાં પ્રભુકૃપા આપણો ત્યાગ કરતી નથી. તે હંમેશાં આપણી સાથે જ છે. પ્રભુકૃપા જ આપણને સર્વ મુશ્કેલીઓમાંથી ઉગારી શકે છે. તે જ આપણને અંધકારભર્યા માર્ગમાંથી સહીસલામત રીતે ભગવાન પાસે દોરી જાય છે. જ્યારે બધું જ ગુમાવી દીધું હોય એવી લાગણી થાય, ત્યારે બધું જ બચાવી લેવામાં આવ્યું હોય છે. જ્યારે તમે તમારી પોતાની શક્તિમાં વિશ્વાસ ગુમાવી બેસો ત્યારે તમારે પ્રભુકૃપામાં વિશ્વાસ રાખવો જોઈએ.”

પ્રભુકૃપા કંઈ આપણાથી દૂર નથી. તે હંમેશાં હાજર જ છે, પણ તેને માટે હૃદયપૂર્વક પોકાર કરવો જોઈએ. શ્રીમાતાજી કહે છે કે “તમે તેની મદદ માગો તેની જ તે રાહ જોતી હોય છે. પણ માણસ કૃપાને કાર્ય કરવા દેતો નથી. ‘ઓહ, હું આ કામ નહીં કરી શકું.’ એવી લાગણી જ કૃપાને કાર્ય કરતાં અટકાવે છે.” કૃપાની બાબતમાં પહેલી વાત તો એ

કે આપણે તેને બોલાવતાં જ નથી, પરંતુ ક્યારેક, જ્યારે આપણે મુશ્કેલીઓથી ઘેરાઈ ગયાં હોઈએ, ત્યારે આપણી અંદરથી પ્રભુને સહાય કરવા માટેનો એક પોકાર ઊઠે છે, અને તે સમયે તેના પ્રત્યુત્તર રૂપે પ્રભુકૃપા આપણી અંદર ઊતરે છે. તે આપણી અંદર એક એવી શક્તિ જગાડે છે કે જો તે સમયે આપણે કરવા માંડીએ તો અશક્ય અને મુશ્કેલ જણાતું કામ જોતજોતામાં થઈ જાય છે. પણ તે સમયે આપણા મનનાં ખ્યાલો, પૂર્વગ્રહો, માન્યતાઓ, આપણે માની લીધેલી આપણી મર્યાદાઓ, આ બધું જ આડે આવીને ઊભું રહે છે, અને આપણે વિચારવા લાગીએ છીએ કે "આવું મુશ્કેલ કામ કંઈ મારાથી થઈ શકે?" આવા ઈન્કારને પરિણામે પ્રભુકૃપા પાછી ચાલી જાય છે. શ્રીમાતાજી કહે છે; "પ્રભુકૃપા તમારામાં કાર્ય કરવા માટે સતત તૈયાર હોય છે, પણ તમારે તેને કાર્ય કરવા દેવું જોઈએ. તેના કાર્યમાં રૂકાવટ ઊભી કરવી જોઈએ નહીં અને તે માટેની એક જ શરત છે - શ્રદ્ધા." પ્રભુકૃપામાં શ્રદ્ધા રાખીને જો કોઈ કામ કરવામાં આવે તો માનવમનને આશ્ચર્ય થાય તેવાં પરિણામો સર્જાય છે. આ વિષે શ્રીમાતાજી કહે છે; "જેઓ દિવ્યકૃપા અને સહાય માટે અભીપ્સા કરે છે, તેમના માટે હંમેશાં તે હાજર જ હોય છે. અને જ્યારે એને શ્રદ્ધા અને વિશ્વાસથી સ્વીકારવામાં આવે છે, ત્યારે તેની શક્તિ અમર્યાદ હોય છે."

પરંતુ ઘણી વાર માણસ મનમાં એમ વિચારે છે કે હું ભગવાનની કૃપાને લાયક નથી. મારામાં એવું કોઈ જ્ઞાન નથી, એવી કોઈ આવડત નથી. પછી મને ભગવાનની કૃપા કેવી રીતે મળે? આવા વિચારો તો વિરોધી શક્તિઓ માણસની અંદર લાવતી હોય છે. આ સંદર્ભમાં શ્રીમાતાજીએ કહ્યું છે; "તમારામાં જે પ્રતિકાર કરે છે, જે વિરોધ કરે છે, તેની વાત ન સાંભળો. વિશ્વાસ રાખો. સાચો વિશ્વાસ રાખો. ગણતરી

કર્યા વગર વિશ્વાસપૂર્વક તમારી જાતનું એ કૃપાને સમર્પણ કરી દો. તેમાં સોદો કરવાની ભાવના ન રાખશો. એવો વિશ્વાસ કે જે ભગવાનને એમ કહે કે ભગવાન ! તમે મારા માટે આ કે પેલું , જે તમને ઠીક લાગે તે કરો. હું બધું જ તમારા ઉપર છોડું છું. આવા સમર્પણભાવ સાથે શ્રદ્ધા હોય તો ભગવાનની કૃપા તમારા માટે જે ઉત્તમ અને શ્રેષ્ઠ હોય તે જ કરે છે.''

ભગવાનની કૃપા માટે વ્યક્તિમાં જ્ઞાન હોવું પણ જરૂરી નથી. અશિક્ષિત, અણઘડ વ્યક્તિઓ પણ કૃપાપાત્ર બનેલી જોવા મળે છે. એને માટે તો દિલની સચ્ચાઈ અને કૃપા માટેના તીવ્ર પોકારની જ આવશ્યકતા છે. વળી, કૃપાનો આધાર બાહ્ય પરિસ્થિતિ ઉપર પણ નથી. શ્રીમાતાજી કહે છે......''એટલે માણસમાં ભલે બિલકુલ જ્ઞાન ન હોય, પણ જો તેનામાં ભગવાનની કૃપા જેવી કોઈ વસ્તુ રહેલી છે, ને તે પ્રાર્થના અને અભીપ્સાને પ્રત્યુત્તર આપી રહેલી છે, આ બાબતમાં જો વિશ્વાસ હોય, જો તે તેને દરમિયાનગીરી કરવા વિનવે તો તેને સફળ થવાની ઉજ્જ્વળ તક રહેલી છે. પ્રયત્ન કરો તો તમે ચોક્કસ પરિણામ જોઈ શકશો.'' જેમ સૂર્યપ્રકાશ બધા પર સરખો જ પડે છે, તેમ પ્રભુકૃપા પણ બધા ઉપર સરખી જ વહેતી હોય છે. પણ દરેક વ્યક્તિ પોતાની ગ્રહણશક્તિ અને પ્રકૃતિ પ્રમાણે તેને પોતાની અંદર કાર્યાન્વિત કરી શકે છે. તેનો આધાર અંતરની અભીપ્સા અને ખુલ્લાપણા પર રહેલો છે.

ઘણી વાર આપણે એવું ઈચ્છીએ છીએ કે ભગવાનની કૃપા આપણને ચોક્કસ કાર્યમાં સહાય કરે તો આમ આપણા કાર્ય માટે તેની મદદ માંગવી યોગ્ય કહેવાય કે નહીં? આ વિષે માર્ગદર્શન આપતાં શ્રીમાતાજી કહે છે કે; ''ઉત્તમ પરિસ્થિતિ તો એ છે કે ભગવાનની કૃપાને જેમ કરવું હોય તેમ કરવા દેવું પણ ખરેખર જો કોઈ વસ્તુ મેળવવી હોય

તો પછી દિલની પૂરી સચ્ચાઈથી તે માગણી ભગવાનની કૃપા પાસે રજૂ કરી દેવી. એ વધારે સારું છે. પછી તે કાર્ય કરવું કે ન કરવું, એ વસ્તુ આપવી કે ન આપવી તે ભગવાનની કૃપા ઉપર આધારિત છે.'' આ રીતે ભગવદ્‌કૃપા પાસે માગણી કરવી એ કંઈ ખોટું નથી. પણ ખોટું તો ત્યારે થાય છે કે ભગવાનની કૃપા પાસે માગણી મૂકી અને પછી જો એ પ્રમાણે ન થયું ને માણસ બળવો પોકારે ને ઉદ્દંડ બની જાય તો એ ખરેખર ખોટું છે. ત્યારે માણસે એમ સમજવું જોઈએ કે તેની અભીપ્સા સાચી નહીં હોય અથવા તો જે વસ્તુની તેણે માગણી કરી છે તે તેના હિતમાં નહી હોય. ભગવાનની કૃપા પાસે કેવી રીતે માંગણી કરવી જોઈએ એ વિષે પણ શ્રીમાતાજીએ માર્ગદર્શન આપ્યું છે કે ''....... પણ ખરેખર તો મનુષ્યે ભગવાન પાસે એ રીતે માંગવું જોઈએ કે મારા માટે જે જરૂરનું હોય તે કરો. મારા અસ્તિત્વના સત્ય પ્રત્યે મને દોરી જાઓ. તમારા પરમ જ્ઞાનમાં તમને જણાય કે મને આ વસ્તુની જરૂર છે, તે મને આપો.'' આ રીતે ભગવાન પાસે માગણી કરીને તેની કૃપાને જો મુક્ત રીતે કાર્ય કરવા દેવામાં આવે તો ભગવાનની કૃપા એને સીધી ભગવાન પ્રત્યે જ દોરી જાય છે.

પરંતુ મનુષ્ય પોતાના મનથી કૃપાના કાર્યને સમજી શકતો નથી. તેને ઓળખી પણ શકતો નથી. એક વખત પણ જો માણસને કૃપાનો સ્પર્શ થઈ જાય તો પછી વસ્તુસ્થિતિ સદંતર બદલાઈ જાય છે. ક્ષણભરનો કૃપા - સ્પર્શ મનુષ્યના આંતરચક્ષુને ખોલી નાંખે છે ને પછી તો જગતને જોવાની તેની દ્રષ્ટિ જ બદલાઈ જાય છે. પ્રભુકૃપા તો મહાન ચમત્કારોની સર્જક છે. તેના માટે કશું પણ અશક્ય, અવિરોધ્ય કે મુશ્કેલ નથી. તે પ્રચંડ છે, છતાં કરુણાથી સભર છે. તે શક્તિદાયિની છે. તે મહાન પરિવર્તનકારી છે. તે પ્રભુના પ્રેમથી પરિપૂર્ણ છે. તે જ્યારે માનવના

અંતરમાં ઊતરી આવે છે ત્યારે માનવની ચેતનાને જાણે અનંતમાં ઉડ્ડયન કરવાની પાંખો ફૂટી હોય એવી અસીમ શક્તિને વિશાળતાનો તેને અનુભવ થવા લાગે છે. શ્રીમાતાજી કહે છે; "એક વાર પણ જો તમે એ કૃપાને જુઓ, તો પછી તમે તેને કદી ભૂલી નહીં શકો. પછી તમને જણાશે કે હવે મને કોઈ ભય રહ્યો નથી. વ્યથા, પરિતાપ, પીછેહઠ પણ રહ્યાં નથી. દુઃખ પણ રહ્યું નથી." આવી પરમપ્રભુના અંતરમાંથી અવિરતપણે વહેતી કૃપાધારામાં આપણે પણ આપણા જીવનને વહેતું મૂકી દઈએ એવી આજના સુપ્રભાતે પ્રાર્થના.

* * * * *

શ્રદ્ધાને પ્રાણોમાં ભરીને જે જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે છે તે જ મુક્ત જ્ઞાન કહેવાય છે. આજના ઉપાર્જિત જ્ઞાનના કેદી હોવાનું કારણ એ જ છે કે જીવન પ્રત્યે આપણી શ્રદ્ધા લુપ્ત થઈ ગઈ છે. શ્રદ્ધા જ્ઞાનનો પ્રાણ છે. તેના વગર માત્ર શબ છે.

- ગોપાલાચાર્ય

## ૧૪. પરમ પદની પ્રાપ્તિ

પરમાત્માના સચ્ચિદાનંદ સ્વરૂપમાં એકરૂપ થઈ જવું અને એ સ્વરૂપમાં જ સતત વસવું એ જ છે. માનવજીવનનું પરમ પદ. આ પદ પ્રાપ્ત કરવું એ જ છે માનવજીવનનું સાચું લક્ષ્ય. માનવજીવનનું સાચું કર્તવ્ય. જાણ્યે - અજાણ્યે પણ મનુષ્ય આ જ લક્ષ્ય પ્રત્યે ગતિ કરી રહ્યો છે. કેટલાક સભાનપણે આ લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે, તો પોતાના લક્ષ્યને જલદી પ્રાપ્ત કરે છે. બાકી મોટા ભાગના તો અસંખ્ય જન્મમરણના ચક્રાવામાં અટવાતા અટવાતા - પણ આ દિશામાં ગોકળ-ગાયની પેઠે ગતિ કરી રહ્યા છે, પણ જ્યાં સુધી આ લક્ષ્યાંક પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સુખ, દુઃખ, જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, ઉપાધિ આ બધાંમાંથી ફરીફરીને મનુષ્યે પસાર થયા જ કરવું પડે છે.

પરમ પદને પ્રાપ્ત કરવા માટે મનુષ્યે ક્યાંય દૂર જવાનું નથી. તેણે ફક્ત પોતાની અંદર જાગૃત જ થવાનું છે. તેણે જે યાત્રા કરવાની છે, તે અંતરમાં જ કરવાની છે. અલબત્ત, ભૌતિક યાત્રા કરતાં પણ આ યાત્રા કપરી છે, જોખમી છે. પણ ભૌતિક યાત્રાના અંતે મનુષ્ય થાક અનુભવે છે. તેની શક્તિઓ ક્ષીણ થઈ જાય છે, જ્યારે આ યાત્રા મનુષ્યને પરમાત્માની સમીપ લઈ જાય છે. તેને પ્રેમ અને આનંદથી સભર કરી દે છે અને પરમાત્માની દિવ્ય શક્તિઓથી તે સંપન્ન બને છે. પણ માર્ગમાં જોખમો અને ભય પણ એટલાં જ છે. આંતરયાત્રાના આ માર્ગમાં, પરીકથાઓમાં જેમ આવે છે, તેમ સિદ્ધિઓના લોભામણા મોહક પ્રદેશો પણ આવે છે. જો દ્રષ્ટિ લક્ષ્યગામી ન હોય અને મનમાં ક્યાંક પણ સૂક્ષ્મ ઇચ્છાઓ રહી ગઈ હોય તો અધવચ્ચે જ યાત્રિક અટકી જાય છે. ઘણી વખત તો આ જ અંતિમ લક્ષ્ય છે, આનાથી આગળ બીજું

હોઈ શકે જ નહીં, એમ માનીને મન ને પ્રાણના પ્રદેશોમાં અટવાઈ જાય છે. એ તો ધ્રુવ કે નચિકેતા જેવા કોઈક વિરલ જ એવા હોય છે કે કોઈ પણ જાતનાં ઐહિક ઐશ્વર્યોની લાલચમાં ફસાયા વગર પોતાના પરમ ધ્યેયને જ વળગી રહે અને અંતે પરમ પદને પ્રાપ્ત કરે છે.

મનુષ્યના અંતરમાં બેઠેલો પ્રભુ તો ક્યારનોય પ્રતીક્ષા કરી રહ્યો છે કે અંતરદ્વાર ખોલીને કોઈ એની સમીપ આવે. પણ મનુષ્ય બહારના ઝાકઝમાળ અને વૈભવથી એટલો બધો અંજાઈ ગયો છે કે પોતાના અંતરમાં તે દ્રષ્ટિ કરી શકતો જ નથી. પરિણામે અંદરમાં રહેલા મહાન ઐશ્વર્યની તેને ખબર જ પડતી નથી. પણ જેમણે પોતાની દ્રષ્ટિ અંતરમાં વાળી છે અને જેમને સહેજ પણ એ મહાન ઐશ્વર્યની ઝાંખી થઈ છે, તે પછી તેને પ્રાપ્ત કર્યા વગર રહી શકતા જ નથી. આના સંદર્ભમાં શ્રીરામકૃષ્ણ પરમહંસે એક ઉદાહરણ આપ્યું છે કે એક રૂમમાં ચોર ભરાયો હોય અને તેને ખબર પડે કે બાજુના ઓરડામાં રત્નોનો ભંડાર ભર્યો છે, તો એ શાંત રહી શકશે ખરો? કોઈ પણ ભોગે એ રત્નો મેળવશે જ. આ રીતે જ માણસ એક વાર પોતાની અંદરના ખજાનાને જાણે, પછી તે તેને મેળવ્યા વગર જંપી શકતો જ નથી.

પણ પ્રશ્ન એ છે કે એ આંતરઐશ્વર્યને જાણવું કઈ રીતે? હૃદયની બંધ ગુફાને ખોલવી કઈ રીતે ? જેમણે આ ગુફાને ખોલીને વૈભવ પ્રાપ્ત કર્યો છે, તેવા સંતોનો અનુગ્રહ, ગુરુનું માર્ગદર્શન, ઉત્કટ અભીપ્સા, દ્રઢ સંકલ્પશક્તિ, ભગવદ્કૃપામાં અવિચલ શ્રદ્ધા ને ભક્તિ દ્વારા એ દ્વાર અવશ્ય ખૂલે છે. પણ એ કઈ રીતે ખૂલે છે, તે કહી શકાતું નથી. દરેકને માટેની પદ્ધતિ અલગ અલગ જ હોય છે. આથી એકની ચાવી બીજાને લાગુ પડતી નથી. દરેકે એ માટે પોતે જ પ્રયત્ન કરવો જ પડે છે. અલબત્ત, માર્ગમાં સહાય જરૂર મળે છે. પણ ચાલવાનું તો

વ્યક્તિએ પોતે જ છે. જ્યારે એ દ્વાર ખૂલે છે ત્યારે વ્યક્તિ પોતે જ અનુભવે છે કે અરે, પ્રભુ તો જરા પણ દૂર નથી, એ તો છે મારું મૂળ ને સાચું સ્વરૂપ. એ જ તો છે જીવનનું જીવન અને પરમ પ્રકાશ. તેઓ તો આટલા બધા નિકટ છે! પછી તો જીવનની દ્રષ્ટિ જ બદલાઈ જાય છે. જેમણે અંતરમાં રહેલા પ્રભુ સાથે તાદાત્મ્ય સાધી લીધું, એમને માટે બહાર સર્વત્ર વ્યાપીને રહેલા પ્રભુ સાથે પણ તાદાત્મ્ય આપોઆપ સધાય છે. પછી તો ભેદ રહેતા જ નથી. દ્રષ્ટિ બદલાઈ જાય છે. જીવન પણ સદંતર બદલાઈ જાય છે. પછી પ્રભુને માટે, પ્રભુની પ્રેરણાથી, સઘળાં કાર્યો થવા લાગે છે. એ જીવનમાં છે મુક્તિનો આનંદ, હળવાશ, પ્રભુની તદ્રુપતાની વ્યાપકતા ને પ્રેમ, પ્રકાશ ને શાંતિની સહજ સ્થિતિ. આ જ છે પરમ પદ. માનવ જીવનનું અંતિમ ધ્યેય.

* * * * *

શાસ્ત્રો અનેક છે, વિદ્યાઓ પણ અનેક છે. સમય બહુ જ અલ્પ છે. વિઘ્ન - બાધાઓ પણ અનેક છે. એટલા માટે જેમ હંસ જળમિશ્રિત દૂધમાંથી જળને અલગ કરીને કેવળ દૂધ જ પી જાય છે, તેવી જ રીતે નિરર્થક કાર્યો છોડીને જે કાંઈ સારભૂત હોય તેને ગ્રહણ કરવું જોઈએ.

**- ચાણક્ય**

## ૧૫. ઇન્ટરકોમ - (આંતરસંદેશ)

પ્રભાતનું પ્રથમ કિરણ ફૂટે અને પંખીઓનો મધુર કલરવ શરૂ થઈ જાય. વૃક્ષો પણ અંધકારને ખંખેરીને પ્રકાશને ઝીલવા સજ્જ બની જાય. નાની કળીઓ ખીલું ખીલું થતી હસી ઊઠે અને તેમનો પમરાટ સર્વત્ર વ્યાપી જાય. પશુઓ પણ જડતાને ખંખેરીને સ્ફૂર્તિ મેળવવા ગતિમાન બની જાય. ધરતીના કણેકણ ચૈતન્યને ઝીલવા સજ્જ બની જાય. પ્રભાતના સોનેરી આગમનનો સંદેશ સહુને કોણે આપ્યો? પશુપક્ષીની સૃષ્ટિમાં ચેતના કોણે જગાડી? કેવી અદ્‌ભુત છે આ સ્વયં-સંચાલિત સંદેશાવ્યવસ્થા? ક્યાંય કોઈ તારનાં દોરડાં રણઝણતાં નથી અને છતાં સમગ્ર સૃષ્ટિ આ સંદેશ ઝીલે છે! પ્રકૃતિની આવી અદ્‌ભુત સંદેશાવ્યવસ્થા જોઈને તો મનુષ્યે ટેલિફોનની વ્યવસ્થા વિકસાવી નહીં હોય ને?

આજે વિજ્ઞાનની મદદથી, વિશાળ ફૅક્ટરીઓ અને બહુમાળી મકાનો અને મોટી સંસ્થાઓમાં ઇન્ટરકોમની વ્યવસ્થા રાખવામાં આવે છે કે જેથી સંચાલનમાં સુવિધા રહે. પ્રત્યક્ષ ગયા વગર જ તાત્કાલિક સંદેશો પહોંચાડી શકાય. તેમાં સમય ને શક્તિનો બચાવ થાય અને કાર્ય ઝડપી બને. આંતરસંચાલન માટેની આ સંદેશાવ્યવહાર વ્યવસ્થાને ઇન્ટરકોમ એવું નામ ભલે વિજ્ઞાને આપ્યું, પણ વિચાર કરતાં જણાશે કે ઇન્ટરકોમની મૂળભૂત વ્યવસ્થા તો જગતના મહાન સંચાલક પ્રભુ પાસે જ રહેલી છે. મનુષ્ય તો વૈજ્ઞાનિક ઉપકરણો દ્વારા એની એક નાનકડી આવૃત્તિ જ બનાવી શક્યો છે, અને એના ઉપર પણ તેનો સંપૂર્ણ કાબૂ તો છે જ નહીં. જરા નજર તો કરો. ભગવાન પોતે પ્રત્યક્ષ રૂપે ક્યાંય દેખાતા નથી. છતાં જગતનું કેવું અદ્‌ભુત સંચાલન ચાલી રહ્યું છે. જ્યારે

જે થવું જોઈએ તે જ થાય છે. સમગ્ર વિશ્વના ધબકતા હૃદયમાં આ જડ-ચેતન સૃષ્ટિના તારો ગૂંથાયેલા હોય, એમ એ અદ્રશ્ય તારો સતત રણઝણતા જ રહે છે. અને પ્રભુનો સંદેશ પ્રસરાવતા જ રહે છે. તોફાન, આંધી કે ઝંઝાવાતની પ્રથમ એંધાણી પશુ- પક્ષીઓને આવી જાય છે. અને તેઓ તુરત જ પોતાના માળા ભણી પાછાં ફરવા લાગે છે. કેમ કે તેઓ પોતાની મૂળભૂત વિરાટ પ્રકૃતિ સાથે જોડાયેલાં છે. તેમનું આંતર-સંવેદન તંત્ર જાગૃત છે, જ્યારે મનુષ્યે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી પ્રકૃતિની સમતુલામાં વિક્ષેપ પાડી દીધો છે. પ્રકૃતિ સાથેના તાદાત્મ્યનો નાતો ગુમાવી દીધો છે. પરિણામે તે પ્રકૃતિના ફેરફારોના સંદેશને પોતાની આંતરચેતનાના તંત્ર ઉપર હવે ઝીલી શકતો નથી.

અલબત્ત, પોતાની બુદ્ધિપ્રતિભાનો ઉપયોગ કરીને વિજ્ઞાન અને ટેકનોલૉજીની સહાયથી મનુષ્યે ઘણી સિદ્ધિઓ હાંસલ કરી છે. પણ વિજ્ઞાનને પણ એક મર્યાદા છે. તે ઈશ્વરદત્ત શક્તિઓ પ્રદાન કરી શકતું નથી કે એ શક્તિઓની હરોળમાં પણ ઊભી શકતું નથી. ભૌતિક વિકાસની દોડમાં મનુષ્ય ઈશ્વરદત્ત પોતાના ઇન્ટરકોમના ઉપયોગને ભૂલી ગયો છે. ક્યારેક તેને પોતાના અંતરમાં એવા કોઈ સંદેશા મળે છે પણ ખરા, પણ તે બાહ્ય કાર્યોમાં એવો તો ઘેરાઈ ગયેલો હોય છે કે એ સંદેશાને પૂરા સાંભળતો પણ નથી. અથવા તો ઘણી વાર એ સંદેશાઓને તે દબાવી પણ દેતો હોય છે.

માનવજીવનમાં કોઈ શુભ ક્ષણે તેના ઇન્ટરકોમની ઘંટડી રણઝણી ઊઠતી હોય છે. ઊર્ધ્વમાંથી આવતા સંદેશા ક્યારેક તેનું અંતર ઝીલી પણ લે છે. પણ ઘણી વખત એમાં ભેળસેળ થઈ જાય છે. એના એ સ્વરૂપમાં એ સંદેશા ઝીલાતા નથી હોતા. એમાં માણસના મનની ઇચ્છાઓ, પ્રાણની લાલસાઓ પણ ભળી જતી હોય છે. અને એવા

મિશ્રિત સંદેશાને તે પ્રભુનો સંદેશ માનીને તેના ઓઠા હેઠળ પોતાની ઇચ્છાઓની તૃપ્તિ કરે તો તેનું પતન જ થાય છે. ઘણી વાર પોતાની ઇચ્છાઓના સંતોષ માટે મનુષ્ય એ સંદેશનો અર્થ પોતાની રીતે ઘટાવે છે, ત્યારે પણ અધ:પતન સર્જાય છે. આથી પ્રભુના સંદેશાને ઝીલવા માટે મનુષ્યે પહેલાં તો પોતાની જાતને તૈયાર કરવી પડે. પોતાના હૃદયને વિશુદ્ધ અને નિર્મલ બનાવવું પડે. પોતાના ચિત્તને અહંકારશૂન્ય કરવું પડે અને ઈશ્વરની સાથે પોતાના અંતરનો તાર અતૂટપણે જોડાયેલો રાખવો પડે. તો જ ત્યાંથી આવતા સંદેશાને એના એ સ્વરૂપમાં ઝીલી શકાય. પણ આટલું જ પર્યાપ્ત નથી.એ પછી એ સંદેશ મુજબ પોતાના જીવનનું ગઠન પણ કરવું જોઈએ. એ મુજબ જીવનમાં પરિવર્તન કરવું જોઈએ, તો પ્રભુ સાથેનો સંદેશાવ્યવહાર અવિરત ચાલુ રહે છે. અને પછી તો એક સ્થિતિ એવી પણ આવે છે કે ઇન્ટરકોમની જરૂર જ પડતી નથી. પ્રભુ સ્વયં જ સઘળું સુકાન હાથમાં લઈ લે છે અને તે આધારમાં સીધેસીધું કાર્ય કરે છે. તેવો મનુષ્ય પ્રભુના આ વિરાટ તંત્રનો એક ભાગ બનીને સ્વયં ઇન્ટરકોમનું એક શક્તિશાળી કેન્દ્ર બની જાય છે.

* * * * *

સુખ ચાહનારને વિદ્યા અને વિદ્યાર્થીને સુખ ક્યાંથી હોય?

**- મહાભારત**

## ૧૬. ટ્રાફિક સિગ્નલ

વિરાટ બ્રહ્માંડમાં જરા નજર તો નાંખો, આપણા સૂર્યથી પણ અનેક ગણા પ્રચંડ શક્તિશાળી ને વિરાટ એવા અસંખ્ય તારાઓ, ગ્રહો, નક્ષત્રો, નિહારિકાઓ બ્રહ્માંડમાં આવેલાં છે, ને પાછાં બધાં જ એકધારી પોતપોતાની ગતિમાં ઘૂમી રહ્યાં છે. બ્રહ્માંડમાં કશું પણ સ્થિર નથી. આપણો ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, ને સૂર્ય પાછો પોતાની ભ્રમણકક્ષામાં અવિરત ફરી રહ્યો છે! આમ વિરાટ બ્રહ્મમાં બધું જ ફરી રહ્યું છે અને છતાં કોઈ અથડાતું નથી કે નથી અકસ્માત થતા! જો ત્યાં અકસ્માત થાય તો પ્રલય જ સર્જાય, પણ ત્યાં દરેકની ગતિ મર્યાદામાં છે. ત્યાં બધું નિયમબદ્ધ અને ચોક્કસ પ્રકારની ગણતરી મુજબ થઈ રહ્યું છે. અદ્‌ભુત છે આ ટ્રાફિક નિયંત્રણની વ્યવસ્થા! આ સતત ગતિમાન રહેતા આવા વિરાટ પદાર્થોનું નિયંત્રણ કોણ કરતું હશે? કેવી રીતે કરતું હશે? માનવબુદ્ધિ આનો ઉત્તર આપી શકે તેમ નથી.

આ તો વિરાટ બ્રહ્મની નિયંત્રણવ્યવસ્થાની વાત થઈ. પણ જરા આપણા ભૌતિક - સ્થૂલ હૃદયમાં ડોકિયું કરીએ તો ત્યાં પણ અદ્‌ભુત ટ્રાફિક વ્યવસ્થા જોવા મળે છે. હૃદય નિયમિત રીતે ધબકે છે. શરીરની નાનામાં નાની રક્તવાહિનીથી માંડીને ધમની સુધીની નસોમાં રુધિરાભિસરણ વ્યવસ્થિત રીતે ચાલે છે. અશુદ્ધ લોહી હૃદયમાં ઠલવાય છે. શુદ્ધ બનીને પાછું શરીરના એક એક કોષ સુધી પહોંચે છે. ખોરાકનો પુરવઠો જઠરમાં આવે છે ને એકસાથે જાતજાતના પદાર્થો તૈયાર કરવાની ફૅકટરી ધમાધમ ચાલુ થઈ જાય છે. એમાં તૈયાર થયેલાં અનેક પ્રકારનાં તત્ત્વો - સત્ત્વોને પાછાં યથાસ્થાને પહોંચાડવામાં આવે છે.

અંદર કેટલી બધી કામગીરી સતત ચાલતી હોય છે કે કોઈને નિરાંતનો શ્વાસ લેવાનીય ફુરસદ હોતી નથી. આટલું સૂક્ષ્મ છતાં વિશાળ પાયા ઉપર સતત કામ ચાલુ જ રહેતું હોવા છતાં ક્યાંય અથડામણ થતી નથી કે ગરબડ ઊભી થતી નથી. અલબત્ત, આ વ્યવસ્થામાં જો મનુષ્ય હાથે કરીને એના તંત્રમાં આડખીલી ઊભી કરે કે એના નિયમોનો ભંગ કરે તો આ સ્વયંસંચાલિત વ્યવસ્થા ખોરવાઈ જાય ને પછી ટ્રાફિક જામ થઈ જાય એટલે અવ્યવસ્થા સર્જાય. શરીરની સમતુલા ભાંગી પડે અને એમાંથી ઊભા થાય અનેક પ્રકારના રોગો. આ તો સ્થૂલ શરીરની વાત થઈ. પણ ભગવાને આપણા મનમાંય ટ્રાફિક સિગ્નલ મૂકેલો જ છે.

રસ્તા ઉપર બેફામ ગતિએ ચાલતાં વાહનો અકસ્માત સર્જી ન દે તે માટે ચેતવણી આપવા માટે મોટાં શહેરોમાં ઑટોમેટિક સિગ્નલની વ્યવસ્થા રાખવામાં આવે છે. એટલે વાહનો અને રાહદારીઓ લાલ અને લીલી બત્તીને અનુસરીને જ રસ્તો પાર કરે જેથી અકસ્માત ન સર્જાય. નાનાં શહેરોમાં તો પોલીસ ટ્રાફિકને સિગ્નલ આપતો હોય છે. આ ટ્રાફિક વ્યવસ્થા ફક્ત અકસ્માત જ નિવારીને જીવનનું રક્ષણ કરતી નથી, પણ સાથે સાથે તે બેફામ ગતિને પણ રોકે છે. આ તો થઈ સામાજિક વ્યવસ્થા માટે માનવી ઉપર લદાયેલાં બાહ્ય ટ્રાફિક સિગ્નલની વાત, પણ સાચો ટ્રાફિક સિગ્નલ તો માનવીનું અંતર જ છે. તેમાં લાલ અને લીલી બત્તીઓ થયા જ કરતી હોય છે. કોઈ પણ ખોટું કામ કરતી વખતે માણસનું અંતર તેને ચેતવણી આપતું જ હોય છે. પણ પોતાના સ્વાર્થમાં અંધ બનેલો માણસ એ ચેતવણીને ગણકારતો નથી અને પછી તે જીવનભર સહન કરતો રહે છે.

મનુષ્યનું જીવન સતત વિકસતું રહે, આનંદ અને પ્રેમથી સભર બને એ માટે પરમાત્માએ અદ્‌ભુત યોજના કરેલી જ છે. તેઓ પ્રત્યેક

મનુષ્યને સાચા જીવન માટેની પ્રેરણા સતત આપતા જ રહે છે અને દુષ્કૃત્યોમાંથી બચાવવા માટે પણ તેઓ તેને અટકાવવા ચેતવતા જ રહે છે. પણ એમની ચેતવણીની વારંવાર અવગણના થાય એ પછી અંતરમાં થતી એ લાલ બત્તી ઝાંખી થતી થતી બુઝાઈ જાય છે. એટલે કે પછી ચેતવતો એ શાંત અવાજ કે દુષ્કૃત્ય આચરતાં અંતરમાં થતી બેચેની કે ગ્લાનિ અદ્રશ્ય થઈ જાય છે, અને માણસ પશુ બની જાય છે, પછી ત્યારે તો સિગ્નલના કોઈ નિયમોનું એ પાલન કરતો નથી!

જો પ્રભુએ કરેલી વ્યવસ્થાનું પાલન કરવામાં આવે તો પૃથ્વી ઉપર કોઈ જ મનુષ્ય દુઃખી ન રહે. માનવજીવન હંમેશાં વિકાસ પ્રત્યે ગતિ કરતું રહે, એમાં ન તો કોઈ અકસ્માતનો ભય રહે કે ન તો પીછેહઠનો. બધાં સુમેળ સુસંવાદિતા, પ્રેમ અને આનંદપૂર્વક સતત પરમાત્માના પંથે - પ્રકાશના પંથે ગતિ કરતાં રહે - એવી અદ્ભુત વ્યવસ્થા પરમાત્માએ ગોઠવી છે. પણ એ વ્યવસ્થાનું પૂર્ણપણે પાલન કરી શકે એ માટે માનવજાતિએ હજુ ઘણી તૈયારી કરવાની બાકી છે.

* * * * *

દારૂનો એક પ્યાલો માણસને બુદ્ધિહીન બનાવે છે, બીજો પાગલ બનાવે છે. ત્રીજો ડુબાડી દે છે, એટલે ચેતનાશૂન્ય બનાવે છે.

**- શેક્સપિયર**

## ૧૭. અનાસક્ત

પ્રભાતનાં કિરણોથી રાત્રિનો ગાઢ અંધકાર ક્યાંય અદ્રશ્ય થઈ જાય અને સમગ્ર સૃષ્ટિ સ્વર્ણિમ પ્રકાશથી ઝગમગતી બની જાય. પુષ્પકળીઓના સુગંધી સ્મિતથી અને પક્ષીઓના વૃંદગાનથી સમગ્ર વાતાવરણ તાજગીભર્યું પ્રસન્ન - મધુર બની જાય. પ્રત્યેક પ્રભાતે નિરાળા સૌંદર્યનો અનુભવ કરતાં માનવીનું અંતર તેનાથી અભિભૂત થઈને બોલી ઊઠે છે, "વાહ પ્રભુ, અદ્‌ભુત છે તારી આ ક્ષણે ક્ષણે નવીન સૌંદર્યનો આવિભાર્વ કરી રહેલી સૃષ્ટિ. પ્રત્યેક પ્રભાતે એની રંગછટા અનોખી તો મધ્યાહ્‌ને તો વળી જુદા જ રૂપ, રંગ અને સંધ્યાનો વૈભવ તો સર્વથી નિરાળો, તો રાત્રિની નીરવ શાંતિનું માધુર્ય તો વળી સાવ જુદું જ. આવી અદ્‌ભુત સૃષ્ટિનો એ મહાન સર્જક ક્યાંય પોતાની જાતને પ્રગટ કરે છે ખરો? સૃષ્ટિના આ સુસંવાદી સંગીતમાંથી કદી એવા સૂર સંભળાય છે ખરા કે જુઓ, આ મેં કર્યું છે? ખરો અનાસક્ત છે, આ મહાન અદ્રષ્ટ શિલ્પી. અખિલ બ્રહ્માંડનું આ વિરાટ સર્જન એને તો જાણે ક્યાંય સ્પર્શતું નથી. બધામાં ઓતપ્રોત અને વ્યાપ્ત હોવા છતાં એ સર્વથી અલિપ્ત છે. અનાસક્ત છે. આ મહાન અનાસક્ત સર્જકને ઓળખનારા જ પોતાના જીવનને સાચી રીતે અનાસક્ત બનાવી શકે.

અનાસક્ત બનવું એટલે પરમ પ્રભુમાં તદ્રુપ બનવું. અહંકારને ઓગાળી નાંખવો. પણ આ કંઈ સહેલી વસ્તુ નથી કે એકાદ બે દિવસમાં પ્રાપ્ત થઈ જાય. કેમ કે અહંકાર તો મનુષ્યની ચેતનાના દરેક સ્તર પર વ્યાપેલો છે. સ્થૂલ શરીરથી માંડીને સૂક્ષ્મ મન સુધી અહંકાર પોતાનો પગદંડો જમાવીને બેઠેલો છે. અહંકાર છે એટલે હુંપણાની ભાવના છે અને તેથી જ મમત્વ પ્રગટે છે અને જ્યાં મમત્વ આવ્યું ત્યાં આસક્તિનાં

સઘળાં બંધનો આપોઆપ આવી જાય છે. મારું કુટુંબ, મારી પત્ની, મારાં બાળકો, મારી સંપત્તિ, આ 'મારાં'ની સૃષ્ટિ જ આસક્તિની બેડીઓ બની રહે છે. વળી, આ બંધન તો એવું આકર્ષક અને મનોહર છે કે જીવનના છેલ્લા શ્વાસ સુધી આ બંધન છે, એની પણ માણસને ખબર પડતી નથી.

પરંતુ જો મનુષ્ય ઇચ્છે તો તે આ આસક્તિનાં બંધનોને જરૂર હટાવી શકે છે. પણ આ મધુર લાગતાં બંધનોમાંથી મુક્ત થવાની માણસ ભાગ્યે જ ઇચ્છા કરે છે. એ તો કોઈ શુભ પળે પ્રભુની કૃપાનો ઉદય થાય અને માણસની આંતરદ્રષ્ટિ ખૂલતાં તેને આ મોહક બંધનોની ભ્રમણાનું જ્ઞાન થાય છે અને પછી તે તેમાંથી છૂટવા પ્રયત્ન આદરે છે. પત્ની અને બાળકોને માટે લૂંટફાટ કરી રહેલા વાલિયાને નારદમુનિએ પૂછ્યું કે તું જેના માટે આ પાપાચાર કરી રહ્યો છે, તે તારાં પત્ની અને બાળકો તારા પાપમાં ભાગીદાર બનશે ખરાં? અને જ્યારે કોઈએ પણ પાપમાં ભાગીદાર બનવાની હા ન પાડી ત્યારે તેની આંખ ખૂલી ગઈ અને એ જ ક્ષણે આસક્તિનાં તેનાં બંધનો તૂટી ગયાં. પછી તો કઠોર તપશ્ચર્યાથી પોતાનાં સઘળાં પાપને નિર્મૂળ કરીને, પરમાત્માની કૃપા મેળવી તેઓ ઋષિ વાલ્મિકી બની ગયા. પ્રત્યેક મનુષ્યના જીવનમાં આ ઘટના તો ક્યારેક બનતી જ હોય છે અને ત્યારે કદાચ થોડી ક્ષણો પૂરતો જીવનમાં ખળભળાટ મચી જાય છે, ને વૈરાગ્ય આવી જાય છે. પણ એ લાંબો સમય ટકતો નથી. મનુષ્ય પ્રકૃતિવશ ફરી આશક્તિમાં બંધાઈને પૂર્વવત્ કાર્યો કરવા લાગે છે. જીવનમુક્ત બનવાની પેલી તક તેના હાથમાંથી ચાલી જાય છે.

આસક્તિ એ તો મનની એક વૃત્તિ છે. તે આપણી નિમ્ન પ્રકૃતિ સાથે સંકળાયેલી છે. જ્યાં સુધી આ વૃત્તિ ઉપર વિજય મેળવ્યો નથી, ત્યાં સુધી કોઈ પણ સ્થળે આસક્તિનાં બંધનો વળગી પડે છે. આથી

બંધનરૂપ જણાતી વ્યક્તિઓ કે સ્થળ બદલવાથી આસક્તિમાંથી છૂટી શકાતું નથી. જ્યાં સુધી અંદરની વૃત્તિ રહેલી હોય ત્યાં સુધી એક યા બીજા પ્રકારે આસક્તિનું બંધન આવી જ પડે છે. પછી ભલે સ્થળ કે પાંત્રો જુદાં હોય. આ રીતે બંધનોથી દૂર ભાગવા માટે સંસાર છોડીને જંગલમાં જવાથી બંધનો હટતાં નથી, પણ ત્યાં જુદા પ્રકારનાં નવાં બંધનો ઊભાં થાય છે. એટલે સાચા અર્થમાં અનાસક્ત બનવા માટે માણસે પોતાની અંદર પરિવર્તન કરવાનું રહે છે. પોતાની નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય મેળવવાનો રહે છે. જ્યારે તે પોતાના મૂળ સ્વરૂપને પામે છે ને એમાં સ્થિર થાય છે ત્યારે જ તે ખરા અર્થમાં અનાસક્ત બને છે. ત્યારે તેને આત્માની અંદરનું સાચું જીવન પ્રાપ્ત થાય છે. એથી તેની દ્રષ્ટિ જ સમૂળગી બદલાઈ જાય છે. અત્યાર સુધી તેનું 'મારાં'નું જે નાનકડું વર્તુળ હતું તે હવે સમગ્ર વિશ્વને આવરી લેતું બની જાય છે. અને પછી આસક્તિનાં બંધનો આપોઆપ સરી પડે છે. એને માટે એને કંઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. માણસ સામાન્ય ચેતનામાંથી ઉપર ઊઠીને ઊર્ધ્વચેતનામાં રહેતો થાય એટલે નિમ્ન પ્રકૃતિનાં કોઈ બંધનો તેને અસરકર્તા રહેતાં નથી. પણ જ્યાં સુધી તે મનમાં ને અહંકારમાં જીવે છે, ત્યાં સુધી મનની પ્રકૃતિના ગુણધર્મો તો રહેવાના જ. એટલે આસક્તિ હોવાની અને આસક્તિ ત્યાં દુઃખ, ચિંતા, ઉપાધિ, અપેક્ષા ને સ્વાર્થ પણ રહેવાનાં જ. પણ પરમાત્માની ચેતનાનો અનુભવ કરનાર પછી સર્વમાં પરમાત્માની ઇચ્છાને કાર્ય કરતી જોઈ શકે છે. તેથી તે આનંદની સહજ સ્થિતિમાં રહેવા લાગે છે. પરમાત્માની ઇચ્છાને આધીન થઈને તે પોતાનાં કાર્યો કરતો રહે છે. જેમ જેમ તે પરમાત્માની ચેતના સાથે વધુ ને વધુ તદ્રુપ બને તેમ તેમ તેનાં સઘળાં કર્મો ફળ માટે નહીં પણ સહજ આનંદ માટે થવા લાગે છે. આવો મનુષ્ય પછી કશામાં

લોપાતો નથી. તે જીવનમુક્ત બની રાજા જનકની પેઠે રાજ્ય પણ ચલાવી શકે કે ભગવાન શ્રીકૃષ્ણની પેઠે યુદ્ધો પણ લડાવી શકે કે શ્રીરામકૃષ્ણ પરમહંસની જેમ સંસારની વચ્ચે રહીને પણ અસંખ્ય લોકોને પ્રભુના માર્ગે લઈ જઈ શકે.

ઘણી વાર એવું પણ બને છે કે ત્યાગી, વૈરાગીઓને પોતાના ત્યાગ અને વૈરાગ્યની પણ આસક્તિ હોય છે. તેઓ પોતાની માની લીધેલી ત્યાગમય જીવનપ્રણાલીમાં સહેજ પણ પરિવર્તન આવે તો સહી શકતા નથી. આ પણ એક પ્રકારની આસક્તિ જ કહેવાય. સાચો અનાસક્ત તો જેટલા આનંદથી ઝૂંપડીમાં રહે છે, તેટલા જ આનંદથી તે રાજમહેલમાં પણ રહી શકે છે. સ્થળ બદલાતાં, વસ્તુઓ બદલાતાં, તેની આંતરિક સ્થિતિમાં કોઈ જ ફેર પડતો નથી. કોપીન કે રેશમી વસ્ત્રોમાં તેની સ્થિતિ સમાન જ હોય છે. સાચા અનાસક્તને માટે હોવા ન હોવાની પરિસ્થિતિ એકસરખી જ હોય છે. એને નથી અભાવનું દુઃખ હોતું કે નથી પ્રાપ્તિનો આનંદ. વસ્તુઓ એની પાસે આવે છે, તો પ્રભુની બક્ષિસ માનીને એનો આનંદથી ઉપયોગ કરે છે. પણ બીજી જ પળે, એ વસ્તુઓનો જો ત્યાગ કરવાનો આવે તો એટલા જ આનંદથી તે ત્યાગ પણ કરી દે છે! વ્યક્તિઓ કે વસ્તુઓમાં તે બંધાતો નથી. તેના માટે બધું જ આનંદરૂપ હોય છે. આવો મનુષ્ય સંસારમાં હોવા છતાં સંસાર એને ક્યાંય બાંધી શકતો નથી. જે સ્વમાં સ્થિર છે, તેને બહારનો ખળભળાટ શું અસર કરી શકે? કેમ કે ત્યાં મમત્વ નથી, કર્તાપણાની ભાવના નથી. ફળની અપેક્ષા નથી તેથી સુખ પણ નથી ને દુઃખ પણ નથી. અને જ્યાં પોતાપણાની ભાવના જ નથી ત્યાં પછી મેળવવાનું શું ને ગુમાવવાનું શું?

શું સંસારી મનુષ્ય આવી સ્થિતિ પ્રાપ્ત કરી શકે? સંસારમાં રહીને કેવી રીતે અનાસક્ત બનવું એ માટે શ્રીરામકૃષ્ણ પોતાના ગૃહસ્થ

શિષ્યોને બે દ્રષ્ટાંત આપતાં. પ્રથમ દ્રષ્ટાંત તેઓ કાદવિયા માછલીનું આપતા. આ એક એવા પ્રકારની માછલી છે કે જે કાદવની અંદર થાય છે પણ તેને કાદવ બિલકુલ લાગતો નથી. આથી તેઓ કહેતા; ''તમે કાદવિયા માછલીની જેમ રહો. સંસારમાં રહેવા છતાં સંસાર તમને બિલકુલ ચોંટે નહીં એ રીતે રહેતાં શીખો.'' અને બીજું દ્રષ્ટાંત તેઓ શેઠના ઘેર કામ કરનાર નોકરાણીનું આપતા. તેઓ કહેતા; ''નોકરાણી શેઠના ઘરને મારું ઘર એમ કહે છે. શેઠના છોકરાને મારો બચ્ચુ એમ કહે છે. પણ તે મનમાં બરોબર જાણે છે કે આ મારું ઘર નથી, આ મારો દીકરો નથી. તમે પણ આવી રીતે રહો. તમે મારું મારું કરો છો, પણ ખરેખર આમાંનું કંઈ જ તમારું નથી. બધું જ મોટા શેઠનું - ભગવાનનું છે. એમ માનીને રહો.'' મનુષ્ય જો આ દ્રષ્ટિ કેળવીને સંસારમાં રહે તો ધીમે ધીમે તેની ચેતનામાં પરિવર્તન આવવા લાગે છે ને તેનું સાચું સ્વરૂપ પછી તેને સમજાવા લાગે છે ને પછી સઘળાં બંધનો આપોઆપ છૂટતાં જાય છે. તે પછી જ તેને ખબર પડે છે કે તેનું સાચું જીવન તો હવે જ શરૂ થયું છે.

* * * * *

ધનનો લોભ, લોકો પાસેથી માન મેળવવાની લાલસા અને લોકપ્રિય થવાની આકાંક્ષા - આ ત્રણેને પોતાના શત્રુ માનો.

**- અબુ ઉસ્માન**

# ૧૮. ગુપ્ત ગંગા

ભારતવર્ષની મહાન નદીઓમાંની એક હોવું, ને કાશી પાસે શિવનાં ચરણ પખાળતાં વહેવું એ પરમ પાવની ગંગા માટે કેવળ ભૌગોલિક અકસ્માત જ નથી, પણ મહાન તપશ્ચર્યા અને શિવની કૃપાનું એ પરિણામ છે. હિમાલયની શુભ્ર પવિત્રતા અને શીતળતા લઈને પ્રગટેલી ગંગા પૃથ્વી ઉપર કંઈ સહેલાઈથી અવતરી નથી. રઘુવંશના રાજાઓની ત્રણ ત્રણ પેઢીઓની ઉગ્ર તપશ્ચર્યા એની પાછળ રહેલી છે. છેવટે રાજા ભગીરથની અઘોર તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને, સ્વર્ગનાં આનંદ, સૌંદર્ય ને વિશાળતાને લઈને ગંગા માનવજાતિના ઉદ્ધાર અર્થે પૃથ્વી ઉપર ઊતરી આવી. એ ભારતવર્ષનું સદ્‌ભાગ્ય છે.

આ તો ગંગાના સ્થૂલ અવતરણની વાત થઈ. આ તો ગંગાના ભૌતિક સ્વરૂપની વાત થઈ. પણ એક ગંગા સૂક્ષ્મ રૂપે આપણી અંદર રહેલી છે. પણ તે હજુ અપ્રગટ છે. પણ તે છે તો ગંગા જેવી જ સમર્થ, પ્રચંડ શક્તિ ધરાવતી, આનંદદાયિની, પતિતપાવની, પરિવર્તનકારી, અને તે છે મનુષ્યના અંતરના પેટાળમાં રહેલી પરમાત્માની પૂર્ણ શક્તિ. જેને વેદમાં ઋત ચેતના કહેવામાં આવી છે, અને જેને મહર્ષિ અરવિંદે અતિ મનસશક્તિ નામ આપ્યું છે, એ જ છે આપણી ભીતર રહેલી ગુપ્ત ગંગા. જ્યાં સુધી આ ગુપ્ત ગંગા પ્રગટી નથી, ત્યાં સુધી માનવજાતિનાં દુઃખોની મુક્તિ નથી. કેમ કે પરમાત્માની આ પૂર્ણશક્તિ જ્યારે માનવની ભીતરમાંથી પ્રગટશે, અને તે અત્યારનાં માનવકરણો - શરીર - પ્રાણશક્તિ અને મનનું રૂપાંતર કરી તેને પરમાત્માની પ્રકૃતિમાં ઢાળશે, ત્યારે જ પૃથ્વી સ્વર્ગ બનશે. મનુષ્ય દેવરૂપ બનશે. માનવપ્રકૃતિ પ્રભુની પ્રકૃતિને ધારણ કરશે અને ત્યારે જન્મ, જરા, રોગ ને મૃત્યુનાં

દુ:ખો માનવજાતિને સહેવાં નહીં પડે. ભગીરથે જેમ ઉગ્ર તપશ્ચર્યા કરી ભગવતી ગંગાને સ્વર્ગમાંથી ઉતારી તેમ આ યુગમાં શ્રીઅરવિંદે ભગીરથ જેવી સાધના કરી માનવહૃદયના પેટાળમાં ગુપ્તપણે છુપાયેલી અતિમનસ શક્તિને જાગૃત કરી, અને મન, પ્રાણ અને દેહમાં કાર્યાન્વિત કરી અને તેથી હવે માનવજાતિ માટે અમરતાનો માર્ગ ખૂલી શક્યો છે.

આ ગુપ્ત ગંગાનાં મૂળ પણ ગંગાની જેમ જ ઊર્ધ્વમાં પરમ - પરમાત્મામાં રહેલાં છે. ઊર્ધ્વમાં રહેલી પરમાત્માની એ પૂર્ણશક્તિ - અનિમનસ શક્તિ જો અવતરણ કરે, તો જ માનવીની અંદર પ્રત્યેક સ્તરે ગુપ્તપણે રહેલી એ અતિમનસ શક્તિ જાગૃત થાય. ઊર્ધ્વમાંથી પરમ શક્તિનું અવતરણ જ માનવની અંદર છુપાયેલી એ શક્તિને પ્રગટ કરીને આરોહિત કરી શકે. આમ, આ ગુપ્ત ગંગાના પ્રકટીકરણ માટે પરમાત્માની શક્તિનું અવતરણ અનિવાર્ય બની રહે છે. અવતરણ અને આરોહણ બંને એકસાથે થતી પ્રક્રિયા છે અને એ સિદ્ધ થાય ત્યારે જ માનવનાં મન, પ્રાણ અને દેહનું રૂપાંતર થાય છે. એટલે કે પછી આપણું મન છે તે પ્રકાશનું મન બની જાય છે. પ્રાણ છે તે પરમાત્માની શક્તિ-રૂપ બની રહે છે. અને સ્થૂળ દેહના એક એક કોષો પ્રભુની એ પરમશક્તિથી કાર્ય કરતા બની રહે છે. અને તેથી એ કોષોમાં પછી ક્ષયનો પ્રશ્ન જ રહેતો નથી. અત્યારે જે રીતે કોષોને ઘસારો લાગે છે, તેમનો નાશ થાય છે, - તેથી વૃદ્ધત્વ ને મૃત્યુ આવે છે, તે પછી ત્યારે નહીં હોય. માનવજાતિનું આ ભાવિ છે. એ માટે શ્રી અરવિંદે પોંડિચેરીના એકાંતવાસમાં ચાળીસ વરસ સુધી આ યુગની ભગીરથ તપશ્ચર્યા કરી અને તેથી આ અતિમનસ શક્તિ હવે છેક સ્થૂલ ભૂમિકા - દેહની ભૂમિકા સુધી કાર્ય કરતી બની. જેમને પોતાના મન - પ્રાણ અને દેહનું રૂપાંતર કરવું હોય તેમના માટે હવે માર્ગ ખુલ્લો બન્યો છે.

આ શક્તિ કંઈ એમ ને એમ માણસની અંદર પ્રગટતી નથી. એના માટે ભગીરથ જેવી સાધના - તપશ્ચર્યા જોઈએ. અહંકારનો દરેક ભૂમિકા પર સંપૂર્ણ વિલય. ભગવાનને પૂર્ણ સમર્પણ થાય તો પછી આ ગુપ્ત ગંગાનાં દર્શનની પહેલાં તો ક્યારેક ઝાંખી થાય છે. જ્યાં સુધી આધાર પૂરો તૈયાર થતો નથી ત્યાં સુધી આ ગંગા પ્રગટતી નથી. આ ગંગાના વેગને ઝીલી શકે, ધારણ કરી શકે, પચાવી શકે અને પછી તેને માનવજાતિના કલ્યાણ માટે વહેતી મૂકી શકે - એવો શિવ સમો સમર્થ આધાર જોઈએ. જેમના હૃદયમાં સૃષ્ટિના કલ્યાણની જે ભાવના ભરેલી છે, અને જેઓ પ્રકૃતિના વિષને શોષીને કંઠમાં જ ધારણ કરી શકે છે, એવા હૃદયની વિશાળતા, દ્રઢતા ને સમતા ધરાવનાર પાત્ર વગર આ ગુપ્ત ગંગા પ્રગટતી નથી, કેમ કે તેના જ્ઞાનનું એક કિરણ કે શક્તિનું એક બુંદમાત્ર માનવીની અંદર ખળભળાટ મચાવી દે છે. જો તે એકાએક ઊતરી આવે તો વ્યક્તિની આંતર સમતુલા તૂટી જાય, તેના જ્ઞાનતંતુના ભૂકા બોલી જાય, એટલે જ તપસ્યાથી કસાયેલો આધાર જ્યારે સંપૂર્ણપણે વિશુદ્ધ બની જાય, પ્રત્યેક ભૂમિકા ઉપર રહેલો સ્થૂલ અને સૂક્ષ્મ અહંકાર સંપૂર્ણપણે ઓગળી જાય ત્યારે જ આ ગુપ્ત ગંગા પ્રગટે છે.

* * * * *

તમે જિંદગીને ચાહો છો? તો સમયને વેડફી નાખતા નહિ, કારણ કે જિંદગી એની જ બનેલી છે.

**- બેન્જામીન ફ્રેંકલિન**

## ૧૯. આંતરચેતના

ચેતના એટલે હોવાપણું. આ ચેતના જ અખિલ બ્રહ્માંડનું સર્જક તત્ત્વ છે. તે જ છે પરમાત્મા, જેઓ સમગ્ર વિશ્વને ધારણ કરી રહ્યા છે. સૃષ્ટિના પ્રારંભમાં તો પરમાત્મા એકલા જ વ્યાપ્ત હતા. પછી તેમણે 'એકોડહમ્ બહુસ્યામ્ની' ઇચ્છા પ્રગટ કરી અને પોતાની ચેતનાને જુદાં જુદાં રૂપોમાં વિભક્ત કરી અને પરિણામે જડ - ચેતન સૃષ્ટિનું સર્જન થયું. પરંતુ આ સર્વ પદાર્થોમાં મૂળભૂત રીતે તો તે એક જ ચેતના રહેલી છે. ચેતનમાં અને જડ પદાર્થોમાં પણ, નાનામાં નાના પરમાણુમાં પણ ચેતના શક્તિ રહેલી છે, તે હવે વિજ્ઞાને પણ સિદ્ધ કરી આપ્યું છે. આમ, જડ પદાર્થ, વનસ્પતિ, પક્ષી, પશુ, મનુષ્યો - આ બધાં એ ચેતનાના જ જુદી જુદી ભૂમિકાના આવિર્ભાવો છે. માનવીમાં એ ચેતનાનું ઘનીભૂત રૂપ રહેલું છે, જેને આપણે ચૈત્યાત્મા કે આત્મા તરીકે ઓળખીએ છીએ. આ રીતે માનવી **એ પરમ** ચેતના સાથે ગાઢ રીતે સંકળાયેલો છે, અને જો તે ઇ**ચ્છે તો તે જાગ્રતપણે** તે ચેતના સાથે સીધો સંપર્ક પણ કરી શકે.

પરંતુ **સા**માન્ય રીતે માનવીની અંદર આત્મતત્ત્વ રૂપે રહેલી આ પરમ ચેતના તેના જીવનમાં પ્રત્યક્ષ રૂપે પ્રગટ થતી હોતી નથી. તેની સાથેનું મનુષ્યનું પ્રત્યક્ષ અનુસંધાન છૂટી ગયું છે. તેથી મનુષ્યની અંદર વિદ્યમાન હોવા છતાં તેને તેની હાજરીની પણ ખબર પડતી નથી. તેની દ્રષ્ટિ અજ્ઞાનથી આવૃત્ત થયેલી, અને અહંકારથી વિકૃત થયેલી હોવાને પરિણામે તે સાચું ચિત્ર જોઈ શકતો નથી. તે પોતે તો એમ જ માને છે કે તે જ સઘળું કરી રહ્યો છે. પણ કરનાર કોઈ બીજું જ છે, અને તે તો કઠપૂતળી જ છે. તેનો દોરીસંચાર કોઈ અદ્રશ્ય તત્ત્વના હાથમાં છે, એ તે જાણી શકતો નથી. કદાચ મનથી વિચારમાં તે આ જાણે પણ જ્યાં

સુધી તેને તેના જીવનમાં આનો નક્કર અનુભવ થતો નથી, ત્યાં સુધી કેવળ માનસિક જ્ઞાન તેને એ અદ્રશ્ય તત્ત્વના હાથમાં મૂકી આપી શકતું નથી. ફક્ત વિચારોમાં રહેલા જ્ઞાનથી કંઈ જ વળતું નથી. તેથી જીવનમાં મૂળભૂત રીતે કોઈ જ પરિવર્તન આવી શકતું નથી.

સમગ્ર જગતનું સંચાલન કરી રહેલી, માનવને સઘળાં કાર્યોમાં પ્રેરતી અને અદ્રષ્ટપણે પણ તેને તેના મૂળભૂત સત્ય પ્રત્યે લઈ જતી આ આંતરચેતનાનું દર્શન તો જ્યારે માનવનું મન શાંત થઈ જાય, અને તે પોતાના હૃદયકેન્દ્રમાં એકાગ્રતા કરે ત્યારે ધ્યાનમાં, સમાધિમાં તેને થવા લાગે છે. હૃદયનું સૂક્ષ્મ કેન્દ્ર ખૂલતાં તેને પ્રકાશનો અનુભવ થવા લાગે છે. આ અનુભૂતિ દ્રઢ થતાં તે સ્થાયી બને છે. ત્યારે તે આંતરચેતનાનો સઘન અનુભવ કરવા લાગે છે. અને પછી તેની સમક્ષ આંતરચેતનાનાં રહસ્યો ખૂલવા લાગે છે. અત્યાર સુધી પોતે પોતાને સર્વથી નિરાળો માનતો હતો, સર્વોપરી માનતો હતો, પોતે કરેલાં મહાન કાર્યોનો કર્તા માનતો હતો, પણ એ બધી તો ભ્રમણા હતી. તેને સમજાવા લાગે છે કે પોતાની અલગ જાત એ તો વૈશ્વિક ચેતનામાં ઊઠેલો એક બુદ્‌બુદ માત્ર છે. ચેતનાના વિરાટ સાગરનું તે એક બુંદમાત્ર છે. અને આ બુંદ કંઈ સાગરથી અલગ નથી. આ દેખીતાં જુદાં જુદાં રૂપોની પાછળ તો એ જ એકમાત્ર ચેતના રહેલી છે. એં જ સર્વને ચલાવી રહી છે. દોરી રહી છે. કાર્યમાં પ્રેરી રહી છે અને પાછી એ ચેતના પોતે જ આ સઘળા આવિર્ભાવને પોતાના પ્રત્યે લઈ જઈ રહી છે. આ વિશ્વનાટકનું રહસ્ય પ્રગટ થતાં માણસની દ્રષ્ટિ સદંતર બદલાઈ જાય છે. જો કે જગત તો જેમ ચાલતું હતું, એમ જ ચાલે છે પણ આંતરચેતના જેની ઉદ્‌ઘાટિત થઈ ચૂકી છે, તે જોઈ શકે છે કે અદ્રશ્ય રીતે આ આખુંયે જગત પાછું પરમાત્મા પ્રત્યે જ ગતિ કરી રહ્યું છે. તેમાં જેઓ જાગૃત છે, તેમની ગતિ તીવ્ર છે,

અને જેઓ અજ્ઞાનથી આવૃત્ત છે, તેમની ગતિ અતિ મંદ છે. પણ બધાની ગતિની દિશા તો એક જ છે!

મનુષ્ય જેને બાહ્ય ચેતના કહે છે, તે એટલે કે તેનાં મન, પ્રાણ અને શરીર. આ કરણો અત્યારે નિમ્ન પ્રકૃતિને આધીન છે. આથી મનુષ્યની બાહ્ય ચેતના આંતરચેતનાને પૂર્ણરૂપે આભિવ્યક્ત કરી શકતી નથી. મનુષ્યનું મન મોટે ભાગે તર્કો - વિતર્કો, સંકલ્પો - વિકલ્પો, પાપ - પુણ્યો - વગેરે દ્વન્દ્વોથી ક્ષુભિત હોય છે. મનુષ્યની પ્રાણ - શક્તિ - આવેગો - ઈચ્છાઓ - લાલસાઓ મહત્ત્વાકાંક્ષાઓથી આમથી તેમ ભટકતી હોય છે, અને મનુષ્યનું શરીર - ભૂખો - વાસનાઓ ને ઈચ્છાઓથી વિચલિત થતું રહે છે. પરિણામે જેમ ડહોળાયેલા સરોવરના જળમાં આપણું સ્વચ્છ પ્રતિબિંબ પડતું નથી, તેમ આવી ડહોળાયેલી ને ભટકતી આપણી બાહ્ય ચેતનામાં આંતરચેતનાનું પ્રતિબિંબ ઝીલાતું નથી. સ્પષ્ટ પડતું જ નથી અને સ્થાયી તો બનતું જ નથી. એ માટે આપણાં આ બાહ્ય કરણો - મન - પ્રાણ અને શરીરને શાંત - સ્થિર અને એકાગ્ર કરીને આપણા આ સ્થૂળ હૃદયની પાછળ આવેલા ચૈત્યાત્માના કેન્દ્રમાં તીવ્ર ભાવે એકાગ્રતા કરવી જોઈએ. શરૂઆતમાં તાત્કાલિક પરિણામ ન આવે તોપણ ખંતપૂર્વક, તીવ્ર ભાવે મંડ્યા રહેવાથી ચોક્કસ પરિણામ આવે જ છે.

અત્યારે માનવજાતિ જે રીતે જીવન જીવી રહી છે, તે વચગાળાની વ્યવસ્થા છે. અલબત્ત, પશુચેતના કરતાં માનવજાતિ ઘણી જ વિકાસ પામેલી ને ઘણી જ ઉચ્ચ સ્થિતિમાં છે. પણ છતાં તે હજુ પૂર્ણ સ્થિતિએ પહોંચી નથી. હજુ માનવ - માનવ વચ્ચે ભેદ છે. વિસંવાદ છે. તેથી ઈર્ષા, વેર - ઝેર પણ રહેલાં છે. આ બધાંને પરિણામે બધાં મનુષ્યો, પોતે જે એક જ ચેતનામાંથી સર્જાયાં છે, તેની એકતાનો અનુભવ કરી શકતાં

નથી. તેથી જ કોમવાદ, રાષ્ટ્રવાદ, આતંકવાદ અને પરિણામે યુદ્ધો દ્વારા સર્જાતો સંહાર આજે પણ થઈ રહ્યો છે. ખરેખર માનવજાતિ આવું ભય અને ત્રાસનું, ગરીબી ને ભૂખમરાનું જીવન જીવવા માટે સર્જાઈ નથી. એને તો પ્રેમનું, એકતાનું, આનંદનું સુમેળભર્યું સુસંવાદિતાથી ભરેલું જીવન જીવવાનું છે. પણ એ ત્યારે જ શક્ય બનશે કે જ્યારે પ્રત્યેક મનુષ્ય પોતાની સાચી ચેતનામાં જીવન જીવે. આપણા ઋષિઓએ પણ માનવજાતિના આવા સુંદર જીવનની કલ્પના કરી હતી. ઋષિ કહે છે; "હું તો ઇચ્છું છું કે આપણે બધાં જ તે કોટિએ પહોંચીએ કે જ્યાં દુષ્ટમાં દુષ્ટ માણસમાંય આપણને અંતર્યામી ભગવાનનાં દર્શન થાય, તેવા મનુષ્ય પર દોષનો આરોપ મૂક્યા વગર આપણે તેને કહીએ; "હે જ્યોતિર્મય આત્મા, ઊભો થા, તું નિત્યશુદ્ધ છે. હે સર્વશક્તિમાન ! ઊભો થા અને તારા સ્વભાવને પ્રગટ કર." ઋષિના અંતરમાંથી નીકળેલી આ વાણી જ્યારે પૃથ્વી પર વસતા સર્વ મનુષ્યોની વાણી બની રહેશે, ત્યારે મનુષ્ય સાચા અર્થમાં પરમાત્માની પ્રતિમૂર્તિ બની રહેશે.

* * * * *

સુખ અને ડહાપણ વચ્ચે તફાવત છે. જે પોતાને સૌથી સુખી માનવી માને છે તે ખરેખર સુખી છે. પણ જે પોતાને સૌથી ડાહ્યો માને છે તે ઘણું કરીને મહા મૂર્ખ છે.

**- બેકન**

## ૨૦. શોધ

સાચાં મોતીઓની શોધ માટે મરજીવાઓ જીવના જોખમે પણ દરિયાના અતલ ઊંડાણમાં ડૂબકી લગાવે છે. પૃથ્વી ઉપર નવા વિસ્તારોની શોધ કરવા માટે અને હવે તો અવકાશના ગ્રહોની સફર માટે સાહસિકો જીવસટોસટનાં સાહસો ખેડે છે. નવાં નવાં તત્ત્વોની શોધ માટે વૈજ્ઞાનિકો રાત - દિવસ એક કરીને પ્રયોગશાળામાં કાર્ય કરતાં રહે છે. જ્યારે શોધના પ્રયત્નો સિદ્ધિમાં પરિણમે છે, ત્યારે તેઓ આનંદની અનુભૂતિ કરે છે. પણ ફરી નવી શોધ માટેનો અજંપો એમના દિલમાં ઊઠે છે ને ફરી નવું સાહસ ખેડવા તેઓ પ્રવૃત્ત બને છે. આમ, શોધખોળોનું કાર્ય સતત ચાલ્યા જ કરે છે. આ બધી તો ભૌતિક શોધોની વાત થઈ કે જેનો કોઈ અંત જ નથી. પણ માનવે એવી એક શોધ કરવાની છે, કે જે પ્રાપ્ત કર્યા પછી કંઈ જ બાકી રહે નહીં. જેની શોધમાં સઘળી શોધો સમાઈ જાય એ શોધ તે સાચી શોધ છે. એ શોધ તેણે પોતાની અંદર જ કરવાની છે. તેણે જે શોધવાનું છે, તે પોતાનું સાચું સ્વરૂપ કે જે પોતાની અંદર જ રહેલું છે. કબીર સાહેબે કહ્યું છે તેમ "કહાંસે આયા, કહાં જાયેગા, ખોજ કરો અપને ઘરકી." માણસે પોતાના ઘરની જ શોધ કરવાની છે. જ્યાં સુધી તે પોતાના જ ઘરને શોધતો નથી, ત્યાં સુધી તેનું બધું જ વ્યર્થ છે.

આ શોધ માટે સત્તા, સંપત્તિ, વિદ્વત્તા કંઈ જ કામ લાગતું નથી. ઊલટું પંડિતાઈ, વિદ્વત્તા, સિદ્ધિઓ તો આ માર્ગમાં બોજો વધારે છે. આ પરમ શોધની સફરમાં તો આપણે જેટલા ખાલી અને હળવા તેટલું આપણું પ્રયાણ ઝડપી બને અને આપણી ગતિ તેજ બને. જો આપણે અહંકારનો ભાર ખંખેરી નાંખીએ, વિદ્વત્તાનાં પોટલાં છોડી દઈએ,

કીર્તિની ભૂખને શમાવી દઈએ, મમતા ને આસક્તિની ગાંઠોને ઉકેલી દઈએ, તો પછી આ શોધ સાવ સહેલી છે. બાળકનું નિર્દોષ, નિખાલસ હૃદય લઈને, સાથે શ્રદ્ધા અને વિશ્વાસનું ભાથું ભરીને જો આ શોધમાં નીકળી પડીએ તો પછી માર્ગના અવરોધો રૂકાવટ ઊભી કરી શકતા નથી ને વિઘ્નો શોધને અટકાવી પણ શકતાં નથી. વળી, આપણે જેની શોધ કરીએ છીએ તે પોતે અદ્રષ્ટ રહીને આપણને પ્રેરણા આપીને એને માર્ગે જવાની શક્તિ પણ આપે છે કે એના માર્ગે ગયેલાઓનો સંપર્ક કરાવીને પણ એ પોતે જ આપણને એની સમીપ લઈ જાય છે, અને જ્યારે આ શોધ પૂરી થાય છે, ત્યારે બાઇબલના કુલપતિની જેમ આપણે પણ બોલી ઊઠીએ છીએ કે 'આ રહ્યું પ્રભુનું ધામ, આ રહ્યું અને મને તેની ખબરેય નહોતી!' ત્યારે આપણને આશ્ચર્ય થાય છે કે પ્રભુનું ધામ આટલું સમીપ હોવા છતાં અત્યાર સુધી આપણે તેનાથી અજ્ઞાત રહ્યા!

આત્મજ્ઞાનના જિજ્ઞાસુએ જ્યારે સહુ પ્રથમ પ્રશ્ન પૂછયો કોઙહમ્, ત્યારે તેને અંતરમાંથી ઉત્તર મળ્યો સોઙહમ્. એટલે કે સચરાચરમાં વ્યાપ્ત વિભુ તે જ હું છું. જ્યારે માણસને આ જ્ઞાન થાય છે, ત્યારે પછી તેને કંઈ જ મેળવવાનું રહેતું નથી, તેને બધું જ મળી જાય છે. સમગ્ર બ્રહ્માંડના અધિષ્ઠાતાનું જ્ઞાન થવું, પોતે તેનો એક અંશ છે, એ ભાન થવું એ જ એના જીવનની સાચી શોધ છે. ત્યારે પછી તેને સમજાય છે કે અત્યાર સુધી તે જેને આનંદ અને સુખ માનતો હતો અને જેને મેળવવા પ્રયત્ન કરતો હતો તે આનંદ કેવો તો ક્ષુદ્ર અને ક્ષુલ્લક હતો! આ સુખશાંતિ મેળવવાના તેના પ્રયત્નો કેવા તો બાલિશ અને નિઃસાર હતા ! તે માટેના તેના મૂર્ખાઈભરેલા કજિયાઓ કેવા તો વ્યર્થ હતા! તેની દોડાદોડી કેવી તો વ્યર્થ અને નિરર્થક હતી! તેના આક્રોશો ને આવેગો કેવા તો ચક્રાવે ચઢાવનાર હતા! આત્મજ્ઞાનના પ્રકાશમાં તે

આ બધું હવે સ્પષ્ટપણે જોઈ શકે છે. અને પછી તે પોતાની સાચી જાતમાં સ્થિત રહીને આધ્યાત્મિકતાના ભવ્ય વિરાટ પ્રવાહમાં પોતાને એકરૂપ થયેલો જોઈ શકે છે.

આ જગતના પ્રત્યેક જીવોમાં અને પદાર્થોમાં પ્રભુની હાજરી રહેલી છે, તેનો ક્ષણે ક્ષણે અનુભવ કરવો એ જ છે સાચી શોધ. આ શોધ પૂર્ણ થાય છે, ત્યારે તે પોતાનામાં જગતને અને સમગ્ર જગતમાં પોતાને અનુભવે છે. સમગ્ર માનવજાતિએ આ સ્થિતિએ પહોંચવાનું છે. આ વિષે શ્રીમાતાજી કહે છે; "માણસો જ્યારે પદાર્થના પ્રત્યેક અણુમાં રહેલા પ્રભુની ઇચ્છાને પિછાણતા થશે, જ્યારે માણસો પોતાના બંધુઓમાં પ્રભુનાં દર્શન કરતા થશે, ત્યારે સમસ્ત પ્રકૃતિને અતિ ભાર-રૂપ રહેલાં અંધકાર, અસત્ય, અજ્ઞાન, દોષ અને દુઃખોને દૂર ભગાડી મૂકનાર પ્રભાતનો ઉદય થશે."આજના સુપ્રભાતે આપણે પ્રાર્થીએ કે એવું સુરમ્ય પ્રભાત આ પૃથ્વી ઉપર વહેલું ઊગે.

* * * * *

ધીરજથી ઘણાં કામ થાય છે. ઉતાવળા પાછા પડે છે. મેં જંગલમાં જોયું છે કે ધીરે ચાલનારો જલદી રસ્તો કાપે છે. તેજ દોડનારો હારી જાય છે. તેજ ચાલનાર ચાલતાં ચાલતાં થાકી જાય છે. ધીરે ચાલનાર ઊંટ ચાલ્યા કરે છે.

**- શેખ સાદી**

## ૨૧. ચૈત્યપુરુષ

મનુષ્યમાં રહેલો પ્રભુનો અંશ એટલે ચૈત્ય પુરુષ. માનવી એ કંઈ માત્ર સ્થૂળ શરીર નથી. માત્ર વિચાર કરી શકે તેવું મન અને લાગણીઓ ધરાવી શકે તેવી પ્રાણશક્તિવાળું માત્ર પ્રાણી નથી. તેનાં આ શરીર, મન, બુદ્ધિ ને પ્રાણશક્તિ કરતાં પણ તેની અંદર એક વિશેષ તત્ત્વ રહેલું છે અને તે છે પ્રભુનો પોતાનો જ્યોતિર્મય અંશ. આમ તો વિશ્વના પ્રત્યેક પદાર્થમાં પ્રભુની ચેતના તો રહેલી જ છે. પણ મનુષ્યની અંદર એ ચેતના ઘનીભૂત થઈને વૈયક્તિક સ્વરૂપે આવેલી છે અને તેથી જ પૃથ્વી પરનાં સર્વ પ્રાણીઓ કરતાં મનુષ્ય શ્રેષ્ઠ પ્રાણી બની શક્યો છે. એક માત્ર મનુષ્ય જ પરમાત્માને પ્રાપ્ત કરી શકે - દિવ્ય જીવન જીવી શકે છે.

અખિલ બ્રહ્માંડમાં વ્યાપી રહેલા પરમાત્માનો વ્યક્તિમાં ઊતરી આવેલો અંશ તે મનુષ્યનો આત્મા છે. શ્રીઅરવિંદ તેને ચૈત્ય પુરુષ કહે છે. આમ, પરમ પ્રભુના આ જ્યોતિર્મય અંશો પ્રત્યેક વ્યક્તિની અંદર રહેલા છે. આ બધા મૂળભૂત રીતે એક હોવા છતાં પ્રત્યેક ચૈત્યપુરુષનો પોતાના મૂળ સ્વરૂપને પામવાનો પંથ આગવો જ હોય છે. પ્રત્યેકનો વિકાસ અલગ હોય છે ને વ્યક્તિત્વ પણ અલગ હોય છે. પણ બધાંનું ધ્યેય તો એક જ હોય છે, અને તે પાછું પોતાના મૂળ સ્વરૂપમાં પહોંચવાનું. આ સંદર્ભમાં શ્રીઅરવિંદ કહે છે; ‘‘ચૈત્યપુરુષ દરેક વ્યક્તિનો વ્યક્તિગત આત્મા પુરુષ છે. તે પ્રભુમાંથી આવ્યો છે ને પ્રભુ પ્રત્યે વિકાસ પામે છે.’’

વ્યક્તિની અંદર રહેલો આ પરમાત્માનો અંશ પોતે પરમાત્માની ચેતનાની સીધેસીધી અસર નીચે હોય છે. તે જ મનુષ્યના અંતરમાં રહેલાં સત્ય, જ્યોતિ, જ્ઞાન, સંવાદ અને સૌંદર્યનું કેન્દ્ર હોય છે.

ભગવાનને લઈને જ તેનું અસ્તિત્વ છે. અને તે ભગવાન પ્રત્યે જ સતત ગતિ કરી રહ્યો છે. વિશ્વમાં ચાલી રહેલી આ ભગવાનની લીલામાં ભાગ લેવા માટે તે ભગવાનમાંથી છૂટો પડી માનવોની હૃદયગુફામાં વસી રહ્યો છે. તે જ છે માનવની અંદર રહેલો દિવ્ય પુરુષ અને તે જ છે મનુષ્યને ભગવાન સાથે જોડતી કડી. તે જ મનુષ્યના સાચા જીવનની રચના કરે છે. શ્રીમાતાજીએ આ વિષે કહ્યું છે કે, "તમારી અંદર રહેલા ચૈત્યપુરુષ વિષે જો તમે જાગૃત બની શકો અને તેની સાથે એકતા સ્થાપી શકો, તો તમે ભગવાનની ચેતનાને પ્રાપ્ત કરી શકશો અને તેમાં જીવન ધારણ કરી શકશો."

એક વખત પણ મનુષ્યને જો પોતાના ચૈત્યાત્માની હાજરીનો અનુભવ થાય તો પછી તે પોતાની જાતની જુદી જ અનુભૂતિ કરવા લાગે છે. તે પોતાની અંદર એક પ્રકાશ અને જ્ઞાનનો અનુભવ કરવા લાગે છે. જેમ જેમ તે પોતાની અંદરના આ શ્રેષ્ઠ તત્ત્વ સાથે વધુ ને વધુ સંપર્કમાં આવતો જાય છે, તેમ તેમ તેનાં સમગ્ર જીવન અને કાર્યો પર ચૈત્ય ચેતનાનો પ્રભાવ પડવા લાગે છે. તેના જીવનનાં રોજિંદાં સામાન્ય કાર્યો પણ એક અનોખા સૌંદર્ય અને જ્ઞાનથી સંપન્ન બની રહે છે. પછી એ કાર્યો તુચ્છ કે સામાન્ય રહેતાં જ નથી. પણ ભાગવત્ ચેતનાને જ અભિવ્યક્ત કરનારાં બની રહે છે. પછી મનુષ્યની પોતાની ચેતના પણ પરિવર્તિત થઈ જાય છે. એમાં અજ્ઞાન કે અહંકાર ટકતાં નથી, કેમ કે ચૈત્યપુરુષ પોતે જ જ્ઞાન સ્વરૂપ છે. પ્રકાશમય છે.

પરંતુ મોટા ભાગનાં મનુષ્યોને આ ચૈત્યપુરુષના અસ્તિત્વની ખબર જ હોતી નથી. માનવની નિમ્ન પ્રકૃતિનાં સત્ત્વોથી આ ચૈત્યપુરુષ ઢંકાઈ ગયેલો છે. માનવની બુદ્ધિ, તેનાં માનસિક વિચારો, લાગણીઓ, ઇચ્છાઓ - આ બધું એટલું પ્રબળ હોય છે કે ચૈત્યપુરુષ કદી આગળ

આવતો નથી. આ સંદર્ભમાં શ્રીઅરવિંદ કહે છે કે ,"જો તમારે ઝડપી અને પ્રત્યક્ષ પ્રગતિ કરવી હોય તો સતત સમર્પણ દ્વારા ચૈત્યપુરુષને આગળ લાવવાથી જ તે થઈ શકશે અને તેને માટે તીવ્ર ભાવે પણ અધિરાઈ વગર અભીપ્સા કરો. સતત અને સત્યનિષ્ઠ અભીપ્સા અને કેવળ પ્રભુ પ્રત્યે વળવાનો સંકલ્પ અંતરાત્માને જાગૃત કરવાનાં સાધન છે."

ચૈત્યપુરુષને જાગૃત કરવા માટે શ્રીમાતાજીએ બતાવેલી સહેલી રીત આ પ્રમાણે છે; "તમારી ચેતનાને તમારા હૃદયના કેન્દ્રમાં એકાગ્ર કરો. તમારા હૃદયની અંદર ઊતરો. એમાં જેટલા જવાય તેટલા ઊંડા ઊતરો. જ્યાં સુધી જઈ શકો ત્યાં સુધી એમાં ડૂબકી મારો. ચારે બાજુ પ્રસરી રહેલી તમારી ચેતનાને એકાગ્ર કરો. અને પછી તમારા અંતરાત્માની નીરવતામાં ભૂસકો મારો. એમાં ડૂબી જાઓ. ત્યાં અંતરના ઊંડાણની ગહન શાંતિમાં એક અગ્નિ ચેતે છે અને તે અગ્નિ એ જ તમારી અંદર રહેલો ભગવાનનો દિવ્ય અંશ અને તે જ છે ચૈત્યપુરુષ તેનો સાદ સાંભળો અને તેના આદેશને અનુસરો."

આ રીતે એક વખત ચૈત્યપુરુષ જાગૃત થઈ જાય પછી તો માનવ અને પરમ પ્રભુ વચ્ચે એક પ્રકારનો સેતુ રચાઈ જાય છે, અને અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થરો પાતળા પડતા જાય છે. ને પછી લય પામી જાય છે અને પછી માનવની પ્રગતિ અત્યંત ઝડપી બની જાય છે. અનેક વરસોમાં જે સિદ્ધ થઈ શક્યું ન હોય તે ક્ષણોમાં સિદ્ધ થઈ શકે છે. ચૈત્યપુરુષ જ જીવનનો સુકાની બની જતાં જીવન પરમાત્માનાં આનંદ, પ્રેમ, પ્રકાશ અને શક્તિથી ભરપૂર બની જાય છે.

* * * * *

## ૨૨. શ્રીઅરવિંદનો પૂર્ણયોગ

જગતના ઈતિહાસનો અભ્યાસ કરતાં જણાશે કે પરમાત્માએ ભારતભૂમિની પસંદગી યોગભૂમિ તરીકે કરી છે. તેથી જ ભારતની આ પુણ્ય પવિત્ર ભૂમિ પર અનેક પ્રકારની યોગસાધનાઓ સિદ્ધ થઈ છે. તેમાં અર્વાચીન યુગના મહર્ષિ શ્રીઅરવિંદનું આ ક્ષેત્રમાં પ્રદાન મહત્ત્વનું છે. તેમણે પ્રચલિત યોગમાર્ગ કરતાં જુદા જ પૂર્ણયોગની સાધના સિદ્ધ કરી.

આમ તો યોગ અટલે પરમાત્મા સાથેનું જોડાણ. પ્રભુ સાથેની એકતા. દેહધારી આત્મા જે ક્રિયા દ્વારા પરમાત્મા સાથે એકતા સાધે છે તે પ્રક્રિયાને આપણે સામાન્ય ભાષામાં યોગ કહીએ છીએ. પછી તે યોગાસનો દ્વારા થતો હઠયોગ હોય કે ધ્યાન, ધારણા, સમાધિ દ્વારા થતો રાજયોગ હોય કે કુંડલિની જાગૃતિ દ્વારા થતો તંત્રયોગ હોય કે પછી સરળ એવો ભક્તિયોગ હોય. પણ બધાનું ધ્યેય બ્રહ્મની અનુભૂતિ - આત્મસાક્ષાત્કાર - મોક્ષ રહેલાં છે. યોગસાધનાનો કોઈ પણ માર્ગ મનુષ્યને મોક્ષ કે નિર્વાણ સુધી લઈ જાય છે. પણ એથી પ્રકૃતિ બદલાતી નથી. પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય એ સ્વીકારીને આ યોગમાર્ગો પ્રકૃતિથી અલગ થઈને, જીવનમાંથી બહાર નીકળી બ્રહ્મમાં લીન થઈ જવું, એ આદર્શ આપે છે. તેથી જ તો અત્યાર સુધી અનેક પ્રકારની યોગ - સાધનાઓ સિદ્ધ થયેલી હોવા છતાં માનવદુઃખો - મુશ્કેલીઓ ઉકેલી શકાયાં નથી. કેમ કે આ દુઃખો માનવપ્રકૃતિ સાથે જડાયેલાં છે. જ્યાં સુધી અત્યારે જે પ્રકૃતિમાં મનુષ્ય રહે છે, તે પ્રકૃતિ ન બદલાય ત્યાં સુધી આ દુઃખોનું નિવારણ થઈ શકે નહીં. આથી માનવપ્રકૃતિને જો દિવ્ય બનાવવામાં આવે તો જ માનવજાતિનાં દુઃખોનો કાયમી ઉકેલ થઈ શકે.

શ્રીઅરવિંદે પોતાની સાધના દરમિયાન જોયું કે મનથી ઉપર રહેલી પરમાત્માની પૂર્ણ - ચેતના અતિમનસ ચેતના જો માનવ મન-પ્રાણ અને દેહમાં કાર્ય કરતી થાય તો આ નિમ્ન પ્રકૃતિનાં કરણો દિવ્ય પ્રકૃતિને ધારણ કરી શકે. એ માટેની જે સાધના છે તેને શ્રીઅરવિંદે 'પૂર્ણયોગ' નામ આપ્યું છે. આ યોગમાં પ્રભુની પૂર્ણ શક્તિ દ્વારા માનવપ્રકૃતિનું દિવ્યતામાં રૂપાંતર કરવાની સાધના છે. અને એટલે જ આ યોગ પૃથ્વી ઉપર તદ્દન નવો જ યોગ છે. આ વિષે તેમણે જણાવ્યું છે; ''પૂર્વે આ યોગની સાધના કરવામાં આવી ન હતી, જે કંઈ પ્રયત્નો થયા તે બધા તૈયારી જેવા જ હતા. જો કોઈએ એવો પ્રયત્ન કર્યો હશે, તોપણ તેની પરંપરા જળવાઈ રહેલી નથી. કાળના પ્રવાહમાં તે નષ્ટ થઈ ગઈ હશે.'' પ્રાચીન યોગમાર્ગોમાં સીધો પરાત્પરનો સાક્ષાત્કાર થઈ જાય પછી જગતને મિથ્યા ગણીને છોડી દેવામાં આવે છે, જ્યારે શ્રીઅરવિંદનો યોગ જગતને મિથ્યા નહીં પણ પરમાત્માનો આવિર્ભાવ માને છે અને તેમાં જીવનમાં અને સમગ્ર જગતમાં પરમાત્મા જે અત્યારે ગુપ્ત રહેલા છે, તેને પ્રગટ કરીને સક્રિય કરવાના છે. તેઓ યોગનો હેતુ સ્પષ્ટ કરતાં કહે છે કે મારું ધ્યેય એ છે કે ''પ્રભુનો સાક્ષાત્કાર અને આવિર્ભાવ આ જગતની અંદર કરવો અને તે હેતુથી અતિમનસ જેવી હજુ સુધી અપ્રગટ રહેલી શક્તિને અહીં નીચે લાવવી.'' આગળ તેઓ કહે છે કે જીવનની અંદર દિવ્ય આનંદ, દિવ્ય પ્રકાશ અને દિવ્ય શક્તિ લાવવાં. તેમને સક્રિય કરી જીવનનું રૂપાંતર કરવું ....... એ મારા યોગનો હેતુ છે.

શ્રીઅરવિંદના પૂર્ણયોગનાં મુખ્ય ચાર લક્ષણો છે. જીવનનો સ્વીકાર એટલે કે સમગ્ર જીવન એ યોગ છે. બીજું રૂપાંતર, ત્રીજું આરોહણ અને અવતરણ અને ચોથું સમષ્ટિનો યોગ. શ્રીઅરવિંદનો

યોગ એ જીવનને દિવ્ય બનાવવાની સાધના છે. એ જીવનને પૂર્ણ બનાવવાની પ્રક્રિયા છે. આથી જીવનની પ્રત્યેક બાબતોનો તેમાં સ્વીકાર કરવામાં આવે છે. શ્રીઅરવિંદ કહે છે કે, "આપણે આ યોગમાં જગતની કોઈ વસ્તુનો ત્યાગ કરવા માગતા નથી. રાજકારણ, ઉદ્યોગ, સમાજ, કવિતા, સાહિત્ય, કલા વગેરે સઘળી વસ્તુઓ કાયમ રહેશે. પરંતુ આપણે એ વસ્તુને એક નવો આત્મા, નવું રૂપ આપવું પડશે." આ યોગમાં જીવનનો ત્યાગ નથી, તેમ કર્મોનો પણ ત્યાગ નથી, પણ ચેતનાની સર્વોચ્ચ ભૂમિકામાં રહીને સઘળાં કર્મો કરવાનાં છે. સમગ્ર જીવન એ યોગ છે અને તેથી જીવનની પ્રત્યેક ક્ષણ સાધના બની રહે છે. આ યોગસાધનામાં કોઈ પણ બાબત નકામી કે નજીવી ગણીને છોડી શકાતી નથી. આ યોગમાં મારું લક્ષ્ય પ્રભુને જીવનમાં લઈ આવવાનું છે. એમ શ્રીઅરવિંદ સ્પષ્ટ કહે છે તો પછી અખંડ જીવન એ સાધના જ બની રહે છે. તેમાં સંન્યાસ નહીં પણ સંસારની બાબતો પ્રત્યે અનાસક્તિ, પ્રાણનું દમન નહીં પણ પ્રાણશક્તિ પર આત્માનું પ્રભુત્વ, દેહની ઉપેક્ષા નહીં પણ ભગવાનની શક્તિ દ્વારા દેહનું ચૈતન્યસભર સુગઠન એ આ યોગની સાધના છે.

"આપણે એક પૂર્ણ રૂપાંતર, શરીર અને તેની સર્વ પ્રવૃત્તિઓનું રૂપાંતર માગીએ છીએ. પણ બીજું કંઈ પણ કાર્ય હાથમાં લઈએ તે પહેલાં આપણે ચેતનાનું રૂપાંતર કરી લેવાનું રહે છે." આ રૂપાંતર માટેનું પ્રથમ પગલું છે આત્મસાક્ષાત્કાર. એટલે કે મનુષ્યના ચૈત્ય - પુરુષની પ્રાપ્તિ પછી જ આ રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે. શ્રીઅરવિંદ કહે છે કે જ્યાં અન્ય યોગો સમાપ્ત થાય છે, ત્યાંથી મારા યોગની શરૂઆત થાય છે. એટલે કે આત્મસાક્ષાત્કાર એ અન્ય યોગોની સમાપ્તિ છે, જ્યારે તે શ્રીઅરવિંદના યોગનું પ્રવેશદ્વાર છે. આપણો આત્મા

ભગવાન સાથે સીધા સંપર્કમાં હોય છે. આત્માની જાગૃતિ પછી તેના દ્વારા ભગવાનની સીધી દોરવણી હેઠળ પ્રકૃતિનાં રૂપાંતરનું કાર્ય શરૂ થાય છે. તેમાં પણ શ્રીઅરવિંદે ત્રણ તબક્કા બતાવ્યા છે. પ્રથમ ચૈતસિક રૂપાંતર - જેમાં આત્મસાક્ષાત્કાર પછી આપણી પ્રકૃતિ પ્રભુના સીધા પ્રભાવ હેઠળ આવે છે. બીજું આધ્યાત્મિક રૂપાંતર જેમાં વ્યક્તિની ચેતના વૈશ્વિક ચેતના સાથે તદ્રુપ બની જાય છે. તેના અલગ વ્યક્તિત્વનો લોપ થાય છે. અને ત્રીજું અતિમાનસ રૂપાંતર. જેમાં બધી વસ્તુઓ દિવ્ય વિજ્ઞાનમય ચેતનાની અંદર અતિમાનસની રીતે રૂપાંતરિત થાય છે. શ્રીઅરવિંદ કહે છે કે "આ છેલ્લી અવસ્થા સિદ્ધ થાય ત્યારે જ મન, પ્રાણ અને શરીરના સંપૂર્ણ રૂપાંતરની શરૂઆત થાય છે. સંપૂર્ણતાના મારા અર્થમાં."

ત્રીજું, પૂર્ણયોગમાં એકસાથે બેવડી ક્રિયા કરવાની છે. માનવ-ચેતનાનું ભગવાનની ચેતનામાં આરોહણ અને ઊર્ધ્વની એ ચેતનાનું માનવની અવચેતના સુધીની નિમ્નભૂમિકા સુધી અવતરણ. જેમ જેમ ઊર્ધ્વનો પ્રકાશ પ્રાપ્ત થતો જાય તેમ તેમ એ પ્રકાશને વધુ ને વધુ નીચેની ભૂમિકામાં ઉતારવાનો છે. શ્રીઅરવિંદે એક પત્રમાં લખ્યું હતુંઃ "આ યોગ એમ માગે છે કે ઊર્ધ્વમાં રહેલી અતિમનસ ચેતના મન, પ્રાણ અને શરીરની અંદર તેનું રૂપાંતર કરવા માટે પૂરેપૂરું અવતરણ કરે." આ વસ્તુને વધુ સ્પષ્ટ કરતાં તેમણે જણાવ્યું હતું કે, "પૂર્ણયોગ, વિશ્વમાં સામાન્ય મનોમય ચેતનાથી માંડીને છેક અતિમનસ દિવ્ય ચેતના સુધી ચૈતન્યની જે બધી સીડીઓ આવેલી છે, તે તમામને ચઢવા માગે છે અને પોતાનું આરોહણ જ્યારે સંપૂર્ણ બની રહે ત્યારે પોતે સિદ્ધ કરેલી અતિમનસ ચેતના અને શક્તિને પોતાની સાથે લઈ આવીને આ સ્થૂળ જગતમાં ઓતપ્રોત કરવા માગે છે. આ રીતે જગતને ક્રમે ક્રમે

અતિમનસ અને દિવ્ય જગત રૂપે પલટી નાંખવા માંગે છે."

શ્રીઅરવિંદના યોગની ચોથી મહત્ત્વની બાબત એ છે કે તેમનો યોગ કંઈ ફક્ત થોડી વ્યક્તિઓના રૂપાંતર માટેનો યોગ નથી. તેમ જ તે કોઈ એક દેશ કે જાતિ પૂરતો પણ સીમિત નથી, પણ એમનો યોગ સમગ્ર માનવજાતિની ચેતનાને અતિમનસ ચેતનામાં પલટાવી નાંખવાનો યોગ છે. અત્યારે નિમ્ન પ્રકૃતિમાં જીવતી, મનની ચેતનાથી સંચારિત થઈ રહેલી આ વચગાળાની માનવજાતિ છે. તે પરમાત્માના સત્યથી સંચારિત થાય, દિવ્ય પ્રકૃતિમાં જીવન ધારણ કરે તે પૂર્ણયોગનો હેતુ છે. તેનું ફલક સમગ્ર પૃથ્વી છે. આ સંદર્ભમાં શ્રીઅરવિંદે કહ્યું છે; "પૃથ્વી ઉપર અતિમનસ ચેતનાને લઈ આવવી, ત્યાં જડી આપવી, જેમાં આંતર તેમ જ બાહ્ય એવું વ્યક્તિનું તેમ જ સમૂહનું જીવન અતિમનસ ચેતના દ્વારા સ્થાપિત થતું હોય એવી એક નવી માનવજાતિનું સર્જન કરવું એ છે આપણા યોગનું લક્ષ્ય." વ્યક્તિ પોતાની વ્યક્તિગત સાધનામાં ગમે તેટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચે પણ તે પરિપૂર્ણતા સાધી શકતી નથી. તે ચેતનાનું પૂર્ણ રૂપાંતર કરી શકતી નથી. કેમ કે સમગ્ર પાર્થિવ ચેતના તો એક જ છે. ભલે શરીર જુદાં જુદાં હોય. જ્યાં સુધી સમગ્ર પાર્થિવ ચેતના બદલાય નહીં ત્યાં સુધી વ્યક્તિગત રૂપાંતર પૂર્ણ બનતું નથી. આથી સમાન અભીપ્સાવાળી વ્યક્તિઓની સામૂહિક સાધનાની પૂર્ણરૂપાંતર માટે અનિવાર્ય આવશ્યકતા છે. વ્યક્તિ એ સમષ્ટિનો એક અંશ જ છે. એટલે જો થોડી વ્યક્તિઓ પણ અનિમનસ ચેતનાને ધારણ કરતી હશે તો તે દ્વારા દિવ્ય જીવનનો પાયો રચી શકાશે. શ્રીઅરવિંદે એક પત્રમાં જણાવ્યું છે કે "બ્રહ્મ, આત્મા અને ભગવાન તો છે જ. પણ મનુષ્ય પાસેથી ભગવાન ઇચ્છે છે કે અહીં આ જગતમાં જ વ્યષ્ટિ અને સમષ્ટિમાં પ્રભુને પોતાને પૂર્ણ કરવામાં આવે અને જીવનમાં અને

જગતમાં ભગવાનનો સાક્ષાત્કાર થાય."

શ્રીઅરવિંદનો પૂર્ણયોગ એ માનવચેતનાના ઊર્ધ્વગમનનો યોગ છે. એક એક માનવની અંદર રહેલા પ્રભુને પ્રકટ કરવાની સાધના છે. સકલ નિમ્ન પ્રકૃતિને દિવ્યતામાં પલટાવવાની પ્રક્રિયા છે. શ્રીઅરવિંદ કહે છે કે યોગ વગર માણસ બીજાં અલ્પાયુષી જંતુઓની પેઠે કાદવ -કીચડમાં ચાલનારું એક પ્રાણી બની રહે છે." આ યોગ મનુષ્યને અસત્યમાંથી સત્યમાં, અશક્તિમાંથી શક્તિમાં, દુઃખ અને શોકમાંથી આનંદમાં, બંધનમાંથી મુક્તિમાં, મૃત્યુમાંથી અમરતામાં, અંધકારમાંથી પ્રકાશમાં, અપૂર્ણતામાંથી પૂર્ણતામાં, ભેદોમાંથી એકતામાં અને માનવ-ચેતનામાંથી ભગવાનની દિવ્ય ચેતનામાં લઈ જાય છે. યોગ માણસને ક્ષુદ્ર જંતુ નહીં પણ પ્રભુનો પ્રતિનિધિ બનાવે છે. સામાન્ય ગતિથી જે કાર્યને વરસો લાગે છે તે કાર્ય યોગ દ્વારા થોડા દિવસો અને થોડા કલાકોમાં થઈ જાય છે. આપણું બાહ્ય મન અને સ્થૂલ ઇન્દ્રિયો જોઈ શકે, જાણી શકે, અનુભવી શકે એ કરતાં ક્યાંય વિશાળ મહત્તમ પ્રદેશો આપણી ચેતનામાં આવેલા છે. યોગ દ્વારા આપણી આંતરચેતના એ પ્રદેશો પ્રત્યે ખુલ્લી થાય છે અને પછી આપણે વિશ્વની ચેતના સાથે તદ્રુપ બની શકીએ છીએ. તેથી વિશ્વમાં રહેલા વિરાટ પુરુષનું અને પછી તેથી પણ પર રહેલા પરાત્પરનું આપણને જ્ઞાન થાય છે. ઊર્ધ્વનો એ પ્રકાશ જેમ જેમ આપણી અંદર ઊતરે છે તેમ તેમ નિમ્ન પ્રકૃતિ પરની પકડ ઓછી થતાં ઓગળી જાય છે. ત્યારે પૂર્ણયોગના રૂપાંતરનું કાર્ય શરૂ થાય છે. શ્રીમાતાજી કહે છે કે "હું મારા અંગત અનુભવથી કહું છું કે જીવનમાં પ્રયત્ન કરવા જેવી એકમાત્ર વસ્તુ આ જ છે."

* * * * *

## ૨૩. પ્રકૃતિ પર વિજય

મનુષ્યના સ્વરૂપના બે ભાગો છે. એક તેની અંદર રહેલો પરમાત્માનો જ્યોતિર્મય અંશ – તેનો ચૈત્યપુરુષ એટલે કે તેનો આત્મા અને બીજી તેની પ્રકૃતિ. તેનો આત્મા અજ્ઞાન અને અહંકારના આવરણથી ઢંકાયેલો છે. આથી મનુષ્યના જીવનમાં પ્રકૃતિ જ સર્વેસર્વા છે. પ્રકૃતિ જ માનવને કાર્યમાં પ્રેરે છે, અને તે જે રીતે તેને કાર્યમાં પ્રેરે છે, તે રીતે જ માનવ કાર્યો કરે છે. આ પ્રકૃતિમાં મનુષ્યનાં મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનો સમાવેશ થાય છે. અત્યારે મનુષ્ય આ ઉપકરણો દ્વારા કાર્ય કરે છે.

હવે જો મનુષ્યને પ્રકૃતિ ઉપર વિજય મેળવવો હોય તો આ બધાં જ ઉપકરણો તેના આત્માના પ્રભાવ હેઠળ હોવાં જોઈએ. એટલે કે પહેલાં તો અંધકારના ઢગલા નીચે દટાયેલા પોતાના આત્માને મનુષ્યે જાગૃત કરવો જોઈએ. પછી આત્માના પ્રકાશમાં તે પોતાની પ્રકૃતિનાં સર્વ ઉપકરણોને યથાતથ જોઈ શકે અને પછી જ તેના પર તે વિજય મેળવી શકે. આત્મજ્ઞાન થઈ જાય પછી પણ પ્રકૃતિને વશમાં કરવી સહેલી નથી. માત્ર યોગસાધના દ્વારા પણ પ્રકૃતિ ઉપર કંઈ વિજય જલદીથી મળી શકતો નથી. આ સંદર્ભમાં શ્રીઅરવિંદે કહ્યું છે : "કોઈની પણ સહાય વગર કેવળ પોતાના જ સંકલ્પ અને અભીપ્સાને આધારે નિમ્ન પ્રકૃતિનાં સર્વ પરિબળોને જીતી શકે તેટલી શક્તિ ભાગ્યે જ માણસમાં હોય છે." આ કાર્ય મનુષ્ય ફક્ત પોતાની યોગસાધના કે પોતાની શક્તિથી કરી શકતો નથી. એ માટે ભગવાનની કૃપા જોઈએ. એમની સહાય જોઈએ. વ્યક્તિએ પોતાની જાતને પ્રભુની દિવ્ય શક્તિ પ્રત્યે ખુલ્લી કરવી જોઈએ. એના જાગૃત આત્માની તીવ્ર અભીપ્સા અને

પ્રભુની શક્તિ પ્રત્યેનું ખુલ્લાપણું, પ્રભુની શક્તિને તેની અંદર ઉતારી લાવે છે. એ શક્તિ દ્વારા જ મનુષ્ય પોતાની પ્રકૃતિને નાથી શકે છે, અને પછી તેનું રૂપાંતર પણ કરી શકે છે.

કોઈપણ મનુષ્ય સાધના કરે તો તેને શક્તિઓ ને સિદ્ધિઓ તો જરૂર પ્રાપ્ત થાય. પણ જો એની પ્રકૃતિ બદલાય નહીં તો સિદ્ધિઓ તેના પતનનું કારણ બની રહે છે. જેમ કે યોગસાધનાને પરિણામે કોઈનેય ભસ્મ કરી દેવાની શક્તિ મેળવનાર સાધુએ પોતાના મસ્તક પર ચરકી ગયેલી ચકલીને બાળીને ભસ્મ કરી નાંખી. હવે જો વરસોની તપશ્ચર્યા પછી કોઈને ભસ્મ કરી નાંખવાની વિનાશક શક્તિ મળે તો એથી શું વળે? એ કંઈ સિદ્ધિ કહેવાય? એ તો કોઈ પણ સામાન્ય શિકારી કોઈ પણ જાતની તપશ્ચર્યા કર્યા વગર એક જ ઘાએ મારી શકે છે. બાર વરસની કઠોર તપશ્ચર્યા પછી પાણી ઉપર ચાલવાની સિદ્ધિ મેળવનાર સાધુને શ્રીરામકૃષ્ણે કહ્યું હતું કે બે આના આપીને હોડીમાં બેસીને પાણી તો કાપી શકાય છે. તારી બાર વરસની સાધનાનું મૂલ્ય માત્ર બે આના જ! તપની સાચી સિદ્ધિ કંઈ ભસ્મ કરી નાંખવામાં કે પાણી કે આગ ઉપર ચાલવામાં નથી. પણ ભસ્મ કરી નાંખવાની જે આસુરી વૃત્તિ છે, દેખાવ કરવાની અહંકારની જે કામના છે, તેના ઉપર વિજય મેળવવામાં છે. પોતાની નિમ્ન પ્રકૃતિ ઉપર વિજય મળે અને મનુષ્ય પ્રકૃતિનો ગુલામ નહીં પણ સ્વામી બને તે તપની સાચી સિદ્ધિ છે.

પણ હકીકતમાં બને છે એવું કે માણસ જેમ જેમ યોગમાર્ગમાં આગળ વધતો જાય છે તેમતેમ તેની અંદર સુષુપ્ત અવસ્થામાં પડેલી શક્તિઓ વિશેષ જાગૃત બની જાય છે. આ નિમ્ન શક્તિઓને પોતાનું સ્થાન છોડવું ગમતું નથી, તેમ જ તેમને બદલવું પણ ગમતું નથી. આથી આ નિમ્ન બળો ટકી રહેવા માટે મરણિયો પ્રયત્ન કરે છે. તેઓ સાધના

કરી રહેલા મનુષ્યની અંદર ફરીફરીને આવતાં રહે છે. જ્યાં સુધી એ સંપૂર્ણ વિશુદ્ધ ન બને, ત્યાં સુધી આ નિમ્ન બળો તેનામાં એક યા બીજી રીતે આવતાં જ રહે છે. જો માણસની અંદર કોઈ અંગત સ્વાર્થ હોય, કીર્તિની ભૂખ કે મહેચ્છા હોય, કે કોઈ નાનીસરખી પણ કામના હોય, તો આ નિમ્ન શક્તિઓને તેવી વ્યક્તિને પકડમાં લેવા માટે એક નાનુંસરખું છિદ્ર પણ પૂરતું થઈ પડે છે, અને તેઓ યોગશક્તિનો ઉપયોગ પછી સ્વાર્થી હેતુ માટે કરાવવા લાગે છે અને એમ મનુષ્ય પ્રકૃતિના વિજય સુધી પહોંચી શકતો જ નથી.

પ્રકૃતિના વિજયના માર્ગ પર અનેક અવરોધો રહેલા છે. તેમાં મોટામાં મોટો અવરોધ એ આપણો અહંકાર છે. તે બહુ ચતુર છે. વેશપલટો કરવામાં તે બહુ જ કુશળ છે. અંધકારની શક્તિઓ પણ માયાવી અને લોભામણી છે. તે અનેક પ્રકારની ભ્રમજાળ ઉત્પન્ન કરી માણસને તેમાં ફસાવે છે, ને ત્યારે આપણી બુદ્ધિનું બુઠ્ઠું હથિયાર આપણને અણીના સમયે જ કંઈ કામ આપતું નથી. આવા બુઠ્ઠા હથિયારથી પ્રકૃતિની શક્તિઓ સામે લડીને વિજય મેળવી શકાતો નથી. વળી, આપણી અંદર રહેલી સૂક્ષ્મ કામનાઓ અને વૃત્તિઓ તો ટાંપીને બેઠેલી જ હોય છે કે જરાક કોઈ તક મળી કે આકર્ષણ થયું કે પ્રલોભન જાગ્યું. આપણું તકવાદી મન તો પ્રભુ તરફથી આવતી પ્રેરણાને પોતાને ગમે તેવું રૂપ આપી દે છે એટલે પરમાત્મા તરફથી આવતી વસ્તુઓ આપણા મનમાં વિકૃત બની જાય છે. આમ, આપણી પ્રકૃતિમાં આવી અસંખ્ય વસ્તુઓ રહેલી છે કે જે આપણા જરાક જાગૃત થયેલા આત્માને એવો તો આવરી ને છાવરી દે છે કે બિચારો આત્મા ભૂગર્ભમાં ક્યાંય ધકેલાઈ જાય છે અને તેના સ્થાને પ્રકૃતિ જ રાજસિંહાસન પર સામ્રાજ્ઞી બનીને કાર્ય કરવા લાગે છે. કોઈ વિરલ યોગી જ આ બધાં જોખમમાંથી

હેમખેમ પાર ઊતરીને પોતાની પ્રકૃતિને વશમાં રાખીને આત્માના પ્રકાશમાં બધાં કાર્યો કરી શકે.

પણ જો વ્યક્તિને ખરેખર પોતાની પ્રકૃતિ પર વિજય મેળવવો જ હોય, અને તેની અભીપ્સા તીવ્ર હોય, તેના દિલમાં સચ્ચાઈ હોય, ભગવાનની દિવ્ય સહાય અને કરુણામાં તેને સંપૂર્ણ વિશ્વાસ હોય, અને તે પોતાની જાતને પ્રભુના પ્રકાશ પ્રત્યે ખુલ્લી મૂકી શકતો હોય તો પછી જોખમો ગમે તેટલાં ભયાનક કેમ ન હોય, પથ ગમે તેટલો વિકટ કેમ ન હોય, નિમ્ન બળો ગમે તેટલાં પ્રબળ ને હઠીલાં કેમ ન હોય, પણ તે વ્યક્તિને કોઈ આંચ આવી શકતી નથી અને તે એક દિવસ જરૂર પોતાની પ્રકૃતિનો સ્વામી બની શકે છે.

* * * * *

માણસ કરતાં ઘેટાં - બકરાં વધુ સચેત હોય છે. તેના ગોવાળનો અવાજ સાંભળતાં ખાવું પડતું મૂકીને તે તરફ દોડી જાય છે, જ્યારે મનુષ્ય એટલો લાપરવા રહે છે કે પ્રાર્થનાનો પોકાર સાંભળવા છતાં આહાર-વિહારમાં તલ્લીન થઈ જાય છે.

**- હુસેન બસરા**

## ૨૪. મર્યાદા

સદીઓથી ઉત્ક્રાન્તિની દિશામાં આગળ વધી રહેલા માનવે આજે ઘણી જ પ્રગતિ સાધેલી જણાય છે. પોતાની બુદ્ધિના વિકાસથી તેણે કેટલીય અશક્ય વસ્તુઓને શક્ય બનાવી છે. સ્થળ, કાળનાં અંતરો ઘટાડ્યાં છે. અવકાશની સફરોને શક્ય બનાવી છે, છતાંય માનવ હજુ પોતાની જાતનો સ્વામી બની શક્યો નથી. પોતાનાં મન, પ્રાણ અને શરીરની ક્રિયા - પ્રક્રિયાઓ ઉપર એનો કાબૂ નથી. પોતાની પ્રકૃતિની ગુલામી એ તેની મોટામાં મોટી મર્યાદા છે. તેને ક્રોધ કરવો હોતો નથી, છતાં ક્રોધ થઈ જાય છે. તે જાણતો હોય છે કે આ ખાવાથી મને નુકસાન થશે છતાં તેનાથી ખવાઈ જાય છે. ખોટું કરવું તેને ગમતું નથી, છતાં તેનાથી થઈ જાય છે, કેમ કે એ તેના સ્વભાવની મર્યાદા છે.

મર્યાદા એટલે નબળાઈ. તે મનુષ્યના સ્વભાવ સાથે જોડાયેલી છે. સ્વભાવમાં રહેલી નિર્બળતા કે કંઈ પણ કરવાની અશક્તિને મર્યાદા કહેવામાં આવે છે. કોઈ પણ મનુષ્ય પૂર્ણ નથી એટલે પ્રત્યેકના સ્વભાવમાં કોઈ ને કોઈ પ્રકારની ઓછી કે વત્તી મર્યાદાઓ રહેલી હોય છે જ. આ મર્યાદાઓને પાર કરી પૂર્ણતા પ્રાપ્ત કરવી એ મનુષ્યનું ધ્યેય છે. બધાં જ મનુષ્યો આ ધ્યેય પ્રત્યે ગતિ કરી રહ્યાં છે, પણ જેઓ જાગૃત અને સભાન છે. તેઓ પોતાની મર્યાદાઓને પાર કરીને ઝડપથી ગતિ કરે છે. જેઓ આ ધ્યેયને જાણતાં નથી, તેઓ ઠોકરો ખાતાં ખાતાં, પ્રકૃતિની નિશાળમાં આકરા પાઠોને શીખતાં શીખતાં - અનેક જન્મોમાં ધીમે ધીમે મર્યાદાઓ પાર કરે છે ને અંતે તો પૂર્ણતા તરફ જ તેમની પણ ગતિ હોય છે.

જો મનુષ્ય ધારે અને સભાનતાપૂર્વક પ્રયત્ન કરે તો તે જરૂર

પોતાની મર્યાદાઓ પાર કરી શકે, પરંતુ તે માટે મનુષ્યે પહેલાં જાગ્રત થવું જોઈએ. પોતાની જાતથી અલિપ્ત થઈને, પોતાની જાતનું તટસ્થતા-પૂર્વક અવલોકન કરીને પોતાની મર્યાદાઓ જાણવી જોઈએ. જે મનુષ્ય પોતાની જાતમાં જ ઓતપ્રોત રહેતો હોય, સ્વાર્થમાં જ રચ્યોપચ્યો હોય તે કદી પણ પોતાની મર્યાદાઓ જોઈ શકતો નથી. આથી પોતાની મર્યાદાઓ જાણવા માટે મનુષ્યે પોતાના સ્વકેન્દ્રી સ્વભાવથી ઉપર ઊઠવું જોઈએ. પોતાની મર્યાદાઓ જાણવી એટલું જ પૂરતું નથી. પણ એ મર્યાદાઓમાંથી મુક્ત થવાની તીવ્રતમ ઇચ્છા હોવી જોઈએ. કેટલાય મનુષ્યો એવા હોય છે કે જેઓ પોતાની મર્યાદાઓ જાણતા હોય છે છતાં તેમાંથી મુક્ત બની શકતા નથી. કેમ કે તેમને તેમાંથી મુક્ત થવું હોતું નથી. આથી મર્યાદાનું ભાન થયા પછી એમાંથી મુક્ત થવા માટે સક્રિય પ્રયત્ન કરવા જરૂરી છે.

શ્રીમાતાજીએ કહ્યું છે કે "જેને પાર ન કરી શકાય તેવી મર્યાદાઓમાં હું માનતી નથી." કોઈ પણ મર્યાદા પછી તે ગમે તેવી દુસ્તર કેમ ન હોય, તોપણ તેને પાર કરવાનો રસ્તો તો હોય છે જ. આ સંદર્ભમાં તેઓ કહે છે, "તમારી અંદર સહુથી મોટી નિર્બળતા આવી રહેલી જુઓ, તો તમે નિરાશ ન થઈ જશો. કેમ કે એ નિર્બળતાની અંદર જ કદાચ સૌથી વિશાળ ભાગવતી શક્તિઓ રહેલી હોવાની નિશાનીઓ હશે. તમે એમ ન કહેશો કે હું તો આવો છું. મારાથી બીજી રીતનું બની જ ન શકાય. એ સાચું નથી. તમે એવા છો એનું કારણ એ કે તમારે તેનાથી તદ્દન ઊલટા પ્રકારનું બનવું જોઈએ. તમારી અંદર મુશ્કેલી રહેલી છે. કેમ કે એ મુશ્કેલી પાછળ એક સત્ય ગુપ્તપણે રહેલું છે, અને તમારે એ નિર્બળતા અને એ મુશ્કેલીનું એ સત્યમાં રૂપાંતર કરવાનું છે." શ્રીમાતાજીએ બતાવેલું મર્યાદા પ્રત્યેનું આ વલણ રાખવાથી પછી

મર્યાદા એ નબળાઈ રહેતી નથી પણ તે આત્મવિકાસનું એક પગથિયું બની જાય છે. મનુષ્ય પોતાની મર્યાદાઓને પાર કરીને જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ તે પોતાની અંદર રહેલી અને અત્યાર સુધી પોતાની નિમ્ન પ્રકૃતિની મર્યાદાઓએ ઢાંકી રાખેલી પ્રભુની દિવ્ય શક્તિઓને અનુભવવા લાગે છે. ત્યારે એને થાય છે કે મર્યાદાઓની વચ્ચે સભાનપણે જીવાતા તેના જીવન કરતાં, આ જીવન ક્યાંય ચઢિયાતું છે અને પોતાના સ્વભાવની નબળાઈઓને જીતવા માટે તેણે જે પરિશ્રમ કર્યો છે, તેના કરતાં અનેક ગણું વધારે વળતર તેને પ્રાપ્ત થયું છે. આમ, પ્રત્યેક મર્યાદાની અંદર એક મહાન શક્યતાનું બીજ રહેલું છે. મર્યાદાઓથી ડરી જનાર અને પોતાનાં હથિયાર હેઠાં મૂકીને પ્રયત્ન જ બંધ કરી દેનાર વ્યક્તિ ઈશ્વરે આપેલી મહાન શક્યતાનાં દ્વારો જ બંધ કરી દે છે. એ તો મર્યાદાઓની સામે અણનમ રહીને ઝઝૂમનાર જ સિદ્ધિને પ્રાપ્ત કરે છે.

* * * * *

ગુમાવેલું દ્રવ્ય ઉદ્યોગથી મળશે. ગયેલું આરોગ્ય મિતાહારથી પુનઃ મળશે. ભુલાઈ ગયેલું જ્ઞાન અભ્યાસથી તાજું થશે. પરંતુ ખોવાઈ ગયેલી તક કોણે પાછી મેળવી છે? વીતેલો સમય કોને મળ્યો છે ?

**- શ્રીમતી સિંગુલે**

---

## ૨૫. સ્વધર્મ

પૃથ્વીને પ્રકાશ આપવો એ સૂર્યનો સ્વધર્મ છે. નિરંતર વહેતા રહેવું ને અંતે સાગરમાં વિલીન થઈ જવું એ નદીનો સ્વધર્મ છે. કળીમાંથી પૂર્ણરૂપે વિકસવું ને સુવાસ ફેલાવી કરમાઈ જવું એ ફૂલોનો સ્વધર્મ છે, તો માનવજાતિનો સ્વધર્મ ક્યો? એ સ્વધર્મ છે, અનેક જન્મોમાં વિકાસ કરતાં કરતાં અંતે પ્રભુરૂપ બનવું તે. પરંતુ વૈયક્તિક રૂપે માનવના સ્વધર્મની વાત કરીએ તો એ સ્વધર્મ એટલે પ્રત્યેકના આત્માની સ્વાભાવિક પ્રકૃતિ. પ્રત્યેકના મૂળભૂત અસ્તિત્વમાંથી સહજ-પણે પ્રગટતી ક્રિયા કે જે બહારથી લદાયેલી નથી. જેને સંજોગોએ જન્માવી નથી પણ તેના આત્મામાંથી ઉદ્ભવેલી છે, જે એને કાર્યોમાં પ્રેરે છે.

આ રીતે જોતાં સ્વધર્મની પરિભાષા ધર્મ કરતાં અલગ જ છે. ધર્મ એટલે પ્રભુને પ્રાપ્ત કરવા માટે, પ્રભુમય જીવન જીવવા માટે, એ માર્ગની પ્રાપ્તિ કરેલા પ્રભુના પયગંબરોએ ઘડી આપેલી આચારસંહિતા કે જેનું પાલન કરવાથી પ્રભુપ્રાપ્તિનો માર્ગ સરળ બને, ઝડપી બને. આ રીતે જ સઘળાં ધર્મશાસ્ત્રોની રચના કરવામાં આવી છે. આ આચારસંહિતાનું પાલન કરવાથી માર્ગ સરળ જરૂર બને છે, માર્ગદર્શન મળે છે, પણ આ માર્ગે ચાલવાનું તો દરેકે પોતાની પ્રકૃતિ પ્રમાણે હોય છે. એટલે ધર્મનું પાલન પણ પોતાના સ્વધર્મ અનુસાર જ કરવાનું હોય છે. સાચો ગુરુ શિષ્યને એના આત્માની સ્વાભાવિક પ્રકૃતિ પ્રમાણેનો માર્ગ બતાવે છે. ઉધ્ધવ અને વિદુરને વૈરાગ્ય અને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપનાર શ્રીકૃષ્ણે અર્જુનના વૈરાગ્યને બિલકુલ પોષ્યો નથી. ઊલટું તેને હૃદયની દુર્બળતા કહીને તેને ખંખેરીને લડવાનો તેને આદેશ આપ્યો. તેમણે

અર્જુનને તેના સ્વધર્મ પ્રત્યે જાગૃત કર્યો કે "તારો ધર્મ લડવાનો છે. જો તું લડતાં લડતાં મરીશ તો તને સ્વર્ગ મળશે અને જો જીતીશ તો તને રાજ્ય મળશે. જો તું ક્ષત્રિયને પ્રાપ્ય એવું આ ધર્મયુદ્ધ નહીં કરે તો તારા સ્વધર્મ અને કીર્તિને હણીને તું પાપનો ભોક્તા બનીશ." અહીં શ્રીકૃષ્ણે અર્જુનની વૈરાગ્યની વાતો સાંભળીને તેને એમ ન કહ્યું કે "શાબાશ અર્જુન, કે આ બધાં સગાં-સંબંધીઓ અને ગુરુજનોને મારવા કરતાં તો ભિક્ષા માગીને પેટ ભરવું કલ્યાણકારક છે. આવી તારી ત્યાગની વાતોથી હું પ્રસન્ન થયો છું"- ઊલટું ભગવાને તો તેને ઠપકારતાં કહ્યું, "આવા વિષમ સમયે તને આવો મોહ ક્યાંથી થયો? આવી નામર્દાઈ તને શોભતી નથી. આ અધમ દીનતાને ત્યજીને ઊભો થઈ જા." કેમ કે શ્રીકૃષ્ણ જાણતા હતા કે અર્જુનનો વૈરાગ્ય એ મોહમાંથી ઉત્પન્ન થયેલો ક્ષણિક વૈરાગ્ય હતો. એ તેના આત્માની સ્વાભાવિક ક્રિયા ન હતી. મૂળ તો તે વીર યોદ્ધો હતો. જો એ અત્યારે આ ક્ષણિક મોહને લઈને યુદ્ધમાંથી પીછેહઠ કરશે તો આ આવેગ દૂર થતાં પછી તે જિંદગી આખી પીડાશે. આથી જ તેમણે તેને તેના સ્વધર્મ પ્રત્યે જાગૃત કર્યો ને યુદ્ધ લડાવ્યું.

સાચા ગુરુની આ જ પદ્ધતિ હોય છે. તેઓ પોતાના દરેક શિષ્યને તેની પ્રકૃતિ અનુસાર માર્ગ બતાવે છે કે જેથી તેનો ઝડપી વિકાસ થાય. શ્રીરામકૃષ્ણ પરમહંસ પણ પોતાના દરેક શિષ્યને તેની પ્રકૃતિ અનુસાર આચરણ કરવાનું કહેતા. મૂર્તિપૂજા વિરુદ્ધ નિરાકાર બ્રહ્મનો રાખાલને ઉપદેશ આપતાં નરેન્દ્રને તેમણે ઠપકો આપતાં કહ્યું હતું, "રાખાલ તો સાકારનું ઘર. તેની આગળ સાકારનો વિરોધ કરી તું નિરાકારનો ઉપદેશ ન આપ, એથી એની સમતુલા ભાંગી પડશે." આમ, જેવી જેની પ્રકૃતિ તેવો માર્ગ આંકી આપતા. નરેન્દ્રને સંસારથી દૂર રહેવાનું કહેતા તો નાગ મહાશયને તેમણે ક્યારેય સંન્યસ્ત ગ્રહણ કરવાની રજા આપી ન

હતી. ઊલટું એમ કહ્યું કે ગૃહસ્થ જીવનમાં રહીને જ તમે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકશો. તો ગિરીશચંદ્ર ઘોષ તો દારૂડિયા હતા. એમને દારૂ છોડવાનો સીધો ઉપદેશ ન આપતાં મા કાલીને ધરાવીને દારૂ પીવાનું કહ્યું. વારંવાર માને મદિરા ધરાવતાં ધરાવતાં ગિરીશબાબુના સ્વભાવમાં પરિવર્તન થવા લાગ્યું ને આ બૂરી લત છૂટી ગઈ! આમ, સાચા ગુરુશિષ્યના સ્વધર્મને ઓળખીને એ દ્વારા તેને અધ્યાત્મ ના માર્ગ પર લઈ જાય છે. કેમ કે તેઓ જાણે છે કે પરધર્મો ભયાવહઃ.

પરધર્મ ક્યારેય વ્યક્તિની પ્રકૃતિને અનુરૂપ હોતો નથી. કેમ કે તે તેની અંદરથી ઉદ્‌ભવેલી પ્રક્રિયા નથી. પણ એ બાહ્ય પરિસ્થિતિ કે સંજોગોમાંથી ઊભી થયેલી ક્ષણિક આવેગની અથવા તો બીજાઓએ લાદેલી પ્રક્રિયા હોય છે. આવી પ્રક્રિયા માણસને પોતાના આત્માના સત્ય પ્રત્યે લઈ જતી નથી. અંતરમાંથી ઊઠેલી અભીપ્સા હોય તો તેમાં એક શક્તિ હોય છે કે જેના દ્વારા વ્યક્તિ પોતાના ધ્યેય સુધી પહોંચી શકે છે. પણ સ્મશાનવૈરાગ્ય જેવી ક્ષણિક વૃત્તિ તો સંજોગો બદલાઈ જતાં અદ્રશ્ય થઈ જાય છે. એવા આવેગના ક્ષણિક ઊભરા ઉપર કંઈ જીવનનું મૂળભૂત સત્ય પ્રાપ્ત કરી શકાતું નથી.

સ્વધર્મનું પાલન કરતાં કરતાં કરેલાં કાર્યો વ્યક્તિને બંધનકર્તા બનતાં નથી. ઊલટું એ કર્મો તેના આધ્યાત્મિક વિકાસને ઝડપી બનાવે છે. માટી ખૂંદતાં ખૂંદતાં જ ગોરા કુંભારે પ્રભુ મેળવ્યા. પારકાંને ઘરે દાસીપણું કરતાં કરતાં જ જનાબાઈ વિઠ્ઠલમય બન્યાં હતાં. ચમારનું કામ રૈદાસની ભગવદ્‌ભક્તિમાં ક્યાંય અવરોધરૂપ બન્યું ન હતું. વસ્ત્રો વણતાં વણતાં જ તિરુવલ્લુવર અને કબીરદાસજી બ્રહ્મમય બન્યા હતા. આમ, કર્મ ભલે ગમે તે પ્રકારનું હોય પણ તે સ્વધર્માનુસાર હોઈને તે ભગવદ્‌પ્રાપ્તિમાં ક્યારેય અવરોધરૂપ બન્યું નથી. આ સંદર્ભમાં

શ્રીઅરવિંદે કહ્યું છે કે, "વ્યક્તિ જો કર્મને સત્યજ્ઞાનપૂર્વક અને શુદ્ધ હેતુસહિત કરે તો એ કર્મને પરમાત્માની ભક્તિ અને પૂજાના રૂપમાં ફેરવી શકે છે." ભગવાનને સમર્પણ કરીને કોઈ પણ કર્મ કરવામાં આવે તો પછી તે આધ્યાત્મિક પૂર્ણતા પ્રાપ્ત કરવાના સાધનરૂપ બની જાય છે. પણ જે કાર્ય પોતાના સ્વભાવમાંથી પ્રગટ થતું ન હોય, તેના આત્મામાંથી આવેલું ન હોય, તેવું કાર્ય પણ જો ભગવાનને સમર્પિત કર્યું હોય તો, જો તે તેના સ્વધર્મને અનુરૂપ નહીં હોય તો તે છૂટી જશે. અન્યથા આવાં કાર્યો - કે જે સ્વધર્મને અનુરૂપ નથી તેવાં, વધારે સારી રીતે કરવામાં આવે, તેનાથી કદાચ સફળતા પણ મળે, પણ આંતરવિકાસ થતો નથી. એ માટે તો પ્રત્યેકે પોતાની પ્રકૃતિ પ્રત્યે જાગૃત થવું જોઈએ અને પ્રકૃતિનો સ્વધર્મ જાણીને તે મુજબનાં કાર્યો હાથ ધરવાં જોઈએ, તો એ કાર્યો જ આધ્યાત્મિક વિકાસને ઝડપી બનાવે છે.

* * * * *

ગઈ કાલની ભૂલો અને આવતી કાલનો ભય, રખે તમારો આજનો દિવસ - સમય વણસાવે.

**- કાર્લટન નોક્સ**

## ૨૬. શ્રમ એવ જયતે

શ્રમશક્તિ એટલે મનુષ્યના શરીરરૂપી સાધનમાં રહેલી અને તેને કાર્યમાં પ્રેરતી પ્રભુની શક્તિ. એ શક્તિ સમગ્ર સૃષ્ટિમાં ક્ષણે ક્ષણે પ્રગટ થઈને સર્વ અશક્યોને શક્ય બનાવી રહી છે. અસુંદરને સુંદર, દુર્બળને બળવાન અને મૂરખને મેધાવી બનાવનાર આ શ્રમશક્તિની તાકાત પ્રચંડ છે. મન અને શરીરની શક્તિના સમન્વયથી માનવે આજે અનેક ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કર્યો છે. તેણે કાળમીંઢ પર્વતોને કોરીને રસ્તા બનાવ્યા છે. સમુદ્રોને નાથીને ઉપર પુલ અને તેનાં પેટાળમાં રસ્તાઓ બનાવ્યા છે. અવકાશમાં ઉપગ્રહો મૂકીને સમગ્ર પૃથ્વીને સંદેશાવ્યવહારથી સાંકળી લીધી છે. હજુ પણ શ્રમ અને બુદ્ધિના સુયોગથી મનુષ્ય વિશ્વમાં અપ્રગટ રહેલું કેટલુંય પ્રગટ કરશે ને પ્રકૃતિના રહસ્યમય ખજાના ખુલ્લા કરશે. શ્રમશક્તિ માટે કશું અશક્ય નથી. દુસ્તર નથી. દુર્ઘર્ષ નથી.

પ્રકૃતિમાતા પોતે પણ અવિરત શ્રમ કરી રહી છે. કાદવમાંથી કમળ ખીલવવાં, ધરતીના પેટાળમાં રહેલા બીજમાંથી અંકુર પ્રગટાવી તેમાંથી વિશાળ વૃક્ષ સર્જવું, કાળમીંઢ પર્વતોના પેટાળમાંથી અમૃત-ઝરણાંઓ રેલાવવાં, સમુદ્રના ખારા પાણીમાંથી મીઠા જળની વાદળીઓ સર્જી ધરતીને મીઠાં જળથી તૃપ્ત કરવી - આવાં બધાં જ પ્રકૃતિનાં કાર્યો કેટલાં બધાં શ્રમસાધ્ય છે! પ્રકૃતિમાતા ધીરજપૂર્વક ખંતથી પરિશ્રમ કર્યે જ જાય છે અને તેથી જ તો આ સુંદર સૃષ્ટિનું સંચાલન થઈ રહ્યું છે.

પ્રભાતનું પ્રથમ કિરણ ફૂટે ને સમગ્ર પ્રકૃતિ શ્રમ માટે સજ્જ બની જાય છે. ચેતનવંતી બની કાર્યરત બની જાય છે. પક્ષીઓ માળો છોડી, કલરવ કરતાં આકાશમાં ઊડવા લાગે છે. પુષ્પકળીઓ ખીલવા લાગે છે. વનસ્પતિ સૂર્યકિરણોને ઝીલવા સજ્જ બની જાય છે. પશુઓ આમતેમ

દોડાદોડી કરવા લાગે છે. જેમની પ્રકૃતિ પર હજુ માનવબુદ્ધિનો પ્રભાવ નથી પડ્યો તેવાં બાળકો પણ વહેલી સવારે જાગીને પોતાના હાથપગ હલાવીને ઉછાળા મારે છે. આમ, પ્રકૃતિ સાથે સંકળાયેલાં બધાં ચેતન તત્ત્વો પ્રકૃતિના શ્રમયજ્ઞમાં સામેલ થઈ જાય છે. અને તેમને મળે છે પ્રકૃતિમાતાની બક્ષિસ રૂપે નિત્યનૂતન તાજગી, ઉલ્લાસ, આનંદ અને શક્તિ. આ સમયે મનુષ્યે પણ જો આ બક્ષિસો મેળવવી હોય તો પ્રકૃતિના શ્રમયજ્ઞમાં સહભાગી બની જવું જોઈએ. પ્રાતઃકાળે જ નિત્યકર્મો આટોપી પોતાના કાર્યમાં લાગી જવું જોઈએ. એ સમયે જો એ તમસ અને આળસથી ઘેરાઈને પડ્યો રહે તો પ્રકૃતિની બક્ષિસો ગુમાવી દે છે, અને પરિણામે તેનો આખો દિવસ સુસ્ત ને ભારેખમ બની રહે છે.

ભગવાને આ સૃષ્ટિમાં મનુષ્ય માટે તો આ પૃથ્વી ઉપર અનંત શક્યતાઓ મૂકેલી જ છે. તે જે ધારે તે પ્રાપ્ત કરી શકે એવી શક્તિ તેની અંદર મૂકી છે. એ શક્તિને વહન કરે તેવું ઉન્નત મસ્તક અને બે હાથ ને બે પગવાળું સુંદર શરીર તેને આપ્યું છે, જે બીજાં કોઈ પણ પ્રાણીઓને આપ્યું નથી. વળી, મુશ્કેલીઓમાંથી વિચારપૂર્વક માર્ગ કાઢી શકે તેવી બુદ્ધિ પણ ભગવાને મનુષ્યને આપી છે. શરીરની શક્તિ અને મનની બુદ્ધિથી અશક્ય ને મુશ્કેલ કાર્યોને સિદ્ધ કરી શક્યો છે. શ્રમની અભિવ્યક્તિનું શ્રેષ્ઠ સાધન એ તેના હાથ છે. આ હાથ જો બુદ્ધિપૂર્વક સતત પ્રયત્ન કરતા રહે તો તેનું ભાગ્ય પણ પલટાઈ જાય છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ જ નથી. પરિશ્રમને કશું અસાધ્ય પણ નથી રહેતું. મનુષ્યે આગળ વધવું હોય, પોતાનું જીવન જેવું છે તેવું રહેવા દેવું ન હોય, પણ તેને વધારે સમૃદ્ધ, ઉદાત્ત અને ઉજ્જ્વળ બનાવવું હોય તો યોગ્ય દિશામાં શ્રમ કર્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. સંસ્કૃત

સુભાષિતોમાં સાચું જ કહેવાયું છે કે સૂતેલાનું ભાગ્ય સૂતું રહે છે ને ચાલતાનું ભાગ્ય ચાલતું રહે છે. સૂતેલા સિંહના મુખમાં જઈને કંઈ મૃગલાં પ્રવેશતાં નથી.

શ્રમ મનુષ્યનાં તન, મન અને ધનને સાબૂત રાખે છે. શ્રમથી શરીરનું આરોગ્ય જળવાય છે. શરીર સુદૃઢ, સ્વસ્થ ને સસક્ત બને છે. શ્રમ કરનારથી રોગો દૂર રહે છે. આવા સ્ફૂર્તિલા શરીરમાં રહેતું મન પણ પ્રફુલ્લિત અને આનંદિત રહે છે. તેનો કામ કરવાનો ઉત્સાહ વધે છે. આવાં શરીર ને મનની કાર્યશક્તિ વધે છે. તે દ્વારા સમૃદ્ધિ પણ વધતી જાય છે. સમૃદ્ધિ વધતાં ઉત્સાહ, આનંદ વધે છે ને પરિશ્રમ કરવાની શક્તિ પણ વધે છે. આમ, શ્રમ, સમૃદ્ધિ ને તંદુરસ્તીનું શુભ ચક્ર શરૂ થાય છે.

આજે વિશ્વભરમાં શ્રમદિવસ ઉજવાઈ રહ્યો છે. આ શુભ દિવસ એ શ્રમના ગૌરવના સ્વીકારનો દિવસ છે. શ્રમના ગૌરવને પ્રત્યેક મનુષ્ય પિછાણે અને શ્રમને પોતાના જીવનમાં પ્રાધાન્ય આપે એ જ શ્રમદિવસની સાચી ઉજવણી છે. આવો, શ્રમનો મહિમા જાણીને આપણે જીવનમાં શ્રમને પ્રાધાન્ય આપી, પ્રકૃતિના શ્રમયજ્ઞના સાચા સહયોગી બની જીવનને સમૃદ્ધ બનાવીએ.

* * * * *

સ્વચ્છંદ અને નિરુદ્યમમાંથી નહિ, પરંતુ શ્રમમાંથી જ આનંદ મળે છે. જ્યારે માણસ પોતાના કામને ચાહવા લાગે છે, ત્યારે જ તે સુખી બને છે.

\- રસ્કિન

## ૨૭. યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે

નારીની પૂજા એટલે ભગવાનની શક્તિની પૂજા. જ્યારે સૃષ્ટિનું સર્જન થયું ન હતું ત્યારે પરમાત્મા એકલા જ સઘળે વ્યાપ્ત હતા. તેમણે સર્જનની ઈચ્છા કરી અને પોતાનામાંથી પોતાની સર્જકશક્તિને અલગ પ્રગટ કરી. એ જ મહામાયા આદ્યાજનની. આદ્યાજનનીએ પુરુષ અને પ્રકૃતિનું સર્જન કરી સૃષ્ટિનાં વિવિધ રૂપોનું નિર્માણ કર્યું. સૃષ્ટિના તંતુને ચાલુ રાખવામાં નારીને વિશેષ કાર્ય કરવાનું હોઈને આદ્યાજનનીએ નારીને વિશિષ્ટ ગુણોથી વિભૂષિત કરી. દયા, પ્રેમ, સહિષ્ણુતા, ઉદારતા, ધીરજ, તિતિક્ષા, શ્રદ્ધા, સેવા, ભક્તિ, ત્યાગ, સમપર્ણ. આ છે નારીના વિશિષ્ટ ગુણો.

જ્યાં નારીની પૂજા થાય છે, જ્યાં તેના ગૌરવનો સ્વીકાર થાય છે, જ્યાં તેનું માન જળવાય છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. તેમ મનુ મહારાજ મનુસ્મૃતિમાં કહે છે. દેવતાઓની પ્રસન્નતા એટલે આનંદ, ઉલ્લાસ, નિરંતર પ્રગતિ અને અખૂટ સમૃદ્ધિ તેમ જ પરમ શાંતિની સ્થિતિ. દેવતાઓ પ્રસન્ન હોય ત્યાં દુઃખ ન હોય. ઉદ્વેગ ન હોય, નિરાશા કે ચિંતા ન હોય. પણ આનંદ, પ્રેમ, શક્તિ, સુમેળ, સંવાદિતા અને મધુરતાથી ભરેલું જીવન હોય. આવું જીવન, જે ઘરમાં નારીની પૂજા થાય છે, તેના વ્યક્તિત્વનો, ગૌરવનો સ્વીકાર થાય છે ત્યાં જોવા મળે છે. નારી એ તો પ્રેરણાનો અખૂટ સ્રોત છે. સ્નેહનો અતલ ઝરો છે. શક્તિનો ધસમસતો પ્રવાહ છે. મમતા અને વાત્સલ્યનો વિરાટ સાગર છે. તેના અંતસ્તલમાં ડૂબકી મારતાં જ માનવ પ્રેમ, શક્તિ, પ્રેરણા ને આનંદથી સભર બની રહે છે. આથી એના જીવનમાં થનગનાટ આવે છે. ઉત્સાહ જાગે છે. ઉલ્લાસ અને આનંદની ભરતી રહે છે. તેની

કાર્યશક્તિ વધે છે. અખૂટ પ્રેરણાના બળે તે મુશ્કેલીઓને પાર કરી શકે છે. આવી વ્યક્તિ પોતાના અને પોતાના પરિવારને સુખ અને સમૃદ્ધિ આપી શકે છે. જે ઘરમાં નારીને લક્ષ્મીરૂપ માનીને તેનો આદર કરવામાં આવે છે, તે ઘર સાચે ભગવતી લક્ષ્મીનું નિવાસસ્થાન બની રહે છે.

પરંતુ જ્યાં નારીની ઉપેક્ષા થાય છે, જ્યાં નારીનું આત્મસન્માન જળવાતું નથી, નારીને તુચ્છ માનવામાં આવે છે, ત્યાં સુખશાંતિ હોતાં જ નથી, અને સાચી સમૃદ્ધિ પણ તેવા ઘરમાં આવતી નથી. જ્યાં નારીને અપમાન સહેવાં પડે છે, જ્યાં નારી અસહ્ય યાતના અને ત્રાસમાંથી પસાર થાય છે, ત્યાં દેવતાઓ નારાજ થાય છે અને જે ઘરમાંથી દેવતાઓની અમીદ્રષ્ટિ ચાલી જાય છે, એ ઘર નરક સમાન જ બની જાય છે. એટલે કે એવા ઘરમાંથી આનંદ અને પ્રેમ ચાલ્યાં જાય છે. જીવનનો ઉલ્લાસ ચાલ્યો જાય છે. એને બદલે ઉદ્વેગ, કંકાસ, ઉત્પાત, મનની કટૂતા વ્યાપી જાય છે, અને આ જ તો નરક છે! ગૃહિણીના ચિત્તની સ્વસ્થતા, પ્રસન્નતા અને શાંતિ ઉપર તો ઘરનાં સુખશાંતિ ને સમૃદ્ધિનો આધાર રહેલો છે. ગૃહિણીથી જ ઘર ઘર બને છે, નહીં તો એ મકાન જ રહે છે આથી જ સંસ્કૃત સુભાષિતમાં 'ગૃહિણી ગૃહમુચ્યતે' એમ કહેવાયું છે. સ્વામી શિવાનંદજીએ નારીને સંસ્કૃતિની આધારશીલા કહી છે. તેઓ કહે છે, "નારી એ જ સૌંદર્ય, શોભા અને સૌભાગ્યની દેવી લક્ષ્મી છે. એ જ ઘરની પ્રેરણાદાત્રી છે. રાષ્ટ્રનું વિધાયક તત્ત્વ પણ તે જ છે. અને તે જ છે સંસ્કૃતિની આધારશીલા. પોતાનાં બાળકોને યોગ્ય રીતે કેળવીને નારી રાષ્ટ્રની અને સંસ્કૃતિની સર્વશ્રેષ્ઠ સેવા કરી રહી છે."

સંસ્કૃતિના ઇતિહાસમાં જ્યારે જ્યારે નારીની અવહેલના કરવામાં આવી છે, જ્યારે નારીને શક્તિસ્વરૂપ નહીં, પણ ગુલામ બનાવી દેવાઈ છે, ત્યારે ત્યારે વિનાશ સર્જાયો છે અને રાષ્ટ્રોનું પતન

થયું છે. તેમ છતાં પણ સંસ્કૃતિની ભયાનક ઉથલપાથલો વચ્ચે પણ નારી - જીવનનો મુખ્ય પ્રવાહ તો ઉજ્જવળ પથ પર જ વહ્યો છે. અને વિનાશની વચ્ચે પણ, પોતાના અપમાન ને અવહેલનાની પરવા કર્યા વગર નારીઓએ જ સંસ્કૃતિની રક્ષા કરી છે, અને તેથી જ તો માનવસંસ્કૃતિ ટકી શકી છે. નારીના કાર્યને બિરદાવતા કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે, "પ્રકૃતિએ નારીને હૃદયની વિશાળતા આપી છે. ગૃહિણી અને જનની સ્વરૂપે એનું કાર્યક્ષેત્ર આ જ દિવસ સુધી આગવું રહ્યું છે. અને તે એના સ્વભાવને અનુરૂપ અને સહજ હોવાથી તેને સદી પણ ગયું છે. હૃદયની રસધારા વડે તે પોતાની ગૃહસ્થીને યશસ્વી બનાવે છે. માધુર્યનું ઐશ્વર્ય એને સહેજેય પ્રાપ્ત થયું છે. પ્રકૃતિ પાસેથી એને મળેલી પટુતા એને કોઈ પાસે શીખવા જવી પડતી નથી."

નારીના કાર્યથી જ સંસાર સફળ બને છે. ઘર પવિત્ર મંદિર બને છે. કુટુંબ સુસંસ્કૃત બને છે. ભાવિ પેઢી ઉજ્જવળ બને છે. ધર્મ અને સંસ્કૃતિના પાયા સુદૃઢ બને છે અને ચરિત્રવાન નાગરિકોથી રાષ્ટ્ર પણ ઉન્નત બને છે. જ્યાં સાચા અર્થમાં નારીશક્તિનો મહિમા પિછાણીને તેની પૂજા થાય છે, ત્યાં આ શક્ય બને છે અને એવા જ ઘરમાં, કુટુંબમાં કે રાષ્ટ્રમાં રમન્તે તત્ર દેવતાઃની પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

* * * * *

સંસારમાં સ્ત્રીને જે કાંઈ કરવાનું છે તે પુત્રી, બહેન, પત્ની અને માતાના પાવન કર્તવ્યમાં આવી જાય છે.

**- સ્ટીન**

## ૨૮. મા

આપણી માનવીય લાગણીઓને અભિવ્યક્ત કરવા માટે ઉપયોગમાં લેવાતી ભાષાના એકાક્ષર 'મા' નો ઉચ્ચાર કરીએ કે તુરત જ આપણું હૃદય પૃથ્વી ઉપર સદેહે અવતરેલી ભગવાનની કરુણા, કૃપા અને પ્રેમની મંગલ ધારાનો પ્રસન્નમધુર અનુભવ કરવા લાગે છે. એવું કહેવાય છે કે ભગવાને જ્યારે આ સૃષ્ટિ રચી ત્યારે તેઓ સદેહે પહોંચી વળવા માટે સમર્થ નહોતા એટલે એમણે માનું સર્જન કર્યું અને એમાં પ્રભુએ પોતાનું હૃદય મૂક્યું કે જેથી કરીને એ માતૃહૃદય દ્વારા પોતાનાં પ્રેમ ને કરુણા સર્વ મનુષ્યો પર નિરંતર વરસતાં રહે.

મા એટલે મા. પ્રભુનું હૃદય. કરુણા ને પ્રેમથી નિરંતર છલકાતું. ત્યાગ, સ્વાર્પણ, સેવા અને સહનશીલતાથી ભરપૂર. મા મનુષ્યરૂપે હોય કે પશુપક્ષીરૂપે હોય પણ પોતાનાં બચ્ચાં માટેનો પ્રેમ તો દરેક 'મા' માં સમાન જ રહેલો છે. પોતાનાં બચ્ચાં માટે ચાંચમાં અનાજનો કણ લાવીને બચ્ચાંના મુખમાં મૂકતી ચકલી હોય કે પછી અતિશય સંભાળથી દાંત વડે બચ્ચાંને ઊંચકીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતી બિલાડી હોય કે પોતાના બાળક માટે પોતાના પ્રાણ પણ આપવા તૈયાર થયેલી માનવ માતા હોય, બધાંનાં હૃદયમાં પોતાના બાળક પ્રત્યે વહેતો નિર્મલ પ્રેમનો સ્રોત તો સમાન જ છે. એ છે માતાને ભગવાને આપેલી બક્ષિસ.

બાળક પૃથ્વી ઉપર આવીને જ્યારે પોતાની આંખ પ્રથમ વખત ખોલે છે ત્યારે તે સર્વપ્રથમ વાત્સલ્ય ઝરતું માનું મુખ જ જુએ છે. નવજાત શિશુ માટે તો સમગ્ર પૃથ્વી અજાણી છે, પણ તે ફક્ત તેની માતાને જ ઓળખે છે. તેના માટે તેની મા જ સર્વસ્વ હોય છે. એટલે જ વેનિટી ફેરમાં વોકરે કહ્યું છે કે, ''નાના બાળકના હોઠમાં અને હૈયામાં

ભગવાનના સ્થાને તેની માનું નામ પહેલાં હોય છે.'' મહંમદ પયગંબરે પણ કહ્યું છે કે, 'તારું સ્વર્ગ તારી માનાં ચરણોની નીચે છે.' એટલે કે માનાં ચરણોની પૂજા કરનારના જીવનમાં સ્વર્ગનાં સુખ, સમૃદ્ધિ ઊતરી આવે છે. જ્યાં માતા પ્રસન્ન છે, ત્યાં સ્વર્ગ આપોઆપ સર્જાઈ જાય છે.

અલમોસ્તાફ નામના પુસ્તકમાં એક સરસ વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે મોઝીઝે ખુદા સાથે વાર્તાલાપ કર્યો ત્યારે તેઓ ૩૫૦૦ શબ્દો બોલ્યા હતા. જ્યારે વાતચીત પૂરી થઈ ત્યારે મોઝીઝે પૂછયું; ''હે મારા માલિક, મારે કઈ રીતે વર્તવું તેના માટે એક નિયમ બાંધી આપો.'' ત્યારે ખુદાએ કહ્યું, ''હું તને ફરમાન કરું છું કે તારી મા પ્રત્યે તારે અત્યંત આદરથી વર્તવું.'' ખુદાં ફરીફરીને સાત વખત આ શબ્દો બોલ્યા હતા, અને પછી તેમણે ઉમેર્યું હતું કે, ''યાદ રાખ મોઝીઝ, કે જ્યારે તારી મા તારાથી પ્રસન્ન હશે ત્યારે હું પણ પ્રસન્ન હોઈશ અને જ્યારે તારી મા તારાથી નારાજ હશે ત્યારે હું પણ નારાજ હોઈશ.'' આ રીતે ખુદાએ પોતાને પ્રસન્ન કરવાનો માર્ગ મોઝીઝ દ્વારા સમગ્ર માનવજાતિને બતાવી દીધો કે, ''મને પ્રસન્ન કરવો હોય તો માતાને પ્રસન્ન કરો.''

આપણા બૃહદ્ પુરાણમાં પણ માતૃસ્તોત્રમાં કહ્યું છે કે ત્રણે લોકમાં માતા સમાન બીજું કોઈ નથી. આ પુરાણમાં વર્ણવેલાં માતાનાં એકવીસ નામો માતાના ગુણોને વ્યક્ત કરે છે. માનાં ધરિત્રી, જનની દયાર્દ્રહૃદયા, શિવા, ત્રિભુવનશ્રેષ્ઠા, દેવી, નિર્દોષા, સર્વદુઃખહરા, પરમ આરાધનીયા, દયા, શાંતિ, ક્ષમા, વૃત્તિ, સ્વાહા, સ્વધા, ગૌરી, પદ્મા, વિજયા, જયા, દુખહન્ત્રી - આ નામો માનું સાચું સ્વરૂપ વર્ણવે છે.

એવું કહેવાય છે કે મા માટે તેનું બાળક કદી વૃદ્ધ થતું નથી. સિત્તેર વર્ષની વયે પહોંચેલી વ્યક્તિ પણ જો તેની મા જીવતી હોય તો તે તેની મા માટે તો બાળક જ છે અને જ્યાં સુધી મા જીવંત હોય છે,

ત્યાં સુધી વ્યક્તિ તેમની આગળ પોતાના બાળપણને અનુભવી શકે છે. માની હાજરી બાળકને નિર્ભયતા આપે છે. પછી તેની વય ગમે તેટલી કેમ ન હોય. જેને મા છે, તેને દુઃખ, ચિંતા, આધિ, વ્યાધિ, ઉપાધિ, ખળભળાવી શકતાં નથી. કેમ કે મા જ માનવને માટે ઈશ્વરનું બીજું રૂપ છે. તે દુઃખમાં આશા છે. નિરાશામાં બળ છે. દુર્બળતામાં શક્તિ છે. તે જ છે પ્રેમ, કરુણા, ક્ષમાનો અખૂટ સાગર. જેઓ આ સાગરમાં નિરંતર સ્નાન કરે છે, તેઓ સાચે જ ભગવાનની સમીપ રહે છે. અને તેમનાં જીવન માની છાયામાં સુરક્ષિત બનીને મહોરી ઊઠે છે.

પૃથ્વીની પરિક્રમા કરીને રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ કરવા નીકળેલા કાર્તિકેય કરતાં માતાની પ્રદક્ષિણા કરી તેમના આશીર્વાદ લઈ રિદ્ધિ - સિદ્ધિની પ્રાપ્તિ ક્ષણભરમાં જ કરી ચૂકેલા ગણેશની કથાનું તાત્પર્ય પણ એ જ છે કે માની પ્રસન્નતા અને આશીર્વાદમાં દુનિયાનું સઘળું ઐશ્વર્ય, સઘળી સમૃદ્ધિ, સઘળો વૈભવ સમાયેલો છે. એને મેળવવા પૃથ્વીનું ભ્રમણ કરવાની જરૂર નથી. જરૂર છે, માનાં ચરણોમાં ઝૂકવાની.

માની ત્યાગભાવના અને નિઃસ્વાર્થ પ્રેમની તોલે દુનિયાની કોઈ જ વસ્તુ આવી શકે તેમ નથી. કોઈ પણ જાતના સ્વાર્થ વગર પોતાના બાળકને માટે પોતાનું સર્વસ્વ આપી દેતી માતાનું ઋણ ચૂકવવા તો કોઈ સમર્થ નથી. આથી શંકરાચાર્ય જેવા યોગી સંન્યાસી પણ કહે છે :

"હે મા, પ્રસૂતિ સમયની તારી અસહ્ય વેદનાને હું બાજુ પર મૂકું, જન્મ્યા પછી એક વર્ષ સુધી મળમૂત્રવાળી શય્યા ભોગવીને તેં તારું શરીર સૂકવી નાંખ્યું, તે વાત પણ લક્ષમાં ન લઉં, પણ જન્મ પહેલાં મારા સ્થૂળ દેહનો ભાર વહન કરી જે કષ્ટ વેઠ્યું, તારા એટલા એ એક જ ઉપકારનો બદલો વાળવા બ્રહ્મવિદ્ થયો હોવા છતાં હું સમર્થ નથી. એવી માતાને નમસ્કાર હો."

* * * * *

## ૨૯. મનની માયાજાળ

આપણે મનુષ્યો મનમાં રહેનારાં પ્રાણીઓ છીએ. અત્યારની માનવજાતિની ચેતનામાં મન એ તેનો અધિષ્ઠાતા સ્વામી છે. મનુષ્યની સઘળી પ્રવૃત્તિઓનું સંચાલન મન દ્વારા જ થાય છે. પરંતુ માનવીનું મન શાંત, સ્થિર અને એકાગ્ર હોતું નથી. જો આપણે આપણા મનનું નિરીક્ષણ કરીએ તો તેમાં અસંખ્ય વિચારોની આવનજાવન થયા જ કરતી હોય છે. આપણે આપણા મનને થોડી વાર માટે પણ નીરવ અને શાંત કરવા પ્રયત્ન કરીએ તો તો મનમાં જાતજાતના વિચારોના હુમલા થવા લાગે છે અને થોડી જ વારમાં એ બધા માથામેળ વગરના વિચારોથી આપણે ત્રાસી જઈએ છીએ. રાત્રે પણ ન જાણે ક્યાંયથી વિચારોનાં ટોળાં ચઢી આવતાં હોય છે, અને નિદ્રાને હરી લેતાં હોય છે. માણસોથી ખાસ કરીને અણગમતા માણસોથી તો દૂર ભાગી શકાય પણ વિચારોથી ભાગીને ક્યાં જવું? શાંતિ મેળવવા વ્યક્તિ હિમાલયમાં જાય તોપણ એનું મન તો ભેગું જ હોય છે, ને અશાંત મનને ગમે તેવું શાંત, એકાંત સ્થળ પણ શાંતિ આપી શકતું નથી.

આપણા મનમાં આવા અશાંતિકારક વિચારો ક્યાંથી આવતા હશે? આ સંદર્ભમાં શ્રીમાતાજી કહે છે કે, "સઘળા વિચારો મનોમય વાતાવરણમાંથી આવે છે. મનોમય વાતાવરણ વિચારોનું જ ભરેલું હોય છે. આપણે રસ્તામાં જતા હોઈએ અને જેમ માણસો આપણને મળે, તેમ વિચારો આપણને મળતા હોય છે. માર્ગમાં ભ્રમણ કરી રહેલા અસંખ્ય વિચારોમાંથી કેટલાક વિચારો આપણા મસ્તિષ્કમાં પ્રવેશી જાય છે, પણ આપણે જાગૃત હોતા નથી એટલે વિચારો આપણી અંદર પ્રવેશે છે. એની આપણને ખબર પડતી નથી."

આપણું મન એક બજાર જેવું છે. જેમ બજારમાં અનેક પ્રકારના લોકો આવજા કરતાં હોય છે, એમ અસંખ્ય પ્રકારના વિચારો આપણા મનમાં આવજા કરતા જ રહે છે અને આ વિચારોને પરસ્પર કોઈ પણ જાતનો સંબંધ હોતો નથી. હર ક્ષણે આપણું મન અનેક પ્રકારના વિચારોથી ઘેરાયેલું જ હોય છે. તે અનિશ્ચિતતાઓની દુનિયામાં આથડ્યા કરતું હોય છે. એક ક્ષણ પણ તે શાંત રહેતું નથી. અને જો આપણે તેને શાંત કરવાનો પ્રયત્ન કરીએ તો તે છટપટવા લાગે છે. એકાગ્રતા અને શાંતિ તેને કંટાળો આપે છે અને તેથી આપણે શરૂઆતમાં એકાદ બે દિવસ જ શાંતિ અને એકાગ્રતા માટે પ્રયત્ન કરીને પછી છોડી દઈએ છીએ. શ્રીમાતાજી કહે છે કે, "માણસ જાણે વાદળામાં બાચકા ભરતો હોય તેમ જીવે છે. ઘણાખરા લોકોનું મન વાદળાં જેવું હોય છે. સાવ ધૂંધળું ને અસ્પષ્ટ. એમાં વસ્તુઓની ફક્ત છાપ જ હોય છે. એનું જ્ઞાન હોતું નથી." આવાં અસ્પષ્ટ પરિભ્રમણોને પરિણામે માણસનું આખું જીવન અનિશ્ચિતતામાં જ વીતતું હોય છે. આવું ન થવા દેવા માટે શ્રીમાતાજી આપણને મનનાં સ્વેચ્છાચારી ભ્રમણો પર એકાગ્રતા કરવાનું કહે છે. એ પ્રયત્ન પ્રથમ વખત તો ખૂબ આકરો અને દુઃખદાયી લાગે છે, પણ જો એની ટેવ જ ન પાડવામાં આવે તો પછી આખું જીવન દુઃખદાયી બની જાય છે.

એ સ્થિતિ તો તોફાની સમુદ્રમાં આમથી તેમ ફંગોળાતી લક્ષ્યહીન નૌકા જેવી બની જાય છે. આથી આપણે આપણા મનને સંગઠિત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ સ્નાયુઓના વિકાસ માટે શારીરિક કસરતની જરૂર પડે છે એમ મનને કેળવવા માટે પણ માનસિક તાલીમની જરૂર પડે છે. વિચારશીલ મનને કેળવવા માટે શિસ્ત અને અભ્યાસની જરૂર પડે છે. આથી મનને કોઈ એક બિંદુ ઉપર એકાગ્ર

કરવાનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ. મનને જો કોઈ નિશ્ચિત વિષય પર વિચારો કરવાની તાલીમ આપવામાં આવી હોય તો તે એક જ વિષય પર અનેક પ્રકારના વિચારો કરવા શક્તિમાન બની શકે છે. શ્રીમાતાજી તો કહે છે કે, "ધ્યાન અને એકાગ્રતા કરનારા માણસો પોતાની ઈચ્છા મુજબના વિચારોને વાતાવરણમાંથી આકર્ષી પણ શકે છે. આ માટે માણસમાં એકાગ્રતા કરવાની, ચિંતનની, પૃથક્કરણ કરવાની અને માનસિક સંગઠનની ટેવ હોવી જોઈએ."

મનને શાંત અને એકાગ્ર કરવા માટે શ્રીમાતાજી ત્રણ રસ્તા બતાવે છે. એમાં પ્રથમ સહેલામાં સહેલી પદ્ધતિ એ છે કે અણગમતા વિચારોથી આપણી જાતને મુક્ત કરવા કોઈ બીજી જ, આપણને ગમતી વસ્તુમાં મન પરોવી દેવું ને તેમાં જ ઓતપ્રોત થઈ જવું, તેથી અણગમતા વિચારો એની મેળે જ ચાલ્યા જશે ને પછી તો પરિસ્થિતિ બદલાઈ જતાં એ વિચારોનું જોર જ ઓછું થઈ જશે.

બીજી પદ્ધતિ વિચારોનો ત્યાગ કરી દેવાની છે. એમાં તો જેમણે પોતાના વિચારો ઉપર કાબૂ મેળવ્યો છે તેઓ અંણગમતા અને નકામા વિચારોને બાજુએ મૂકી દે છે. જેમ આપણે કોઈ સ્થૂળ વસ્તુને ખસેડીને બાજુએ મૂકી દઈએ તેવી જ રીતે વિચારોને પણ ખસેડીને બાજુ પર મૂકી દેવાના. આ પદ્ધતિ થોડી અઘરી છે પણ તેને અજમાવવામાં એક વાર સફળતા મળી ગયા પછી મુશ્કેલી રહેતી નથી અને આ પદ્ધતિ વધારે અસકારક છે.

ત્રીજી પદ્ધતિ એ યૌગિક પદ્ધતિ છે. તેમાં માણસે પોતાની વર્તમાન પરિસ્થિતિમાંથી ઠેક ભરીને ઊર્ધ્વમાં આરોહણ કરવાનું છે અને ત્યાં ઊંચે રહીને વિચારોને જોવાના છે અને વ્યવસ્થિત કરવાના છે.

અથવા તો ઊર્ધ્વના પ્રકાશને મનમાં ઉતારવાનો છે, જેથી મનની ચેતના જ બદલાઈ જાય.

મનનાં ભ્રમણોને અટકાવવા માટે આ ઉપરાંત પણ શ્રીમાતાજી એક ઉપાય જણાવે છે. તેઓ કહે છે કે, "તમારી અંદર એવો પ્રબળ સંકલ્પ હોવો જોઈએ કે તમે મનની દખલને બિલકુલ ઇચ્છતા નથી, તો પછી જેમ ઘોંઘાટ કરતા લોકોને તમે કહો છો તેમ તમારે તમારા મનને કહી દેવું જોઈએ કે તું ચૂપ રહે. શાંત રહે. પછી મન બહુ હસ્તક્ષેપ કરતું નથી."

આમ, આપણા મનનું સતત અવલોકન કરતા રહીને, તેને એકાગ્ર થવાની ટેવ પાડીને, આપણે આપણા મનની એવી સ્થિતિએ પહોંચી શકીએ કે જ્યાં આપણે આપણા વિચારોના ગુલામ નહીં પણ સમ્રાટ બની શકીએ અને મનની માયાજાળમાંથી મુક્ત બની આપણે આપણી જાતના પણ સ્વામી બની શકીએ.

* * * * *

જેમ તૂટેલા છાપરાની અંદર વરસાદનું પાણી ઘૂસી જાય છે તેમ ગાફેલ મનમાં તૃષ્ણા દાખલ થઇ જાય છે.

- જ્ઞાનગંગા

## ૩૦. સજ્જતા

પ્રત્યેક પ્રભાતે ભગવાન સૂર્યનારાયણ નવો પ્રકાશ લઈને આવે છે. અંધકારમાં ડૂબેલી સૃષ્ટિ આ પ્રકાશને ઝીલવા સજ્જ બની જાય છે. વૃક્ષો જડતાને ખંખેરી પ્રભાતની આહ્‌લાદક ચેતનાને ઝીલવા સજ્જ બને છે. પક્ષીઓ પણ ચૈતન્યને અનુભવતાં મધુર સ્તુતિગાનોથી સમગ્ર વાતાવરણને આહ્‌લાદક બનાવી દે છે. સચરાચર સૃષ્ટિ પ્રભાતની નવી ચેતના અને નવા જીવનના ધબકારને અનુભવવા સજ્જ બની જાય છે. દરરોજ પ્રભાતે ચૈતન્યની જે ધારા વહે છે તેને ઝીલવા માટે જે કોઈ સજ્જ હોય છે, તે સર્વ પ્રભુની દિવ્ય ચેતનાના પ્રસાદને પામીને સમગ્ર દિવસનું તાજગીનું ભાથું પ્રાપ્ત કરી લે છે અને એમ પ્રત્યેક દિવસ વધુ ને વધુ દિવ્ય ચેતનાનો પ્રસાદ આપનાર બની રહે છે.

સજ્જતા એટલે તૈયારી. પછી આ તૈયારી કોઈ પણ બાબતની હોઈ શકે. કાર્ય માટેની, અભ્યાસ માટેની, દીક્ષા માટેની, યાત્રા માટેની યુદ્ધ માટેની, અરે, મૃત્યુ માટેની પણ સજ્જતા હોઈ શકે. કોઈ પણ ક્ષેત્રમાં કંઈ પણ કાર્ય કરવું હોય તો તે માટે પહેલાં સજ્જ થવું પડે છે. સજ્જતા વગર હાથમાં લીધેલાં કાર્યો જલદીથી પાર પડતાં નથી. કોઈ પણ કાર્યને પાર પાડવા માટે પહેલું પગથિયું છે ઈચ્છા અને દ્રઢ સંકલ્પ. પ્રબળ ઈચ્છા અને દ્રઢ સંકલ્પશક્તિ હોય તો જ કાર્ય માટેની સજ્જતા આવે છે. પવન પ્રમાણે હાલકડોલક થતી સંકલ્પશક્તિવાળો માણસ કોઈ પણ ક્ષેત્રે સફળ થઈ શકતો નથી. ઈહાસને શુષ્યતુ મે શરીરમ્. ભલે અહીં જ મારું શરીર સુકાઈ જાઓ – પણ બુદ્ધ થયા વગર એટલે કે જ્ઞાન પ્રાપ્ત થયા વગર હું અહીંથી ઊઠીશ નહીં, એવી રાજકુમાર સિદ્ધાર્થ જેવી અચલ સંકલ્પશક્તિ હોય તો જ જ્ઞાન માટેની સજ્જતા પ્રાપ્ત થાય.

ફક્ત દ્રઢ સંકલ્પશક્તિ જ નહીં, પણ સજ્જતા માટે અવિરત પ્રયત્ન પણ જરૂરી છે. ધૈર્યપૂર્વકના ખંત ને પ્રયત્ન દ્વારા અણઘડ મનુષ્ય પણ કુશળ બની શકે છે. જે ક્ષેત્ર માટેની સજ્જતા કેળવવાની હોય એ ક્ષેત્ર માટેનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા પુરુષાર્થ અત્યંત જરૂરી છે. પુરુષાર્થ વગર કદી કોઈ પણ કાર્ય પાર પડતું નથી.

આ ઉપરાંત ભૌતિક જગતમાં કાર્ય કરવા માટે, સજ્જતા પ્રાપ્ત કરવા માટે કાર્ય કરવાનાં સ્થૂળ સાધનોની પ્રાપ્તિ પણ આવશ્યક છે. સૈનિક ત્યારે જ લડવા માટે સજ્જ બને કે જ્યારે તેની પાસે શસ્ત્રો હોય અને તેને વાપરવાનું જ્ઞાન હોય. કારીગર પાસે જ્યારે સાધનો હોય ત્યારે જ તે કાર્ય કરવા સજ્જ બની શકે છે. લેખક, ચિત્રકાર, શિલ્પી, એન્જિનિયર, ડૉક્ટર, કારીગરો, – આ બધાની પાસે પૂરતી સાધનસામગ્રી હોય ત્યારે જ તેઓ સજ્જતા પ્રાપ્ત કરી શકે છે.

વળી, સજ્જતા માટે જાગૃતિ પણ જરૂરી છે. બેદરકાર, શિથિલ કે પ્રમાદી મનુષ્ય સજ્જ બની શકતો નથી. એ માટે ક્ષણેક્ષણની જાગૃતિ અને ચોકસાઈ હોવી જરૂરી છે. આ રીતે સજ્જતા કેળવી શકાય છે. અને સજ્જતા હોય ત્યાં નિષ્ફળતા ટકી શકતી નથી.

આ તો ભૌતિક ક્ષેત્રોનાં કાર્યોમાં સજ્જતા કેળવવાની વાત થઈ. પણ આધ્યાત્મિક જીવન માટે પણ મનુષ્યે સજ્જ બનવું પડે છે. પ્રભુ કંઈ એમ ને એમ પોતાનું રહસ્ય પ્રગટ કરી દેતા નથી. એમાં પણ એકધારી લાંબી સાધના કરી સાધકે પ્રભુને માટે સજ્જ બનવું પડે છે. પોતાની જાતને તૈયાર કરવી પડે છે. પ્રભુને માટે, આધ્યાત્મિક જીવનને માટે સજ્જતા પ્રાપ્ત કરવા માટે શ્રી અરવિંદે અભીપ્સા, સમર્પણ અને ઈન્કારનો માર્ગ બતાવ્યો છે. – પ્રભુ માટે અંતરની તીવ્રતમ અભીપ્સા, પ્રભુને જીવનનું સંપૂર્ણ સમર્પણ અને આપણી પ્રકૃતિમાં આધ્યાત્મિક

જીવનનો વિરોધ કરનારાં જે કંઈ તત્ત્વો આવે તે સઘળાંનો સંપૂર્ણ ઈન્કાર. ફરી ફરીને ઈન્કાર - પછી ધીમે ધીમે મનુષ્યની આંતરચેતના પ્રભુ પ્રત્યે ખુલ્લી થાય છે. પ્રભુની કૃપાનું તેમાં અવતરણ થતાં આપણે પ્રભુ માટે સજ્જ બની શકીએ છીએ.

* * * * *

જે માણસે ભૂખે તરફડતા પુત્રને, બીજાના ઘરમાં સેવા કરનારી પત્નીને, વિપત્તિગ્રસ્ત મિત્રને, દોહીલી ચારાના અભાવે ભૂખે રાંભતી ગાયને, પથ્યના અભાવે રોગી માતા-પિતાને તેમ જ વેરીથી હારેલા સ્વામીને જોયા તેને નરક જોવાની જરૂરત નથી. આથી વધુ અપ્રિય ત્યાં શું હશે?

- કલ્હણ

## ૩૧. અમલ

ભગવાને મનુષ્યને સુપર કૉમ્પ્યૂટર કરતાં પણ અનેક ગણી શક્તિ ધરાવતું, જેની આંટીઘૂંટીનો પાર જ ન પામી શકાય એવું કરામતવાળું મગજ આપ્યું છે. એથીય વધારે કરામત ને આંટીઘૂંટીવાળું ને શક્તિથી ભરપૂર એવું શરીર આપ્યું છે અને ક્ષણે ક્ષણે ધબકીને ચેતનાનો સંચાર કરતું જાદુઈ હૃદય આપ્યું છે. ભગવાનની આવી અદ્ભુત બક્ષિસો મળી હોવા છતાં પણ માનવ ઉદાસ, નિરાશ, હતાશ, વ્યગ્ર કેમ રહેતો હશે?

મનુષ્ય જો જરાક પણ પોતાની અંદર ડોકિયું કરે તો તે પોતાની અંદર રહેલી શક્તિના સંપર્કમાં આવી શકે, પરંતુ ભૌતિકવાદના આ યુગમાં સતત બહાર ધસ્યે જતા જીવનમાં મનુષ્યને પોતાની અંદર જોવાની ફુરસદ જ નથી અને તેથી તે સર્વ પરિસ્થિતિ પર વિજય મેળવી શકે તેવી પોતાની જ પ્રબળ શક્તિના સામર્થ્યથી વંચિત રહી જાય છે.

દરેક મનુષ્ય ઓછેવત્તે અંશે કલ્પના અને વિચારોમાં રાચતો હોય છે. આ કલ્પનાઓ ને વિચારોને વાસ્તવિક જીવનમાં ચરિતાર્થ કરવા મનુષ્યે પુરુષાર્થ કરવો જોઈએ. વિચારોનો અમલ કરી કાર્ય સિદ્ધ ન થાય તો વિચારો વિચારો જ રહી જાય છે અને તે કેવળ શેખચલ્લીના હવાઈ કિલ્લા જ બની રહે છે. વૃક્ષ પરથી ફળને નીચે પડેલું જોઈને વિચાર તો ઘણાંને આવ્યો હશે કે તે નીચે જ કેમ પડ્યું? પણ એકમાત્ર ન્યૂટને તે વિચારને અમલમાં મૂકી સંશોધન કર્યું અને પરિણામે ગુરુત્વાકર્ષણનો નિયમ શોધાયો. કિટલીની વરાળથી ઢાંકણને ઊંચું - નીચું થતું જોઈને ઘણાને વિચાર આવ્યો હશે કે આમ કેમ થાય છે? પણ એ વિચારને અમલમાં મૂક્યો એકમાત્ર સ્ટીવન્સને અને તેથી જગતને

રેલ્વે એન્જિનની ભેટ મળી. ભૌતિક વિજ્ઞાનની અજાયબ લાગતી શોધખોળો સહુ પ્રથમ માનવીના મનમાં વિચારરૂપે પ્રગટ થયેલી. પણ એ વિચારો માત્ર મનમાં ન રહેતાં ભૌતિક સ્તર પર કાર્યાન્વિત બનતાં જગતને મહાન અજાયબીઓ સાંપડી.

કોઈ પણ કાર્યની સિદ્ધિના મુખ્ય ત્રણ તબક્કાઓ છેઃ પ્રથમ તો મનમાં વિચાર આવવો. બીજું એ વિચારનો અમલ કરવો અને ત્રીજું સિદ્ધિ પ્રાપ્ત કરવી. તેમાં જેઓ પ્રથમ તબક્કામાં જ રહે છે તેઓ ક્યારેય આગળ જઈ શકતા નથી. તેઓ મનોમય જગતમાં જ જીવતા હોય છે. પણ તેમના વિચારો નક્કર કાર્યમાં પરિણમતા નથી. વિચારો કરવા ને સ્વપ્નાંઓ સેવવાં તો બહુ સહેલાં છે, પણ તેને આચરણમાં મૂકવાં એ જ મુશ્કેલ છે. જેઓ આ મુશ્કેલ કાર્યને પાર પાડે છે, તેઓ જ સફળતા પ્રાપ્ત કરે છે. તેઓ જ પોતાના જીવનના સાચા ઘડવૈયા બને છે. તેથી જ ખેડૂતનો દીકરો અમેરિકાનો રાષ્ટ્રપતિ બની શકે છે. છાપાં વેચતો કિશોર મહાન વૈજ્ઞાનિક માઈકલ ફેરાડે બની શકે છે. અન્યાય સહન નહીં કરું એવો સંકલ્પ સેવી તેનો અમલ કરનાર ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બની શકે છે.

ભગવાને દરેક મનુષ્યની અંદર મહાન શક્યતાઓ મૂકેલી જ છે. મનુષ્ય જે બનવા ચાહે તે બની શકે છે. માણસ માટે કશું અશક્ય એટલા માટે નથી કે માણસની અંદર રહીને ભગવાન પોતે જ બધું કરાવી રહ્યા છે. આથી મનુષ્યની અંદર કોઈક શુભ પળે જાગી ઊઠતા શુભ સંકલ્પોનો તેણે તાત્કાલિક અમલ કરવો જોઈએ. જેઓ મનુષ્યના અંતરમાં એ શુભ સંકલ્પો જગાડે છે, વિચારોને મૂકે છે, તેઓ જ તેનો અમલ કરવાની શક્તિ પણ તેને આપે છે. એ શક્તિનો જો ઉપયોગ ન થાય તો તે પાછી ચાલી જાય છે. એટલે શુભ સંકલ્પોનો અમલ કરવામાં મનુષ્યે કયારેય

વિલંબ કરવો જોઈએ નહીં. ભગવાન તરફથી આવતી પ્રેરણાઓનો તાત્કાલિક અમલ કરવો જોઈએ.નહીં તો વિરોધી શક્તિ તેમાં અવરોધો ઊભા કરીને તેને કાર્યમાં પરિણમવા દેતી નથી. એ શુભ સંકલ્પો અને દિવ્ય પ્રેરણાઓ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે અનંત ચેતના પ્રત્યે ખુલ્લા રહેવું જોઈએ.

* * * * *

મનનો બધો જ મેલ ધોવાઈ જાય છે ત્યારે જ ઈશ્વરનાં દર્શન થાય છે. માટી ખરડાયેલી સોયને નથી પકડી શકતી. તેમ મન વિશે સમજવું. ઈશ્વર ચુંબક છે. આપણું મન વિકારોરૂપી માટીથી ખરડાયેલું છે. તેથી પરમાત્માનો યોગ થતો નથી. પણ પશ્ચાત્તાપ-રૂપી રુદનના જળથી માટી ધોવાઈને કામ, ક્રોધ, લોભ, પાપબુદ્ધિ, વિષમબુદ્ધિ આદિનો નાશ થતાં પ્રભુની નિકટ અવાશે અને તેનાં દર્શન થશે.

**- રામકૃષ્ણ પરમહંસ**

# ૩૨. અનુશાસન

મનુષ્ય એ ભગવાનનું ઉત્કૃષ્ટ સર્જન છે. વિકાસની અનેક તકો લઈને તે પૃથ્વી ઉપર આવે છે. પણ બધા જ કંઈ તકોનો ઉપયોગ કરી શકતા નથી. તેમનું જીવન સામાન્ય પ્રાણીઓના જેવું જ વીતે છે. જન્મવું, મોટા થવું, ખાવું, પીવું, બાળકો ઉત્પન્ન કરવાં, ઉછેરવાં - વૃદ્ધ થવું અને પછી મરી જવું - આ પ્રક્રિયા જે પૃથ્વી ઉપરનાં દરેક પ્રાણીની છે, તે પ્રમાણે જ મનુષ્યના મોટા ભાગના લોકો જીવતા હોય છે. પરંતુ મનુષ્ય સામાન્ય પ્રાણીઓ જેવો નથી. તેનામાં મહાન બનવાની શક્યતા ભગવાને મૂકેલી જ છે. પણ એ શક્યતાને ઓળખવી, અને પછી તે પ્રમાણે પોતાના જીવનનું ઘડતર કરવું - તેમ જ એ શક્યતાને સિદ્ધ કરવાના માર્ગમાં જે કંઈ અવરોધરૂપ હોય તે બધાનો ઇન્કાર કરી પોતાના જ માર્ગે આગળ વધવું. આ કરી શકનાર જ પોતાના જીવનને મહાન બનાવી શકે છે. આ માટે અનુશાસનની જરૂર છે.

અનુશાસન એટલે યોગ્ય દિશામાં જીવનનો વિકાસ કરવા માટે પાલન કરવામાં આવતી આચારસંહિતા. આ અનુશાસન વગર પ્રગતિ નથી. સિદ્ધિ પણ નથી મળતી. અનુશાસનનાં મુખ્ય પાંચ અંગો છે. તેમાં પ્રથમ છે નિયમિતતા. જેઓ પોતાના આહાર-વિહાર અને કર્મોમાં નિયમિત છે તેમનું જીવન વ્યવસ્થિત, સંવાદી અને હળવું બની રહે છે. તેમનું મન સ્વસ્થ, શાંત અને સ્થિર રહે છે. તેમને કાર્યભાર સતાવતો નથી. કેમ કે રોજેરોજ નિયમિત કાર્યો કરવાથી તેમના ઉપર કામનો બોજો ખડકાતો નથી, અને એટલે છેલ્લે રઘવાયા બની દોડાદોડી કરી કામ જેમતેમ ઉતાવળે પૂરું કરી દેવાની વૃત્તિ તેમને સતાવતી નથી. આથી હંમેશાં નિયમિત રહેનારને કામમાંથી આનંદ પ્રાપ્ત થાય છે અને

તેનાં કાર્યો મુક્ત રીતે, આનંદપૂર્વક થતાં હોવાથી તે સારી રીતે થાય છે, અને પરિણામે ભલે તે કાર્ય ગમે તેવું નાનું હોય, તોપણ દરરોજ નિયમિતપણે કરવાથી તે કાર્ય તેની ચેતનાને ઊંચે લઈ જાય છે. સામાન્ય કારકુન પણ જો નિયમિત કાર્ય કરતો હોય તો તેની ચેતનામાં જ એવું પરિવર્તન આવે છે, અને તે ઑફિસર સુધી પહોંચી શકે છે. જેમના જીવનમાં નિયમિતતા છે, તેમનાં તન અને મન બંને તંદુરસ્ત રહે છે. જેમનું મન સ્વસ્થ ને તંદુરસ્ત છે, તેઓ બહારની ઉથલપાથલોમાં પણ વ્યગ્ર થતા નથી અને આવી સ્વસ્થતા જ મનુષ્યને ઝડપી વિકાસ કરાવે છે.

અનુશાસનનું બીજું અંગ છે ચોક્કસતા અને દ્રઢતા. જીવનમાં ચોક્સાંઈ હોવી અત્યંત જરૂરી છે. જેઓ પોતાના જીવનવ્યવહારમાં અને કાર્યોમાં ચોક્સાઈ જાળવે છે તેમના જીવનમાં પછાડી નાંખે તેવી ભૂલો થવાની શક્યતા બહુ જ ઓછી આવે છે. નાનામાં નાનું કાર્ય પણ ચોકસાઈથી કરવાથી એ કાર્યમાં કચાશ રહેતી નથી. બેદરકારી, શિથિલતા, પ્રમાદ - આ બધાં મનુષ્યને ચોકસાઈથી દૂર લઈ જાય છે. આવી ચેતનાવાળો મનુષ્ય જ્યાં જે સ્થિતિમાં હોય છે, ત્યાંથી આગળ તો વધી જ શકતો નથી. પણ ઊલટું તેને પીછેહઠ કરવી પડે છે.

એ જ રીતે જીવનમાં દ્રઢતા હોવી પણ જરૂરી છે. પવન પ્રમાણે પીઠ ફેરવનાર, અન્યની દોરવણી પ્રમાણે ચાલનાર, અન્યને ખુશ કરવા માટે જ પ્રવૃત્તિઓ બદલનાર મનુષ્ય પોતાની આંતરિક પ્રેરણાશક્તિ ગુમાવી દે છે. શિથિલ પ્રકૃતિવાળો માણસ પોતાના જીવનના કોઈ પણ નિર્ણયો લઈ શકતો નથી અને અન્યે તેના માટે લીધેલા નિર્ણયો તેના આત્મવિકાસ માટે અનુરૂપ હોતા નથી. પરિણામે તેનો જીવનવિકાસ રૂંધાઈ જાય છે. આત્મનિર્ભરતા મનુષ્યે કેળવવી પડે છે અને તો જ તે સાચી દિશામાં પોતાના જીવનનો વિકાસ કરી શકે.

અનુશાસનનું ત્રીજું અંગ છે નિષ્ઠા. પોતાની સમગ્ર ચેતના રેડીને કામ કરવું તે નિષ્ઠા છે. કોઈ પણ કાર્યમાં નિષ્ઠા ધરાવનાર, ધીમે ધીમે એ કાર્યમાં નિપુણ બનતો જાય છે અને તેમ તેમ તેની શક્તિઓ પણ વિકસતી જાય છે. આથી કાર્ય મહત્ત્વનું નથી પણ એ કાર્યમાં રેડેલી ચેતના મહત્ત્વની છે. કામ જેમતેમ પતાવી દેવું, મુલતવી રાખવું, કામ કર્યા વગર ચાલી જતું હોય તો ન કરવું, અથવા બીજાને સોંપીને કરાવી લેવું, કામમાં બેદરકારી દાખવવી - આ બધું નિષ્ઠાનો અભાવ સૂચવે છે. જેમનામાં આવી મનોવૃત્તિ હોય તેઓ જ્યાં જે સ્થિતિમાં હોય છે, ત્યાંથી આગળ વધી શકતાં નથી. પણ પોતાની સમગ્ર જાત રેડીને કામ કરવું, કામમાં ઉત્સાહ દાખવવો, નવું નવું શીખતાં રહેવું અને કોઈ પણ પ્રકારના કામમાંથી આનંદ મેળવવો - આ છે સંન્નિષ્ઠ કાર્યકર્તાનું વલણ. આવું વલણ હોય તો એક નાનકડી શરૂઆત પણ માણસને હેન્રી ફૉર્ડ - અમેરિકાના મોટર ઉદ્યોગના પ્રણેતા - બનાવી શકે છે.

અનુશાસનનું ચોથું અંગ છે શિસ્ત. શિસ્ત જ મનુષ્યને શિષ્ટ બનાવે છે. કેળવે છે. તેને નમનીય અને મુલાયમ બનાવે છે. શિસ્ત વગરનું જીવન એ વંટોળિયામાં ઘૂમરી ખાતાં પાંદડાં જેવું બની જાય છે. મન ફાવે તેમ કરવું, ગમે ત્યારે ખાવું, પીવું, સૂવું, ઊઠવું, આવું જીવન તો પશુઓ પણ જીવતાં નથી. પશુઓના જીવનમાં કુદરતે એક સહજ પ્રેરણા દ્વારા સ્વયંભૂ શિસ્ત મૂકેલી જ છે અને તેમનું વર્તન એ પ્રમાણે જ થતું હોય છે. કુદરતે સ્વયંભૂ મૂકેલી શિસ્તનું ઉલ્લંઘન કરીને મનુષ્યે પોતાના જીવનની સમતુલા ખોરવી નાખી છે અને એટલે જ તે અનેક પ્રકારના અસાધ્ય રોગોનો ભોગ બન્યો છે. શિસ્તપાલન વગર મનુષ્ય વિકાસ કરી શકતો નથી.

અનુશાસનનું પાંચમું અંગ છે આત્મસંયમ અને પ્રભુત્વ.

પોતાની જાત ઉપર અંકુશ. પોતાની લાગણીઓ ઉપર અંકુશ, પોતાની વાણી ઉપર અંકુશ અને પોતાના વિચારો ઉપર અંકુશ. એ છે આત્મસંયમ. આત્મસંયમ જ મનુષ્યને પોતાના જીવનનો સ્વામી બનાવે છે. જેમનામાં આત્મસંયમ નથી, તેઓ પોતાની લાગણીઓ, આવેગોને વશ થઈને ન કરવાનાં કાર્યો કરી બેસે છે અને પછી આખી જિંદગી પસ્તાયા કરે છે. આત્મસંયમ વગરનું બેકાબૂ જીવન માણસના ચારિત્ર્યને શિથિલ બનાવી દે છે અને તેની શક્તિઓને કુંઠિત કરી નાખે છે. મનુષ્યે પોતાની જાત ઉપર પ્રભુત્વ મેળવવું જ જોઈએ. જેઓ પોતાની જાત ઉપર પ્રભુત્વ મેળવે છે તેઓ જ જગત પર પણ પ્રભુત્વ મેળવી શકે છે. કોઈ પણ કાર્ય માટે શક્તિ હોવી જરૂરી છે, અને શક્તિસંચય માટે આત્મ-સંયમ અને પ્રભુત્વ અનિવાર્ય છે.

પોતાના જીવનને કેવું બનાવવું એ મનુષ્યના હાથની વાત છે. ભગવાને આપેલી અમૂલ્ય તકનો ઉપયોગ કરી જીવનને શ્રેષ્ઠ બનાવવા માટે અનુશાસનનાં આ પાંચેય અંગો અનિવાર્ય બની રહે છે.

* * * * *

આળસુ અને સ્વાર્થી જીવનનાં સો વર્ષ કરતાં દૃઢતાપૂર્વક પરમાર્થી જીવન જીવનારનો એક દિવસ વધુ કીમતી છે.

**- ધમ્મપદ**

## ૩૩. અનુકૂળતા - પ્રતિકૂળતા

અભેદ્ય પથ્થરોની વચ્ચેથી પણ માર્ગ કરીને ઝરણું કલકલ કરતું આગળ ને આગળ વહેતું જાય છે. એના માર્ગમાં વિશાળકાય પથ્થરો આવે કે ઊંડી ખીણો આવે, તોપણ તેમાંથી તે આગળ જવાનો રસ્તો કોરી જ કાઢે છે ને તે સતત આગળ ધપતું જ રહે છે. ધરતીના પેટાળમાં રહેલું બીજ પણ માટીની અભેદ્ય દીવાલ, ગાઢ અંધકાર, તેને અંદર જ કોરી ખાતાં જીવજંતુઓ - આ બધાંનો સામનો કરીને પણ તે ધરતીમાંથી અંકુર બનીને બહાર આવે છે. વિકાસની ગતિ પ્રતિકૂળતાઓની વચ્ચે જ રહેલી છે. પ્રતિકૂળતા એટલે વિપરિત, અવરોધક સંજોગો અને અનુકૂળતા એટલે સહાયક સંજોગો. સ્વામી વિવેકાનંદે જીવનની પરિભાષા આપતાં કહ્યું છે કે, ''જીવન એટલે દાબી નાંખવા માંગતા પ્રતિકૂળ સંજોગો વચ્ચે થતો વ્યક્તિનો વિકાસ અને પ્રગતિ.'' પ્રત્યેકને પોતાના જીવનમાં કોઈ ને કોઈ પ્રકારની પ્રતિકૂળતાઓનો સામનો કરવો જ પડતો હોય છે. કેમ કે મનુષ્યની આંતરશક્તિઓનું એ વગર ઉદ્‌ઘાટન થતું નથી. તેની વિકાસની યાત્રા એ વગર આગળ ધપી શકતી નથી. પ્રત્યેક પ્રતિકૂળતા અને મુશ્કેલી એ મનુષ્યના આત્મવિકાસની સીડીનાં પગથિયાં બની રહે છે. દુઃખ અને મુશ્કેલીઓ સામે ઝઝૂમતો, વિરોધોની વચ્ચે રહીને માર્ગ કાઢતો, વિપરીત પરિસ્થિતિ સામે અડગ રહી પોતાના ધ્યેયની દિશામાં આગળ વધતો મનુષ્ય જે આંતરિક શક્તિઓ પ્રાપ્ત કરે છે તે સાનુકૂળ પરિસ્થિતિમાં રહેનારને પ્રાપ્ત થતી નથી.

જગતને નવો માર્ગ બતાવનાર, જગતમાં ક્રાન્તિ લાવનાર, મહાન પુરુષોનાં જીવન પ્રતિકૂળતાઓની વચ્ચે જ પાંગરેલાં જોવાં મળે

દ્રષ્ટાંતો આ વાતની સાક્ષી આપે છે. મહિષાસુર, હિરણ્યકશ્યપ, રાવણ એ બધાએ તપ કરીને ભગવાનની શક્તિ તો મેળવી પણ એમનું પાત્ર શુદ્ધ ન હતું. પવિત્ર નહોતું તેથી શક્તિના પરિણામે તેમનો અહંકાર પુષ્ટ બન્યો ને એમની લાલસાઓ પ્રબળ બની. એમના વિકારો ઉગ્ર બન્યા. તેથી જે શક્તિ વરદાનરૂપ હતી, તેમના અને તેમના સંસર્ગમાં આવનાર સર્વના જીવનને ઊર્ધ્વ માર્ગે લઈ જનારી હતી. એ જ શક્તિ તેમનો વિનાશ સર્જનાર બની. આથી પ્રભુની શક્તિનું આવાહન કરતા પહેલાં, પોતાની જાતને વિશુદ્ધ, પવિત્ર, નમનીય અને મુલાયમ કરવી જરૂરી છે. ફક્ત એકલી શક્તિ નહીં, પણ શક્તિની સાથે જ્ઞાન અને વિવેક હોવાં પણ જરૂરી છે. જ્ઞાન વગરની શક્તિ એ માત્ર અસુરનું બળ બની રહે છે, જે જીવનને શુભ તત્ત્વોથી દૂર ઘસડી જાય છે.

તપસ્યાથી મનુષ્યમાં શુદ્ધિ આવે. જ્ઞાન અને વિવેક જાગે અને શક્તિનું અવતરણ થાય તો તેનું આંતર અને બાહ્ય બંને તેજોમય બની જાય છે. પરમાત્માની શક્તિની સાથે પ્રેમ અને કરુણા પણ એનામાં ઊતરી આવે છે. તેનામાં ઋજુતા ને નમનીયતા વધતાં જાય છે. આવો મનુષ્ય જ પરમાત્માની શક્તિઓનો સાચો વાહક બને છે. તેના વ્યક્તિત્વમાંથી શક્તિના સ્રોતો અદ્રશ્યપણે સર્વ પ્રત્યે વહેતા હોય છે.

આજના સુપ્રભાતે આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેમની શક્તિનાં આપણે યોગ્ય પાત્રો બનીએ અને તેમની શક્તિથી આપણા જીવનની પ્રત્યેક ક્ષણ જાગૃતપણે ગતિમાન બની રહે.

* * * * *

પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે

- થોરો

## ૩૫. અભય વર દે, મા

મહિષાસુર અને તેના દૈત્યોના ત્રાસથી સમગ્ર સૃષ્ટિ ત્રાહિમામ્ પોકારી ગઈ હતી. આ પ્રચંડ આસુરી શક્તિ સામે બાથ ભીડવાની દેવોની પણ શક્તિ નહોતી. જો આ આસુરી શક્તિ વિજયી બને તો પૃથ્વી ઉપર રાક્ષસી રાજ્ય, જોર, જુલમ, હિંસા, આતંક, ત્રાસ અને ભયનું રાજ્ય સ્થપાઈ જાય. આથી ભયભીત થયેલા દેવોએ આદ્યાજનની મા ભગવતીને આર્ત ભાવે પ્રાર્થના કરી કે અમને આ અસુરોના ત્રાસમાંથી મુક્ત કરો. ત્યારે કરુણામયી માએ પોતાનું દિવ્ય તેજોમય સ્વરૂપ પ્રગટ કર્યું અને આ અસુરી શક્તિને હણવાનું દેવોને વચન આપ્યું. પણ આસુરી શક્તિ તો એટલી પ્રબળ અને માયાવી હોય છે કે તે એમ ને એમ સહેલાઈથી પરાસ્ત થતી નથી. તે તો નવા નવા રૂપે પ્રગટ થયા જ કરે છે, એટલે એને દૂર કરવા માટે, એનાથી પણ પ્રબળ શક્તિ જોઈએ. આથી મા ભગવતીએ સર્વ દેવતાઓની શક્તિ લઈને પ્રચંડ તેજવાળું પોતાનું સ્વરૂપ કંડાર્યું અને તે દ્વારા મહિષાસુર અને તેની સઘળી દૈત્ય સેનાનો નાશ કર્યો. સર્વને મહિષાસુરના પંજામાંથી મુક્ત કર્યા તેથી સઘળા દેવોએ માની સ્તુતિ કરી. સ્તુતિથી પ્રસન્ન થયેલાં માએ દેવોને વરદાન માંગવા કહ્યું ત્યારે દેવોએ માને પ્રાર્થના કરતાં કહ્યું, "મા, અમે જે ઇચ્છયું તે સઘળું તમે કરી આપ્યું છતાં પણ આપ જો અમને વધુ વરદાન આપવા ઇચ્છતાં હો તો હે મહેશ્વરી માતા, "સંસ્મૃતા સંસ્મૃતા ત્વં નો હિંસેથાઃ, પરમાપયઃ" જ્યારે જ્યારે અમે તમારું સ્મરણ કરીએ ત્યારે ત્યારે અમારાં દુઃખોનો નાશ કરજો. હે મા, અમને અભય વરદાન આપો." દેવતાઓએ માગેલા આ વરદાનમાં માએ તથાસ્તુ કહીને ફક્ત દેવોને જ નહીં, પણ આર્ત ભાવે જે કોઈ એમને પોકારે તે સર્વને અભય

વરદાન આપ્યું છે કે, 'મારા શરણમાં આવનાર સર્વને હું આધિ, વ્યાધિ, ઉપાધિથી મુક્ત કરીશ.'

ફરી જ્યારે ચંડ, મુંડ, રક્તબીજ, શુંભ-નિશુંભ જેવા દૈત્યો પોતાનો ત્રાસ ફેલાવી રહ્યા હતા, ત્યારે મા ભગવતીએ દેવતાઓને આપેલા વરદાનનું પાલન કરી, ચંડિકા, કાલીનું રૂપ ધારણ કરી. આ દૈત્યોના આતંકમાંથી માનવો અને દેવોને મુક્ત કર્યા. "જ્યારે જ્યારે દૈત્યોનો રંજાડ વધી જશે, ત્યારે હું અવતાર ધારણ કરી અસુરોનો સંહાર કરીશ." એ આદ્યાજનનીનું અભય વરદાન છે અને તેનું પાલન તે કરતી જ આવી છે.

અત્યારે પણ પૃથ્વી પર આસુરી બળોનો પ્રભાવ વધી ગયો હોય એવું જણાય છે. શુભને બદલે અશુભ, સત્યને બદલે અસત્ય, એકતા ને સુમેળને બદલે ભેદ અને વિગ્રહ, વિશ્વાસને બદલે શંકા ને પ્રેમને બદલે વેરઝેર ને ધિક્કાર જોવા મળે છે. ભ્રષ્ટાચાર, કોમવાદ, આતંકનાં દુષ્ટ પરિબળો પૃથ્વીની પ્રગતિ અને શાંતિને ભયમાં મૂકી રહેલાં જણાય છે. ત્યારે સમગ્ર માનવજાતિએ ફરીથી આદ્યાજનની માને પોકારવાની જરૂર છે. ફરી ફરીને આવતાં આસુરી બળો ઉપર એકમાત્ર માની શક્તિ જ વિજયી બની શકે છે. જ્યાં સુધી પ્રભુમાંથી જ ઉત્પન્ન થયેલાં પ્રભુ-વિરોધી બળો પાછાં પોતાના મૂળ સ્વરૂપને ન પામે, પાછાં પ્રભુરૂપ ન બને, ત્યાં સુધી આદ્યાજનનીનું કાર્ય ચાલુ જ છે. શ્રીઅરવિંદે 'મા' પુસ્તકમાં આદ્યાજનનીના કૃપાકાર્યને જણાવતાં લખ્યું છે, "પોતાનાં સંતાનો પ્રત્યેના ગૂઢ અને વિશાળ વાત્સલ્યથી પ્રેરાઈને મા ભગવતી પોતે તમસનો અંચળો ધારણ કરવા સંમત થઈ છે. તમસ અને અસત્યની પ્રભુ-વિરોધી શક્તિઓના હુમલાઓ ઝીલવાની અને દારૂણ સંતાપ આપનારી છાયાઓને સહન કરવાની એણે કૃપા કરી છે. જન્મ કે જે પોતે

જ મૃત્યુનું સ્વરૂપ છે, એમાંથી પસાર થવાની યાતના તેણે સહન કરી છે. આ સૃષ્ટિનાં દુઃખ, વ્યથા, થાક, સંતાપ અને કલેશો એણે પોતા ઉપર લઈ લીધાં છે. અને તેથી જ આ સૃષ્ટિ પાછી પ્રકાશ, આનંદ, સત્ય અને શાશ્વત જીવનમાં પહોંચી શકશે.''

અત્યારની આ વિસંવાદી જણાતી ને અજ્ઞાનનાં બળોને આધીન રહેતી સૃષ્ટિને સુસંવાદી, સુમેળભરી, બનાવવા માટે અને સર્વ આસુરી બળોને હંમેશ માટે નિર્મૂળ કરવા મા ભગવતી અવિરતપણે કાર્ય કરી રહી છે, પણ જો સમગ્ર માનવજાતિના અંતરમાંથી તીવ્રપણે અભીપ્સા ઊઠે, તો ફરી એક વાર સમગ્ર દેવતાઓની શક્તિ લઈને મા પૃથ્વી ઉપર જરૂર ઊતરી આવશે ને તેને પ્રભુએ સોંપેલું કાર્ય - સૃષ્ટિને પાછી પ્રકાશ પ્રેમ, આનંદ, સત્ય ને શાશ્વત જીવનમાં લઈ જવાનું કાર્ય - તે ઝડપથી સિદ્ધ કરશે અને જ્યારે માનું આ કાર્ય પૂરું થશે ત્યારે જ પૃથ્વી સાચા અર્થમાં સ્વર્ગ બનશે. પરમાત્માનું ધામ બનશે.

* * * * *

અધૂરાં કામ અને અપરાજીત શત્રુ એ બન્ને અણબૂઝી આગ બરોબર છે. સંયોગ મળતાં તે દુશ્મનને દબાવી દે છે.

**- તિરુવલ્લુવર**

# ૩૬. લક્ષ્મીપૂજા

આજે આસો મહિનાની કૃષ્ણપક્ષની તેરસ છે અને આ દિવસને આપણે ત્યાં ધનતેરસ માનવામાં આવે છે. આજે લક્ષ્મીના પ્રતીકરૂપ રહેલા સુવર્ણ અને ચાંદીના સિક્કાઓ અને લક્ષ્મીની મૂર્તિની પૂજા કરવામાં આવે છે. ભગવતી લક્ષ્મીની પૂજા તો વેદકાળથી થતી આવી છે. ઋગ્વેદના શ્રીસૂક્તમાં સૂર્ય સમાન ક્રાંતિવાળાં, ચંદ્રમા જેવી શાંતિ આપનારાં, સુવર્ણરૂપ લક્ષ્મીદેવીનું આવાહન કરવામાં આવ્યું છે. તેમને પ્રાર્થના કરતાં ઋષિ કહે છે કે, "હે લક્ષ્મીમાતા, મારું દારિદ્રય નાશ પામે એ માટે હું તમારી પાસે વરદાન માગું છું." આમ, લક્ષ્મીની ઉપાસના અને ભક્તિ પરાપૂર્વથી ચાલી આવે છે.

લક્ષ્મી એ ભગવાનની જ એક શક્તિ છે. જે જગતનું પાલન, પોષણ અને સંવર્ધન કરી રહી છે એ દિવ્ય શક્તિઓમાંની એક લક્ષ્મી છે. આ સંદર્ભમાં શ્રીઅરવિંદ કહે છે કે "લક્ષ્મી એટલે કે ધન એ એક વૈશ્વિક શક્તિનું પ્રતીક છે. પાર્થિવ ભૂમિકા ઉપર જ્યારે એ શક્તિનો આવિર્ભાવ થાય છે ત્યારે તે પ્રાણની અને સ્થૂળ ચેતનાની ભૂમિકા ઉપર કાર્ય કરે છે, તથા બાહ્ય જીવનની પ્રફુલ્લતા માટે શક્તિ અપરિહાર્ય છે. અને એનો મૂળધર્મ  જોતાં લક્ષ્મી એ ભગવાનની શક્તિ છે."

પરંતુ ભગવાનની આ દિવ્ય શક્તિ આસુરી શક્તિઓની પકડમાં છે. અસુરોએ તેની સાથે વિકૃત વ્યવહાર કર્યો છે અને તેથી તેના પર એક પ્રકારની વિકૃતિની છાપ પડી ગયેલી છે. તેથી જેમની પાસે લક્ષ્મી હોય છે, તેમાંના બહુ જ ઓછા લોકો આ વિકૃતિના પ્રભાવમાંથી મુક્ત રહી શકે છે. પ્રભુની આ દિવ્ય શક્તિને આસુરી શક્તિઓના પંજામાંથી મુક્ત કરવાની છે. જ્યારે તેનો ઉપયોગ, પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય

સ્થપાય તે માટે કરવામાં આવશે ત્યારે ભગવતી લક્ષ્મીની પ્રસન્નતાનો પાર નહીં રહે!

શ્રીઅરવિંદ કહે છે, "સકલ લક્ષ્મી પ્રભુની છે અને જેઓ તેને રાખી રહ્યા છે, તેઓ તેના વાલી છે, માલિક નથી. આજે તે તેમની પાસે છે. કાલે તે કોઈ બીજે સ્થળે જઈ શકે છે. જેટલો સમય લક્ષ્મી તેમની પાસે છે તેટલા સમય દરમિયાન તેઓ તેનું વાલીપણું કેવી રીતે અદા કરે છે, ન્યાયનો કેવો વહીવટ કરે છે, કેવા ભાવથી, કેવી ચેતનાપૂર્વક કેવા હેતુઓ માટે, તેના ઉપર બધો આધાર છે." જો ભગવાનના કાર્ય માટે પ્રેમ અને ઉદારતાથી લક્ષ્મીનો ઉપયોગ કરવામાં આવે તો લક્ષ્મી પ્રસન્ન થાય છે, અને તેની પ્રસન્નતાથી ઐશ્વર્ય અને સમૃદ્ધિ સદા વધતાં જ રહે છે. જ્યાં જ્યાં પ્રેમ છે, સૌંદર્ય છે, સુમેળ છે, પ્રસન્નતા છે, ઉદારતા છે, ત્યાં લક્ષ્મીનું આગમન હંમેશાં થતું જ રહે છે. લક્ષ્મી જેની શક્તિ છે તે આદ્યાજનની મા ભગવતીનું દિવ્ય સ્વરૂપ મહાલક્ષ્મીનું પણ છે. મહાલક્ષ્મીનું સ્વરૂપ વર્ણવતાં શ્રીઅરવિંદ 'મા' પુસ્તકમાં લખે છે, "સૂર્યમાંથી જેમ પ્રકાશ તેમ લાવણ્ય, માધુર્ય અને કોમળતા મહાલક્ષ્મીમાંથી સતત વહે છે. જ્યાં જ્યાં તે એની અદ્ભુત અનુપમ દ્રષ્ટિ નાંખે છે, અથવા તો એના સ્મિતની રમ્યતા વેરે છે, ત્યાં ત્યાં માનવનો આત્મા પરવશ થઈ જાય છે. એના હસ્તનો સ્પર્શ ચુંબકના જેવો આકર્ષક છે, અને એની ગૂઢ કોમળ અસર મનને, પ્રાણને તથા શરીરને વિશુદ્ધ અને સુસંસ્કૃત કરે છે. જ્યાં એ પોતાનાં ચરણ માંડે છે, ત્યાં મોહક આનંદના અલૌકિક સ્રોત વહે છે."

પરંતુ સૌંદર્ય અને ઐશ્વર્યની આ દેવીનો વાસ ત્યાં જ થાય છે કે જ્યાં મન અને આત્મામાં સંવાદ અને સૌંદર્ય હોય, વિચારો અને ઊર્મિઓમાં સંવાદ અને સૌંદર્ય હોય, પ્રત્યેક બાહ્ય કર્મ કે ગતિમાં સંવાદ

અને સૌંદર્ય હોય, જીવન અને તેની આજુબાજુની પરિસ્થિતિમાં સંવાદ અને સૌંદર્ય હોય. આપણે લક્ષ્મીને ચંચળ કહીએ છીએ કેમ કે તે ક્યાંય લાંબો સમય સ્થાયી રહેતી નથી એવું જોવા મળે છે. પરંતુ વાસ્તવમાં એવું નથી. લક્ષ્મી ચંચળ નથી. પણ ચંચળ તો આપણે છીએ. આપણી માનવ-પ્રકૃતિ ચંચળ છે. આપણી પ્રકૃતિ મહાલક્ષ્મીની કૃપાને સંપૂર્ણ પચાવી શકે તેવી તે પવિત્ર બની નથી. આ સંદર્ભમાં શ્રીઅરવિંદ કહે છે કે, "જે કંઈ કુરૂપ છે, કૃપણ છે, નીચ છે, દરિદ્ર, ક્ષુદ્ર ને પંકિલ છે, ક્રુર અને કર્કશ છે, તે સઘળું એના આગમનને પાછું વાળે છે. જ્યાં પ્રેમ અને સૌંદર્ય હોતાં નથી યા તો તેના ઉદ્ગમ માટે નારાજગી હોય છે, ત્યાં મહાલક્ષ્મીનું આગમન થતું નથી. વળી, જ્યાં પ્રેમ અને સૌંદર્ય હલકાં તત્ત્વો સાથે મિશ્ર અને વિકૃત થઈ ગયાં હોય, ત્યાંથી આ દેવી એકદમ પાછી ફરી જાય છે. પોતાની સમૃદ્ધિનો સ્રોત વરસાવવાની દરકાર કરતી નથી. મનુષ્યના અંતરમાં સ્વાર્થ, તિરસ્કાર, દુરેચ્છા, દ્વેષ, ઈર્ષા અને કલહને બેઠેલાં જુએ અથવા હૃદયના પવિત્ર પ્રેમપાત્રમાં વિશ્વાસઘાત, લોભ અને કૃતજ્ઞતાને ભળી ગયેલાં જુએ કે વાસનાની ગ્રામ્યતા અને અશુદ્ધ ઈચ્છાઓ ને ભક્તિને ભ્રષ્ટ કરતી જુએ તો એવાં હૃદયોમાં આ પ્રસન્ન કૃપાળુ સુંદર દેવી એક ક્ષણ માટે પણ ઊભી રહેતી નથી.

એ તો રાહ જોઈ રહી છે કે અત્યાર સુધી માનવે પોતાના હૃદયમાં સંઘરી રાખેલાં આ બધાં કડવાં, ઝેરી, આસુરી તત્ત્વોનો માણસ જલદીથી ત્યાગ કરે કે જેથી નિર્મલ બનેલા હૃદયમાં મહાલક્ષ્મી પોતાનો પ્રભાવ વિસ્તારી શકે. લક્ષ્મી માતાની સાચી પૂજા તો એ જ છે કે આપણે આપણી પ્રકૃતિમાં જે કંઈ કુરૂપ, કટુ, સંકુચિત, સ્વાર્થી છે તે સઘળાંનો ત્યાગ કરી દઈએ. તો પછી બાહ્ય અર્થમાં સ્થૂલ પૂજા કરી લક્ષ્મીને પ્રસન્ન કરવાની

જરૂર જ રહેતી નથી. નિમ્ન પ્રકૃતિની પકડમાંથી મુક્ત થયેલું હૃદય આપોઆપ જ મહાલક્ષ્મીનું નિવાસસ્થાન બની રહે છે, તેના આગમનથી શ્રીઅરવિંદ કહે છે તેમ સાદામાં સાદી વસ્તુઓ પણ અલૌકિક અને અદ્‌ભુત બની જાય છે. એનો જો આપણા અંતરમાં પ્રવેશ થાય તો તે જ્ઞાનને અદ્‌ભૂતતાનાં શિખરો સુધી પહોંચાડી આપે છે, ને અલૌકિક આનંદનાં ગૂઢ રહસ્યો તે આપણી સમક્ષ પ્રગટ કરે છે.''

આવો, આજના શુભ અને મંગલમય પ્રભાતે આપણે લક્ષ્મી-માતાની સાચી પૂજા કરીએ. આપણા અંતરને સર્વ મલિનતાઓથી મુક્ત કરીને તેનું આહ્‌વાન કરીએ. ''સર્વ ઐશ્વર્યોની હે જનની, પ્રેમ અને માધુર્યની હે દેવી, તું અમારા હૃદયમાં આવ અને તારાં ઐશ્વર્યોથી અમને સમૃદ્ધ કર.''

* * * * *

જીવનમાં કીર્તિ સંપાદન કરવાનું જેણે કોઈ કામ કર્યું નથી તેનું જીવન મૃત્યુતુલ્ય કહેવાય છે. જેણે વિદ્યા પ્રાપ્ત કરી નથી તે આંખો હોવા છતાં અંધ કહેવાય છે. જે કોઈને કાંઈ પણ કહી દેતો નથી તે પુરુષાર્થથી હીણ છે. જે કર્તવ્યપરાયણ નથી તેની દશા ખરેખર શોચનીય છે.

**વિદુર**

## ૩૭. મહાકાલી

આદ્યાજનની મા ભગવતીનાં ચાર સ્વરૂપો શ્રીઅરવિંદે એમના 'મા' પુસ્તકમાં વર્ણવ્યાં છે. એમાં પ્રથમ છે : જ્ઞાન, વિશાળતા, માંગલ્ય, અક્ષયદયા. સમ્રાટ સમી અલૌકિક મહિમા અને રાજાધિરાજના અપાર ગૌરવને ધારણ કરતી રાજરાજેશ્વરી મા મહેશ્વરી. બીજી છેઃ ભવ્યતા, અમોઘ સામર્થ્ય, પ્રચંડ શક્તિ, દુર્દમ્ય આવેગ, ક્ષાત્રભાવ, ઉગ્ર તપશક્તિ અને જગતને કંપાવનાર ભીષણ બળધારિણી મા મહાકાલી. મા ભગવતીનું ત્રીજું સ્વરૂપ માધુર્ય, સંવાદિતા, સમૃદ્ધિ, લાવણ્ય, મૃદુતા અને મોહકતાને પ્રગટ કરે છે અને તે છે માતા મહાલક્ષ્મી. જ્યારે ચોથું સ્વરૂપ કાર્યમાં નિપુણતા, ચોકસાઈ, વસ્તુઓનું ઊંડુ જ્ઞાન, સૂક્ષ્મ સમજ, ધીરજ અને પૂર્ણતાને વ્યક્ત કરનાર મહાસરસ્વતીનું છે.

આ ચાર સ્વરૂપોમાં મહાકાલીનું સ્વરૂપ સૌથી વધારે ઉગ્ર અને રૌદ્ર છે. સૌમ્યતા નહીં પણ ઉગ્રતા, જ્ઞાન નહીં પણ શક્તિ, વિલંબિતતા નહીં પણ શીઘ્રતા. તત્ક્ષણ પરિણામ અને ઝડપી સિદ્ધિ એ એનાં આગવાં લક્ષણો છે. માતા મહાકાલીનું નરમુંડ માલાધારી ભયાનક સ્વરૂપ વર્ણવામાં આવેલું છે. પણ એની ભયાનકતા પ્રભુવિરોધીઓ માટે છે. અસુરો માટે છે. અસત્યનું આચરણ કરનારા ને રંજાડ કરનારા દૈત્યો માટે છે. શ્રીઅરવિંદ મહાકાલી વિષે લખે છે કે, "તેનો કોપ વિરોધીઓને ભયંકર લાગે છે. દુર્બળ તથા ભીરુઓને એના દબાણની ભીષણતા આકરી લાગે છે, તો જેઓ મહાન છે, સમર્થ છે, ઉદાત્ત છે તેમને તે પ્રિય લાગે છે. તેઓ તેને ભજે છે."

શ્રીઅરવિંદ મહાકાલીનું સાચું સ્વરૂપ સુવર્ણરંગી છે તેમ જણાવે છે. એનું તેજ પ્રખર છે અને તે સ્વર્ણિમ છે. એનો કોપ અગ્નિશિખા જેવો

છે. તે જેટલી ઉગ્ર છે તેથી ય વધુ પ્રેમાળ છે. અને એટલે જ તે પોતાનાં બાળકોની અંદર રહેલાં દૂષણો, વિકારોને સહી શકતી નથી. આ બધાં દુષ્ટ સત્ત્વોને તે એક ઝાટકે કાપી નાંખે છે અને શરણાગતોને તે સીધા આત્માના સંપર્કમાં મૂકી આપે છે. એ જરાસરખો પણ અન્યાય, અસત્ય કે અત્યાચાર સહન કરી શકતી નથી. જ્યારે જ્યારે તે અસત્યને જુએ છે, ત્યારે તે ઉગ્ર બની જાય છે ને અસત્યનાં પરિબળોને તે હણી નાંખે છે. પ્રભુવિરોધી સત્ત્વોને તે મચક આપતી નથી. મનુષ્યની પ્રકૃતિમાં પણ એવાં હઠીલાં તત્ત્વો રહેલાં હોય છે કે જે સહેલાઈથી તેનો પીછો છોડતાં નથી ને ફરી ફરીને તેને હેરાન કર્યા કરે છે. આવાં ચીટકુ ને દુષ્ટ તત્ત્વોની પકડમાંથી મા મહાકાલી તેને એક જ ઝાટકે છોડાવી દે છે. ઉપરાંત માનવપ્રકૃતિની અંદર રહેલાં બળવાખોર સત્ત્વોને પણ તે ટીપી ટીપીને બહાર ફેંકી દે છે. આ તેનું વિશુદ્ધિ કાર્ય છે. પણ જ્યારે માનવની અંદર તેનું વિશુદ્ધિ કાર્ય ચાલતું હોય ત્યારે માનવમન કંપી ઊઠે છે ને તેની અંદર જ એક યુદ્ધ ચાલવા લાગે છે. ત્યારે માનવ એમ માને છે કે મહાકાલીનો પુણ્ય પ્રકોપ થયો. પણ વાસ્તવમાં તો એ પુણ્યપ્રકોપ નહીં પણ પોતાના બાળકને ઝડપથી શુદ્ધ બનાવવા ઇચ્છતી માનો અપાર પ્રેમ જ હોય છે. પરંતુ મનુષ્ય મહાકાલીના પ્રેમને સમજી શકતો નથી. કેમ કે મા ભગવતીનાં સર્વ સ્વરૂપોમાં તેના પ્રેમની અભિવ્યક્તિ નિરાળી છે. તેની પ્રસન્નતા પ્રગટ કરવાની રીત અનોખી છે અને મનુષ્યોને તે ઉગ્ર લાગે છે. એટલે જ મહાકાલીનું નામ પડતાં જ મનુષ્ય ભય અનુભવે છે. પણ વાસ્તવમાં મા ભગવતીનાં સર્વ સ્વરૂપોમાં મહાકાલી અત્યંત પ્રેમાળ અને માયાળુ છે. ભગવાનના રસ્તે જનાર બાળકનું સર્વ પ્રકારે રક્ષણ કરનાર મમતાળુ માતા છે. શ્રીઅરવિંદ કહે છે કે મહાકાલી સાધક પર આક્રમણ કરનાર શત્રુઓને કે જમા થયેલી મુશ્કેલીઓને, બાધાઓને

નિઃસત્વ કરી દે છે. ખાલી ફોતરાં જેવાં કરીને તે એક ક્ષણમાં વિખેરી નાંખે છે. તોડીફોડી નાંખે છે. એથી જ જે કાર્યને સૈકાઓ લાગે છે, તે કાર્યને મહાકાલી એક જ દિવસમાં કરી નાંખે છે.

મહાકાલીની કૃપાથી જ શ્રીરામકૃષ્ણે અલ્પ સમયમાં બધી જ સાધનાઓ સિદ્ધ કરી હતી. દક્ષિણેશ્વરના કાલી મંદિરની મા કાલીની પ્રતિમા એ તેમને માટે સાક્ષાત્ મા જગદંબા હતી. તેઓ મા પાસેથી જ સઘળું માર્ગદર્શન મેળવતાં હતાં. મા કાલીને તેમણે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું હતું, તો માએ તેમના જીવનની સંપૂર્ણ જવાબદારી વહન કરી હતી. ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, તંત્ર, બ્રહ્મ - અદ્વૈતવેદાંત - આ સઘળા પ્રકારની યોગસાધનાઓની સિદ્ધિ માની કૃપાને પરિણામે તેઓ મેળવી શક્યા હતા. મહાકાલી માતા પોતાના આશ્રયે આવેલા બાળકને તે ખૂબ ઝડપથી ભગવાનની પાસે લઈ જાય છે અને એ જ તો પ્રભુએ એને સોંપેલું કાર્ય છે કે પ્રભુવિરોધીઓનો વિનાશ કરી પ્રભમય જગતની રચના કરવી.

આવો, આજે કાળી ચૌદશના સુપ્રભાતે મા મહાકાલીને પ્રાર્થના કરીએ કે આપણી પ્રકૃતિમાં રહેલાં અજ્ઞાન અને અંધકારનાં બળોને દૂર કરીને આપણને પ્રભુની સમીપ લઈ જાય.

* * * * *

સત્યનું સુખ સોનાના પાત્રથી ઢંકાયેલું હોય છે.

**- યજુર્વેદ**

## ૩૮. પ્રેમલક્ષણા ભક્તિ

દૂર દૂર વૃંદાવનમાં મોરલી વાગી અને એટલે દૂરથી એના સૂરો સંભળાતા વ્રજમાં પોતાના ઘરમાં રહેલી ગોપીઓએ સાનભાન ગુમાવી દીધાં. તેમનું ચિત્ત એ મોરલીના સૂરમાં લય પામી ગયું ને તેમનું બાહ્ય ભાન જ જતું રહ્યું. ચૂલા ઉપર મૂકેલાં દૂધ ઊભરાતાં રહ્યાં, બાળકો રડતાં રહ્યાં, વાછરડાં ભાંભરતાં રહ્યાં. ઘરનાં વડીલો કકળાટ કરતાં રહ્યાં, પણ ગોપીઓના અંતરમાં તો મોરલીના દિવ્ય નાદ સિવાય કંઈ જ સંભળાતું ન હતું. અને એમણે કશાની પરવા કર્યા વગર એ દિશામાં દોટ મૂકીને શ્રીકૃષ્ણની પાસે પહોંચી ગઈ. તેમના આવા અનન્ય પ્રેમના બદલામાં શ્રીકૃષ્ણે પણ તેમને અલૌકિક આનંદમાં ડૂબાડી દીધી. ગોપીઓએ પોતાના અંતરના પ્રેમના તાંતણે ભગવાન શ્રીકૃષ્ણને બાંધ્યા હતા અને એ પ્રેમનો સ્વીકાર કરીને ભગવાને વ્રજભૂમિને વૈકુંઠથી પણ અધિક આનંદમય બનાવી દીધી હતી. જ્ઞાની ઉદ્ધવ કે કૃષ્ણસખા અર્જુન શ્રીકૃષ્ણનો જે પ્રેમ મેળવી શક્યા ન હતા તે પ્રેમ વ્રજની નારીઓ માટે સુલભ બન્યો. કેમ કે એમના અંતરમાં કૃષ્ણ સિવાય બીજું કંઈ હતું જ નહીં, એમના રોમરોમમાં શ્રીકૃષ્ણ વ્યાપી ગયેલા હતા. શ્રીકૃષ્ણ સાથેની આવી તદ્રુપતા બીજે ક્યાંય જોવા મળતી નથી. આ ગોપીઓ એ પ્રેમલક્ષણા ભક્તિનું જ્વલંત ઉદાહરણ છે.

ભક્તિ એ હૃદયમાંથી ઊઠતી અને પ્રભુ પાસે પહોંચતી સીધી અગ્નિશિખા છે. માનવના હૃદયમાંથી એ વેગથી ઊઠે છે, અને સીધી લક્ષ્યસ્થાને એટલે કે પરમાત્મા સુધી પહોંચે છે, અને પછી એ ભક્તિના તારે જ પરમાત્મા પાછા માનવહૃદયમાં આવે છે. પરમાત્માને પ્રાપ્ત કરવાનો સહેલામાં સહેલો અને ટૂંકામાં ટૂંકો માર્ગ એ આ પ્રેમલક્ષણા

ભક્તિ છે. આથી જ નરસિંહ મહેતા કહે છે, ''પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'' આ પ્રેમરસનું જેમણે પાન કર્યું છે, એમને શાસ્ત્રોનાં અધ્યયનની કોઈ જરૂર રહેતી નથી. કેમ કે જેની સાથે પ્રેમ દ્વારા ઐક્ય સાધ્યું છે, એ જ તો છે સકલ જ્ઞાન, એ જ તો છે સકલ બ્રહ્માંડ, અને એ જ તો છે સર્વમાં રહેલો આત્મા. એની સાથે પ્રેમ થતાં, એક બનતાં, આપોઆપ સઘળું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે. એને પછી અદ્વૈત વેદાંત ભણવાની જરૂર જ રહેતી નથી. એ પોતે અદ્વૈતના અનુભવમાં જ જીવવા લાગે છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ કોઈ તત્ત્વ-જ્ઞાન ભણ્યાં ન હતાં અને છતાં સઘળું તત્ત્વજ્ઞાન તેમને સહજ બની ગયું હતું, કેમ કે ઉત્કટ પ્રેમભક્તિ દ્વારા તેમણે તત્ત્વનાય તત્ત્વ એવા પ્રભુને પોતાના કરી લીધા હતા. જેમના અંતરમાં પરમ પ્રભુ સાક્ષાત્ બિરાજતા હોય, એમને અંતરમાં અને બહાર સૃષ્ટિમાં સઘળે પ્રભુ જ બિરાજતા દેખાય! ચૈતન્ય મહાપ્રભુ તો સમુદ્રના નીલ રંગને જોતાં - તેમને તેમાં શ્રીકૃષ્ણ દેખાયા ને તેઓ સમુદ્રમાં કૂદી પડ્યા. ભક્તિની આવી તીવ્ર પરાકાષ્ટાને પરિણામે જ ભગવાન જગન્નાથે એમને પોતાની અંદર સમાવી લીધા.

શ્રીઅરવિંદે ભક્તિયોગની સાધનાના ત્રણ તબક્કા વર્ણવ્યા છે. તેમાં પ્રથમ આવે છે શ્રવણ - પ્રભુનું નામ અને ગુણોનું શ્રવણ કરવું, સંકીર્તન કરવું, બીજું આવે છે મનન. તેમાં પ્રભુના સ્વરૂપ વિષે સતત વિચાર કરવો. અને પ્રભુમાં જ રમમાણ રહેવું. ત્રીજું છે નિદિધ્યાસન. એમાં મનને પ્રભુમાં સ્થિર કરવાનું છે. મનમાં પ્રભુ સિવાય કંઈ જ ન રહે એ સ્થિતિએ પહોંચવાનું છે. આ રીતે પ્રભુનું ગુણગાન ગાતાં ગાતાં, તેમનું ચિંતન કરતાં કરતાં તેમનામાં એવી તન્મયતા આવી જાય છે કે પછી સમગ્ર સ્વરૂપ પ્રભુ સાથે જોડાઈ જાય છે, અને એ જ છે ભક્તિની

પરાકાષ્ટા કે જે સ્થિતિમાં ભક્ત અને ભગવાન એક બની જાય છે.

પોતાના ઇષ્ટની હાજરીનો સતત અનુભવ જ ભક્તને નિમ્ન પ્રકૃતિમાંથી મુક્ત કરે છે. તેનું હૃદય પ્રભુના પ્રકાશમાં ખુલ્લું થતાં, પ્રભુનાં ગહન રહસ્યોનું જ્ઞાન એ હૃદયમાં જાગૃત થાય છે. પ્રભુનો દિવ્ય સ્પર્શ તેને ઊર્ધ્વ ચેતનામાં આરોહિત કરે છે, અને શાશ્વતનાં રહસ્યો તેની સમક્ષ પ્રગટ થવા લાગે છે. શ્રીઅરવિંદ કહે છે કે સંપૂર્ણ પ્રેમમાં જ સંપૂર્ણ જ્ઞાનની ચાવી રહેલી છે. એ જ રીતે નિષ્કામ સમર્પિત કર્મોની ચાવી પણ સંપૂર્ણ પ્રેમમાં જ રહેલી છે. ભક્તના હૃદયમાં પોતાના પ્રભુ પ્રત્યે જે ઉત્કટ પ્રેમ રહેલો છે એ પ્રેમ જ તેને પ્રભુ માટે કાર્યો કરવાની પ્રેરણા અને શક્તિ આપે છે. તેનાં કાર્યો પછી અંગત રહેતાં જ નથી. તેનું બધું જ પોતાના ઇષ્ટ માટે જ થતું હોય છે. પ્રભુ સાથે તાદાત્મ્યની અનુભૂતિ પછી તો એનાં કર્મો સમગ્ર પ્રાણીમાત્રમાં રહેલાં પ્રભુ માટે જ થવા લાગે છે. પ્રભુ સાથેની એકતામાંથી જે કર્મો થાય છે, તે કર્મો પોતે જ પ્રેમ અને આનંદરૂપ બની જાય છે. આવાં કર્મો પછી બંધનરૂપ રહેતાં નથી. ઊલટું પ્રભુ માટે કર્મો કરવાનો આનંદ વધતો જ જાય છે. આમ, પ્રેમ એ કર્મ અને જ્ઞાન બંનેનો મુકુટ છે.

આ ભક્તિનો માર્ગ એ સમર્પણનો માર્ગ છે. પ્રેમનો માર્ગ છે. આ માર્ગ ખૂબ સરળ છે ને સીધો લક્ષ્ય પ્રત્યે લઈ જનારો છે. વળી, પ્રભુને મેળવવા ઇચ્છતા કોઈ પણ મનુષ્ય માટે આ માર્ગ હંમેશાં ખુલ્લો છે. આ માર્ગમાં પ્રવેશવા માટે કોઈ વિશેષ પાત્રતાની જરૂર જ નથી. ફક્ત જરૂર છે જે ભાવે આવડે તે ભાવે પ્રભુને પોકારવાની. સાચા દિલથી પ્રભુને પોકારવાની. શરૂઆતમાં કદાચ તાત્કાલિક પરિણામ ન આવે તોપણ ઉત્કટ પ્રેમભાવે પ્રભુને પોકારવાનું ચાલુ જ રાખતાં, પ્રેમાધીન પ્રભુ જરૂર પરદો હઠાવે છે અને પછી તો તેઓ જ બધું સંભાળી લે છે.

* * * * *

## ૩૯. મુક્તિ

મુક્તિ એટલે બંધનનો અભાવ. પ્રભુના તેજોમય અંશ એવા મુક્ત આત્માએ દેહ ધારણ કર્યો ને પ્રકૃતિનાં સઘળાં બંધનોને સ્વેચ્છાએ સ્વીકાર્યાં, તેથી તે અનેક પ્રકારનાં બંધનોથી બંધાઈ ગયો. અજર, અમર એવો આત્મા જન્મ અને મરણના ચક્રાવામાં અટવાઈ ગયો. પ્રકૃતિના સઘળા ગુણધર્મોને ધારણ કરતાં, તે દુઃખો, પીડાઓ ને દ્વન્દ્વો અનુભવવા લાગ્યો. આમ, સદા મુક્ત એવો આત્મા મુક્ત ન રહ્યો. પણ જ્યારે તે પોતાના સ્વરૂપને પ્રકૃતિથી અલગ કરે ત્યારે તેનો મોક્ષ થાય છે અને સામાન્ય પરિભાષામાં આપણે મુક્તિનો આ અર્થ કરીએ છીએ.

આપણાં ધર્મશાસ્ત્રોમાં માનવના ચાર પુરુષાર્થ બતાવવામાં આવેલા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મનું પાલન કરવું, અર્થોપાર્જન કરવું, કામની તૃપ્તિ દ્વારા પ્રજાતંતુને આગળ વધારવો અને અંતે પ્રકૃતિથી અલગ થઈ મોક્ષની પ્રાપ્તિ કરી જન્મમરણના ફેરામાંથી મુક્ત થઈ જવું - આ છે શાસ્ત્રે બતાવેલાં મનુષ્યનાં કાર્યો. એમાં જીવનના અંતે મોક્ષ પ્રાપ્ત કરવાંની વાત છે. પરંતુ શ્રી અરવિંદનું દર્શન જીવનમાં રહીને જ મુક્તિ મેળવવા અંગેનું છે. અને એ મુક્તિ એટલે પ્રકૃતિની ગુલામીમાંથી મુક્તિ. બંધનમાં રહેલો આત્મા પ્રકૃતિને વશ થઈને કાર્ય કરે છે, જ્યારે મુક્ત આત્મા પ્રકૃતિને પોતાને વશ રાખે છે અને પોતાના દિવ્ય ગુણોનો પ્રકૃતિ પર પ્રભાવ પાડે છે ને તે પ્રકૃતિ પાસે કામ કરાવે છે. આ સ્થિતિ જીવનમાં રહીને જ મનુષ્યે પ્રાપ્ત કરવાની છે અને એ સાચી મુક્તિની સ્થિતિ છે.

આપણા સ્વરૂપના બે ભાગ છે : એક છે આપણો આત્મા અને બીજો છે આપણી પ્રકૃતિ. અત્યારે મનુષ્ય ચેતનાની જે સ્થિતિમાં છે,

તેમાં તેનાં સઘળાં કાર્યો પ્રકૃતિ દ્વારા થાય છે. આત્મા પ્રકૃતિનાં કાર્યોને અનુમતિ આપે છે પણ તેમાં બને છે એવું કે પ્રકૃતિનાં સઘળાં કાર્યોને અનુમતિ આપતો રહેતો આત્મા પ્રકૃતિના નિમ્ન અનુભવોમાં ડૂબી જાય છે અને તેનું દિવ્ય તેજોમય સ્વરૂપ ઢંકાઈ જાય છે ને પ્રકૃતિ જ સર્વેસર્વા બની રહે છે. પ્રકૃતિ ત્રણ ગુણોને વશ રહીને કાર્ય કરે છે. સત્ત્વ, રજસ અને તમસ. આ ત્રણ ગુણોને આધીન રહેલી પ્રકૃતિ માનવને કાર્યમાં પ્રયોજે છે અને આત્મા પોતાનું મૂળ સ્વરૂપ ભૂલીને આ કાર્યોનો અનુભવ લેતો રહે છે. આથી જ એને સુખ - દુઃખ, રાગ - દ્વેષ, મોહ - માયા વગેરેનો અનુભવ થાય છે. આ સઘળા નિમ્ન અનુભવોમાંથી મુક્ત થવાના બે માર્ગો છે.

એક માર્ગ છે ત્યાગનો અને બીજો માર્ગ છે સ્વીકારનો. ત્યાગના માર્ગમાં પ્રકૃતિને જડ ને અપરિવર્તનશીલ માની લેવામાં આવી છે. તે મુજબ પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. પ્રકૃતિમાં કદી ફેરફાર થઈ શકતો નથી. આથી આ માર્ગ એમ બતાવે છે કે પ્રકૃતિથી આપણે આપણી જાતને અલગ કરી દેવાની. જે કંઈ થાય છે, તે પ્રકૃતિમાં બન્યા કરે છે, પણ આત્માને કંઈ જ સ્પર્શતું નથી એમ માનીને આત્મસ્વરૂપમાં લીન થઈ જવું એ મુક્તિ છે. જડ પ્રકૃતિને ત્યજીને નિરપેક્ષ બ્રહ્મમાં વિલીન થઈ જવું. અહીં મુક્તિ એટલે નિર્વાણ પામી જવું. આપણાં મોટા ભાગનાં શાસ્ત્રોમાં મુક્તિનો આ જ માર્ગ બતાવવામાં આવેલો છે.

પરંતુ શ્રીઅરવિંદ આ માર્ગને મુક્તિ માટેની નકારાત્મક ક્રિયા કહે છે. કારણ કે એમાં પ્રકૃતિનો ત્યાગ કરવામાં આવે છે. તેમાં કોઈ પણ જાતનું પરિવર્તન પામ્યા વગર પ્રકૃતિ એવી ને એવી જ રહે છે. આ સાચી ક્રિયા નથી. સાચી ક્રિયા વિધેયાત્મક છે. એ ક્રિયામાં પ્રકૃતિનો ત્યાગ નથી પણ સ્વીકાર છે. પ્રકૃતિ જેવી છે તેવી તેને સ્વીકારીને પછી તેનું

દિવ્યતામાં રૂપાંતર કરવાની વાત છે. અને આ શ્રીઅરવિંદે આપેલો મુક્તિનો વિધેયાત્મક માર્ગ છે. તેમાં માનવે પોતાના ચૈત્યપુરુષની પ્રાપ્તિ કરી, એ ચૈત્યચેતના દ્વારા પ્રભુનો પૂર્ણ પ્રકાશ ઉતારીને તેનાથી અત્યારની નિમ્ન પ્રકૃતિનું દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર કરવાનું છે. એટલે કે પ્રકૃતિને બદલવાની છે. અત્યારે પ્રકૃતિ ત્રિગુણોથી પ્રેરાઈને કાર્ય કરે છે. પછી પ્રકૃતિ આત્માના ગુણોથી પ્રેરાઈને કામ કરશે. આત્મા પોતાના મૂળ સ્વરૂપ પરમાત્મા સાથે એકરૂપ બનતાં - પરમાત્માના દિવ્ય ગુણો પ્રેમ, જ્ઞાન, શક્તિ, આનંદ દ્વારા પ્રકૃતિ કાર્ય કરવા લાગશે, ત્યારે જ સાચા અર્થમાં પ્રકૃતિની - આત્માની અને જીવનની મુક્તિ સિદ્ધ થશે.

* * * * *

ચિંતા, દુઃખ, કપટ અને પરેશાની પરિસ્થિતિ સામે લડવાથી દૂર નહિ થાય. તે દૂર થશે માનસિક નબળાઈઓ દૂર કરવાથી, જેને કારણે તે પેદાં થયાં છે.

**- સ્વામી રામતીર્થ**

## ૪૦. ત્રિગુણ

માનવીની પ્રકૃતિ ત્રણ ગુણોથી સંચાલિત થાય છે. આ ત્રણ ગુણો છે : સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ. પ્રકૃતિ અવિનાશી ને મુક્ત આત્માને આ ત્રણ ગુણોથી દેહમાં બાંધે છે. ભગવદ્‌ગીતાના ચૌદમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે મનુષ્યને સુખ, દુઃખ, કર્મ ને અજ્ઞાનમાં જકડી રાખનાર આ ત્રણેય ગુણોનું સ્વરૂપ વર્ણવેલું છે. પ્રત્યેક મનુષ્યમાં ઓછાવત્તા પ્રમાણમાં આ ત્રણેય ગુણો રહેલા છે.

તમોગુણનાં લક્ષણો છે જડતા, અજ્ઞાન અને પ્રમાદ. તમોગુણ માનવની અંદર રહેલાં જ્ઞાન અને પ્રકાશને ઢાંકી દે છે. પ્રમાદ, એશ-આરામ, આળસ, નિદ્રા, બેદરકારી, નિર્બળતા - માનવીની અંદર રહેલી આ બધી વૃત્તિઓ તમોગુણને આભારી છે. જ્યારે મનુષ્યમાં તમોગુણનું પ્રમાણ વધે ત્યારે તે રજોગુણની કાર્યશક્તિ, પ્રવૃત્તિ અને ગતિને તેમ જ સત્ત્વના જ્ઞાનને ઢાંકી દે છે અને મનુષ્યને જડતા, નિષ્ક્રિયતા અને અંધકારમાં ઘસડી જાય છે. તમોગુણ અજ્ઞાનમાંથી જન્મે છે અને તે આત્માને આળસ અને નિદ્રાથી બાંધે છે.

રજોગુણનાં લક્ષણો છે કામના, આવેગ અને પ્રવૃત્તિ. માનવની અંદર કામ કરવાની જે પ્રબળ ઝંખના રહેલી છે તે રજોગુણમાંથી આવે છે. પરંતુ રજોગુણ કાર્યશક્તિની સાથે સાથે આવેગ, અશાંતિ, કામ અને લોભથી વ્યાપ્ત છે. આથી શોક, દુઃખ અને સર્વ પ્રકારના ક્લેશનું ઉદ્‌ભવસ્થાન પણ એ જ છે. રજોગુણથી પદાર્થની પ્રાપ્તિ જરૂર થાય છે, પણ એ પ્રાપ્તિનો આનંદ સ્થાયી રહેતો નથી, કેમ કે એ ક્રિયામાં જ્ઞાન હોતું નથી. ફક્ત આવેગ જ હોય છે. આથી રજોગુણ મનુષ્યને સાચો આનંદ આપી શકતો નથી. મનુષ્યના જીવનમાં જે અજ્ઞાનમય,

આવેગમય, કામનામય પ્રવૃત્તિઓ હોય છે, તે સઘળી રજોગુણને આભારી છે. રજોગુણ કામના અને આવેગમાંથી જન્મે છે અને તે કર્મ અને ફળના સહયોગથી આત્માને બાંધે છે.

સત્ત્વગુણનાં લક્ષણો છે જ્ઞાન, પ્રકાશ, સંવાદમય આરામ, સુખ, શાંતિ ને આનંદ. મનુષ્યમાં સુખ, શાંતિ ને આનંદની જે ભાવના રહેલી છે, તે સત્ત્વગુણમાંથી આવે છે. જ્યારે માનવમાં સત્ત્વગુણ પ્રબળ બને છે ત્યારે માણસ પ્રશાંત, ધીર, ગંભીર, સ્થિર અને ઊંડી સમજવાળો બની જાય છે. સત્ત્વગુણને પરિણામે બુદ્ધિ શીઘ્રગામી ને પ્રકાશમય બને છે. સમગ્ર ચિત્તતંત્ર સંતુષ્ટ અને જ્યોતિર્મય બને છે. નાડીતંત્ર શાંત અને આરામમય બને છે. આવો સાત્ત્વિક મનુષ્ય સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરે છે. પરંતુ એમ છતાંય ગીતામાં કહ્યું છે તેમ સત્ત્વગુણ પણ બંધનકર્તા બને છે. તે સુખ અને જ્ઞાનના સહયોગથી આત્માને શરીર સાથે બાંધે છે. સત્ત્વગુણ પણ પ્રકૃતિનો જ એક ગુણ છે અને પ્રકૃતિ પોતે મર્યાદિત છે. આથી આ ગુણ ગમે તેટલો ઉત્તમ હોવા છતાં મનુષ્યને સર્વોચ્ચ આનંદની સ્થિતિમાં પહોંચાડી શકતો નથી. સત્ત્વગુણથી ઉપર પણ ઊર્ધ્વમાં અનંત આધ્યાત્મિક જ્ઞાન અને મુક્ત સહજ આનંદ રહેલાં છે. પણ આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મનુષ્યે પ્રકૃતિના આ ત્રણે ગુણોથી પર થવું જોઈએ.

આત્માને દેહમાં જકડી રાખતી, બંધનગ્રસ્ત બનાવતી પ્રકૃતિના આ ત્રણ ગુણોની સાંકળમાંથી જે મુક્ત બની જાય છે તે મુક્તાત્મા છે. મુક્તાત્મા બન્યા પછી પણ એ સઘળાં કાર્યો પૂર્વવત્ જ કરતો રહે છે પણ પછી તે તેમાં બંધાતો નથી. સત્ત્વનું સુખ, રજસનો ક્રિયાવેગ કે તમસનો મોહ આવે તો તેને તે નથી આવકારતો કે નથી ધિક્કારતો કે નથી તેની આકાંક્ષા કરતો. ગુણોથી પર રહેલી પરમાત્માની દિવ્ય પ્રકૃતિ સાથે

તાદાત્મ્ય પ્રાપ્ત કરીને તે ગુણોની આ ક્રિયાને સાક્ષીભાવે નિહાળતો રહે છે. તે એમાં લોપાતો નથી. કેમ કે તે જાણે છે કે ગુણો ગુણોમાં પ્રવર્તે છે. પછી તેના માટે બધું સમાન બની જાય છે. તેની કર્તાપણાની ભાવના પણ છૂટી જાય છે, અને તે ગુણાતીત બની પરમાત્માનું કરણ બની રહે છે.

પણ પ્રશ્ન એ છે કે ગુણોની સાંકળમાંથી મુક્ત થવું કઈ રીતે? એ માટે પણ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં અત્યંત સહેલો ઉપાય બતાવ્યો જ છે. તેઓ કહે છે, "જે મનુષ્ય અવિરત ભક્તિયોગથી મારી ઉપાસના કરે છે, તે આ ત્રણે ગુણોથી પર થઈને બ્રહ્મભાવને પામવા યોગ્ય બને છે."

* * * * *

એક માત્ર ધર્મ જ માનવબંધુ છે. જે મર્યા પછી પણ માણસની સાથે જાય છે. બાકી બધી વસ્તુ શરીર સાથે જ મરી જાય છે.

– મનુ

## ૪૧. સત્ય

અખિલ બ્રહ્માંડનું એકમેવ સત્ય કેવળ ભગવાન છે. જે આ સૃષ્ટિમાં વ્યાપેલા છે એ પરમ પ્રભુ સાથે તાદાત્મ્ય અનુભવવું અને પોતાની અંદર રહેલી ભાગવત્ ચેતનામાં જ જીવવું એ મનુષ્યજીવનનું સત્ય છે. પરંતુ એવું કહેવામાં આવે છે કે બ્રહ્મ સત્ય છે, અને જગત મિથ્યા છે. આ ભૌતિક જડ જગત એ માત્ર આભાસ છે, ભ્રાન્તિ છે. પરંતુ શ્રીઅરવિંદનું દર્શન આ ભૌતિક સ્થૂલ જગતને આભાસ કે મિથ્યા ગણતું નથી. તેઓ બ્રહ્મને પણ સત્ય કહે છે અને જગતને પણ સત્ય કહે છે. કેમ કે જગત એ તો ભગવાનની દિવ્ય શક્તિનો સ્થૂલ ચેતનામાં આવિર્ભાવ છે. જગત જો મિથ્યા જ હોય તો પરમાત્માએ એનું સર્જન શા માટે કર્યું ? જગતના સર્જનની પાછળ પરમાત્માનો હેતુ રહેલો છે. જગતમાં અગણિત સ્વરૂપો દ્વારા તેઓ લીલા કરી રહ્યા છે અને આ લીલા બહુમાંથી હવે મૂળ સ્વરૂપે પાછા પહોંચવાની છે. આ જગત એ પરમાત્માની આ લીલાનું ક્રીડાંગણ છે. પરમાત્માને પામવા માટે આ ક્રીડાંગણને છોડી દેવાની જરૂર નથી.

બ્રહ્મ સત્યમ્‌ની અનુભૂતિ કરવા માટે જગતને છોડીને, સંસારનો ત્યાગ કરીને ચાલ્યા જવાની જરૂર નથી. માણસ ગમે તે સ્થળે, ગમે તે સ્થિતિમાં સત્યની અનુભૂતિ કરી શકે છે. સત્ય એ બહારની વસ્તુ નથી કે જેને પ્રાપ્ત કરી શકાય કે શીખવી શકાય. એ તો માણસની અંદર રહેલું છે જ અને તેના હૃદયમાં આપોઆપ પ્રગટ થાય છે. જે ક્ષણે માણસ પોતાની અંદર રહેલા પરમાત્માના અંશ પ્રત્યે જાગૃત થાય છે તે જ ક્ષણે તેના અંતરમાં સત્ય પ્રગટે છે. એક વખત અંતરમાં પ્રગટેલું સત્ય પછી ઉવેખી શકાતું નથી. સૌ પ્રથમ એ માનવના અંતરમાં દર્શન રૂપે પ્રગટે

છે અને પછી એના જીવનમાં ચરિતાર્થ થાય છે. સત્ય ચેતનામાં રહે તો મનુષ્ય સંસારમાં રહેવા છતાં પણ તે મુક્ત હોય છે.

સત્ય સનાતન છે. કાળ એને બદલી શકતો નથી. જે કાળપ્રવાહ સાથે બદલાતું રહે છે, એ પરમ સત્ય નથી, પણ સત્યનું એક આંશિક રૂપ હોય છે. પૂર્ણસત્ય કાલાતીત છે. સાર્વત્રિક છે, સનાતન છે, સર્વવ્યાપી છે, નિરપેક્ષ છે, તે સ્વયંભૂ છે, સ્વયં પ્રકાશ છે. સ્વયંસિદ્ધ છે. એ સર્વ દલીલો, વાદો ને મતમતાંતરોથી પર છે. જગત એનો સ્વીકાર કરે કે ન કરે એની પણ એને અપેક્ષા નથી. નિંદા - સ્તુતિથી એ પર છે. એ કશાની ય અપેક્ષા વગર આ જગતમાં પોતાનો આવિર્ભાવ અવિરત કર્યે જાય છે.

આ સત્યનું દર્શન કેવી રીતે કરી શકાય? અને એ મય બનીને જીવન કેવી રીતે જીવી શકાય? આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રીમાતાજીએ જણાવ્યું હતું કે સત્યનું દર્શન કરવા માટે માણસે પોતાના ચૈત્યકેન્દ્રમાં રહેલી પ્રભુની હાજરી પ્રત્યે ખુલ્લા થવાનું હોય છે. ત્યાં પ્રત્યેક ક્ષણે કઈ વસ્તુ કરવાની છે તેની ખબર પડે છે. એટલું જ નહીં, પણ તે કઈ રીતે કરવાની છે, શા માટે કરવાની છે, તેની પણ જાણ થાય છે. અને વસ્તુઓના બાહ્ય દેખાવની પાછળ રહેલા સત્યનું દર્શન થાય છે. પરંતુ માનવીનું મન સીમિત છે. તેથી તે સત્યનું પૂર્ણદર્શન કરી શકતું નથી. એ તો સત્યનો એક નાનકડો ખૂણો જ પકડી શકે છે. આથી મનની ભૂમિકા પર સત્ય આંશિક બની જાય છે. મનથી ઉપર રહેલી ચેતનાની જે જ્ઞાનપૂર્ણ અવસ્થા છે, ત્યાં રહીને જ મનુષ્ય સત્યનું પૂર્ણદર્શન કરી શકે છે. ચેતનાની એ ભૂમિકામાં મનુષ્ય બધા જ ધર્મોને, સઘળા સિદ્ધાંતોને એકસાથે જોઈ શકે. એ સ્થિતિમાં બધી જ વસ્તુઓ અદ્‌ભુત રીતે સાચી લાગે છે. બધું જ સુમેળભર્યું, સંવાદમય અને સુંદર લાગે છે.

ત્યાં કોઈ વસ્તુ ખરાબ નથી લાગતી, કોઈ વસ્તુ અસત્ય નથી લાગતી, કોઈ વિરોધાભાસ પણ નથી ઊઠતો. ત્યાં સમગ્રતા હોય છે, અને એ સમગ્રતામાં મનુષ્ય સત્યનું પૂર્ણદર્શન કરે છે. સત્યના આવા પૂર્ણદર્શન પછી મનુષ્ય સત્યચેતનામાં જીવન જીવતો બની જાય છે. પછી આવા મનુષ્યને કોઈ અંગત પસંદગી રહેતી નથી. કોઈ પક્ષપાત રહેતો નથી. કોઈ આગવા વિચાર કે સિદ્ધાંત પ્રત્યેની આસક્તિ રહેતી નથી. અરે, સત્યને જાણવાનો પ્રયત્ન કરવાનું પણ નથી રહેતું. કેમ કે એ મનુષ્ય સત્યચેતનામાં જ જીવતો હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટેનો ઉપાય બતાવતાં શ્રીમાતાજી કહે છે, "તમે બસ, તમારી અંદરના પ્રકાશમાં ખુલ્લા થઈ જાઓ. એથી તમારા જીવનનું સત્ય તમારી અંદર આપોઆપ પ્રગટ થશે."

* * * * *

સત્ય યશનું મૂળ છે. સત્ય વિશ્વાસનું મુખ્ય કારણ છે. સત્ય સ્વર્ગનો સાર છે. સત્ય જ સિદ્ધિનું સોપાન છે.

- ધર્મસંગ્રહ

હે પરમાત્મા,

મને તારી શાંતિનું વાહન બનાવ.

જ્યાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું
જ્યાં ઘાવ થયો છે ત્યાં ક્ષમા
જ્યાં શંકા છે ત્યાં શ્રદ્ધા
જ્યાં હતાશા છે ત્યાં આશા
જ્યાં અંધકાર છે ત્યાં પ્રકાશ
જ્યાં શોક છે ત્યાં આનંદ.

હે દિવ્ય સ્વામી, એવું કરો કે,
હું આશ્વાસન મેળવવા નહિ આપવા ચાહું
મને બધાં સમજે એ કરતાં હું બધાંને સમજવા ચાહું
મને કોઈ પ્રેમ આપે એ કરતાં હું કોઇને પ્રેમ
આપવા ચાહું.

કારણ કે,
આપવામાં જ આપણને મળે છે,
ક્ષમા કરવામાં જ આપણે ક્ષમા પામીએ છીએ
મૃત્યુ પામવામાં જ આપણે શાશ્વત જીવનમાં
જન્મીએ છીએ.

સંત ફ્રાન્સિસ